Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી દયાકંરપા અને દોખાવા

ભાગ ચોથો

રણછોડજી દેસાઈ
જયંતીલાલ મહેતા



...કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ
... સુરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या.....

पञ्जिका संख्या.....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પત્ર નં. (૨૫)/-૨૩૦૧ તા ૧૫-૨-૫૧ થી

પાઠ્ય પુસ્તક તરીકે મંજૂર

મુંબઈ સરકારે મંજૂર કરેલા ૧૯૫૦ ના નવા અભ્યાસક્રમ મુજબ

ગુજરાતી વાંચન અને લેખન

ભાગ ૪

With Best Compliments
from the publishers

ધોરણ આઠમા માટે

સ્ટાક પ્રમાર્જીકરણ ૧૯૮૪-૧૯૮૫

• કર્તા •

રણછોડજી દયાળજી દેસાઈ, એમ. એ., બી. ટી.

જયંતીલાલ ઉત્તમરામ મહેતા, બી. એ., બી. ટી.

CHECKED 1973

Initial

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ

બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ

નાણાવટ, સુરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: પ્રકાશક :

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ

તરફથી નંદસુખલાલ બાલુભાઈ બુકસેલર

નાણાવટ : સુરત

[પાઠ્ય પુસ્તક તરીકે મંજૂર]

પાંચમી છાપ : ૧૯૫૪

卐

: મુદ્રક :

સુરેશચંદ્ર પોપટલાલ પરીખ

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસ

સલાપોસ રોડ : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

મુંબઈ સરકારે આઠમા ધોરણનો જે નવો અભ્યાસક્રમ યોજ્યો છે, તેને અનુલક્ષીને 'વ્યાકરણ અને લેખન' નામની અમારી ગ્રંથશ્રેણીનું આ ચોથું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આગળનાં પુસ્તકોની રચના સંબંધે જે સિદ્ધાંતો અમે સ્વીકાર્યા છે, તેને જ આ પુસ્તકની રચનામાં પણ અમે અનુસર્યા છીએ.

ક્રમિક પદ્ધતિએ અભ્યાસક્રમમાં સૂચવ્યા પ્રમાણે વિષયને વધારે વિસ્તૃત કરવા ઉપરાંત, આ ધોરણને માટે ખાસ ઉમેરવામાં આવેલા વિષયો, જેવા કે, શબ્દસિદ્ધિ, શુદ્ધ લેખન કે જોડણી, વગેરે વિષયની વિશેષ ચર્ચા કરી છે એટલું જ નહિ, પણ અલંકારો અને લેખન માટેનાં વાર્તા, નિબંધ, સારલેખન, વિચારવિસ્તાર તથા રૂઢ પ્રયોગો અને કહેવતો સંબંધી પ્રકરણો પણ આપ્યાં છે.

અમે આશા રાખીએ છીએ કે અમારી વ્યાકરણની ગ્રંથશ્રેણીનું આ ચોથું પુસ્તક અમારાં નીચલાં ધોરણોનાં પુસ્તકો જેવું જ ઉપયોગી થશે અને આવકાર પામશે.



લેખકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષયસૂચિ

પ્રકરણ	વિષય	પૃષ્ઠ
૧	સ્વર અને વ્યંજન–ઉચ્ચારણ	૧
૨	સંધિ	૮
૩	નામ : પ્રકાર	૧૫
૪	નામની જનતિ	૧૯
૫	નામનું વચન	૨૫
૬	નામની વિભક્તિ...	૩૦
૭	સર્વનામના પ્રકાર...	૩૯
૮	વિશેષણ–તેના પ્રકાર	૪૮
૯	ક્રિયાપદના કાળ	૫૬
૧૦	ક્રિયાપદના અર્થ	૬૧
૧૧	પ્રયોગ–કર્તરિ, કર્મણિ અને ભાવે	૬૬
૧૨	સમાસ	૭૦
૧૩	શબ્દસિદ્ધિ	૭૬
૧૪	જોડણીના નિયમો	૮૧
૧૫	શબ્દસમૂહ	૮૫
૧૬	વાક્યપૃથક્કરણ–સાદું વાક્ય	૯૧
૧૭	ઉપવાક્ય–તેના પ્રકાર	૧૦૨
૧૮	મિશ્ર વાક્ય	૧૦૭
૧૯	સંયુક્ત વાક્ય	૧૧૨
૨૦	અલંકાર	૧૧૬
૨૧	વાર્તા	૧૨૨
૨૨	નિબંધ	૧૨૭
૨૩	સારલેખન	૧૩૫
૨૪	વિચારવિસ્તાર	૧૪૧
૨૫	૩૬ પ્રયોગો અને કહેવતો	૧૪૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar



વ્યંજન	સ્વર	
→ ક્ ખ્ ગ્ ઘ્ ઙ્ હ્ વિસર્ગ	અ	આ
→ ચ્ છ્ જ્ ઝ્ ઞ્ ય્ શ્	ઇ	ઈ
→ ટ્ ઠ્ ડ્ ઢ્ ણ્ ર્ ષ્	ઋ	
→ ત્ થ્ દ્ ધ્ ન્ લ્ સ્	ઉ	ઊ
→ પ્ ફ્ બ્ ભ્ મ્		
→ ળ્		

એ, ઍ – કંઠ અને તાલુસ્થાન, વ્ – દંત અને ઓષ્ઠસ્થાન, ઓ, ઔ – કંઠ અને ઓષ્ઠસ્થાન, ઙ્, ઞ્, ણ્, ન્, મ્ – પોતપોતાનાં સ્થાન ઉપરાંત નાસિકામાંથી બોલાય છે. ળ્ જીભનું મૂળ અને મૂર્ધામાંથી બોલાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧

સ્વર અને વ્યંજન—ઉચ્ચારણ

આપણા મૂળાક્ષરોને સ્વર અને વ્યંજન એ બે વિભાગોમાં વહેંચી શકાય છે, તે તમે આગળ શીખ્યા છો. અહીં સ્વર તથા વ્યંજનોનાં ઉચ્ચારસ્થાન, સ્વરના લાંબા ટૂંકા ઉચ્ચાર, વ્યંજનોના ધ્વનિના પ્રકાર વગેરે વિશે તમે વધારે શીખશો. એ તમને સ્વર તથા વ્યંજનસંધિ શીખતી વખતે ઉપયોગમાં આવશે.

સ્વર	વ્યંજન
અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ, ઋ.	ક્, ખ્, ગ્, ઘ્, ઙ્
	ચ્, છ્, જ્, ઝ્, ઞ્
	ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્
	ત્, થ્, દ્, ધ્, ન્
	પ્, ફ્, બ્, ભ્, મ્
	ય્, ર્, લ્, વ્
	શ્, ષ્, સ્, હ્, ળ્

સ્વર

ઉપર જે સ્વરો બતાવ્યા છે તે સામેના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે આપણા મોંમાં આવેલાં ઉચ્ચારનાં જુદાં જુદાં સ્થાનોમાંથી બોલાય છે. તે ઉચ્ચારણસ્થાન નીચે આપ્યાં છે.

અ, આ—કંઠસ્થાન (ગળું)
ઇ, ઈ—તાલુસ્થાન (તાળવું)
ઉ, ઊ—ઓષ્ઠસ્થાન (બે ઓઠ)
એ, ઐ—કંઠ તથા તાલુસ્થાન
ઓ, ઔ—કંઠ તથા ઓષ્ઠસ્થાન
ઋ—મૂર્ધસ્થાન (દાંત અને તાળવું એ બેની વચ્ચેનું સ્થાન)

સ્વર એટલે શું ?

ઉપર જણાવેલા બધા અક્ષરોનો ઉચ્ચાર સ્વતંત્રપણે જુદાં જુદાં ઉચ્ચારસ્થાનોમાંથી થાય છે. સ્વર એટલે ધ્વનિ. જે અક્ષરનો ઉચ્ચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા કોઈ પણ અક્ષરના ઉચ્ચારની મદદ વિના સ્વતંત્રપણે થઈ શકે તે અક્ષર **સ્વર** કહેવાય છે.

સ્વરોના પ્રકાર

મૂળ સ્વરો

અ, ઇ, ઉ, ઋ એ મૂળ સ્વરો છે.

એમાંના કેટલાકને બેવડાવીને અને કેટલાકને એકબીજા સાથે જોડીને બીજા સ્વરો **સાધિત** કરવામાં આવે છે. જેમકે,

સાધિત સ્વરો

અ + અ = આ ઇ + ઇ = ઈ ઉ + ઉ = ઊ	બેવડાયેલા
અ + ઇ કે ઈ = એ અ + એ = ઐ અ + ઉ કે ઊ = ઓ અ + ઓ = ઔ	સંયુક્ત

વિજાતીય સ્વરોના પરસ્પર જોડાવાથી જે સાધિત સ્વરો બન્યા છે, તે સ્વરો **સંયુક્ત** સ્વર કહેવાય છે.

એ, ઐ, ઓ, ઔ **સંયુક્ત** સ્વરો છે.

સ્વરોનો જાતિભેદ

એક સ્થાનમાંથી જે સ્વરો બોલાય તે પરસ્પર **સજાતીય** કહેવાય છે. દા. ત. **અ** અને **આ** એ બંને કંઠસ્થાનમાંથી બોલાય છે માટે તે પરસ્પર સજાતીય છે. એ જ રીતે ઇ, ઈનો અને ઉ, ઊનો સજાતીય સ્વર છે.

જે સ્વરો જુદા જુદા સ્થાનમાંથી બોલાય છે તે પરસ્પર **વિજાતીય** કહેવાય છે. દા. ત. **અ** કંઠસ્થાનમાંથી બોલાય છે, અને ઈ તાલુસ્થાનમાંથી બોલાય છે. આથી એ બંને વિજાતીય સ્વરો છે. એ જ રીતે ઇ અને ઉ એ વિજાતીય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચ્ચારણકાળના માપ પ્રમાણે સ્વરોનું વર્ગીકરણ

જુદા જુદા સ્વરોનો ઉચ્ચાર કરતાં જુદો જુદો સમય લાગે છે. આપણે ઉપર જોઈ ગયા છીએ કે કેટલાક સાધિત સ્વરો બેવડાઈને થયા છે, ને કેટલાક સાધિત સ્વરો એકબીજા સાથે જોડાઈને સંયુક્ત સ્વરો રૂપે બન્યા છે.

જે મૂળ સ્વરો છે, તેના કરતાં આ સાધિત સ્વરોના ઉચ્ચારનો કાળ લાંબો હોય છે. આ પ્રમાણે ઉચ્ચારણકાળની માત્રા કે માપ પ્રમાણે પણ સ્વરોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

જે સ્વરનો ઉચ્ચાર ટૂંકો હોય તે **હ્રસ્વ સ્વર** કહેવાય છે. જેમકે, મૂળ સ્વરો–અ, ઇ, ઉ, ઋ–એની એક માત્રા ગણાય છે.

એ હ્રસ્વ સ્વરના ઉચ્ચારણ કરતાં જે સ્વરનો ઉચ્ચાર બમણો લાંબો હોય છે તે **દીર્ઘ સ્વર** કહેવાય છે. આવા સ્વરની બે માત્રા ગણાય છે.

સાધિત થયેલા બધા સ્વરો જેવા કે **આ** (અ + અ), **ઈ** (ઇ + ઇ), **ઊ** (ઉ + ઉ), **એ** (અ + ઇ) વગેરેનો ઉચ્ચારણકાળ હ્રસ્વ સ્વરના ઉચ્ચારણકાળથી બમણો હોય છે.

સામાન્ય રીતે હ્રસ્વ સ્વરનો એક માત્રા જેટલો ટૂંકો ઉચ્ચાર હોય છે, અને દીર્ઘ સ્વરનો બે માત્રા જેટલો લાંબો ઉચ્ચાર હોય છે; તોપણ કેટલીક વાર એ જ સ્વરોને આપણે કારણસર વધારે લંબાવીએ છીએ ત્યારે તેની માત્રામાં કે ઉચ્ચારની લંબાઈમાં વધારો થાય છે. જેમકે, કોઈને દૂરથી બોલાવતા હોઈએ, ત્યારે **અરે, શાન્તિ ઈ ઈ** એમ છેલ્લા સ્વરને લંબાવીએ છીએ.

આ રીતે જે સ્વરનો ઉચ્ચાર દીર્ઘ સ્વરથી પણ વધારે લાંબો થતો હોય તે સ્વરને **પ્લુત સ્વર** કહે છે.

કુદરતમાંથી સંસ્કૃત વ્યાકરણકારોના મત પ્રમાણે કોઈ માપ લેવામાં આવે, તો કૂકડાના કુક્ કુઉક્ કુઊક્ એ અવાજમાંના કુક્ ઉચ્ચારની માત્રા તે હ્રસ્વ સ્વરની માત્રા છે, કુઉક્ ઉચ્ચારની માત્રા તે દીર્ઘ સ્વરની માત્રા છે, અને કુઊક્ ઉચ્ચારની માત્રા એ પ્લુત સ્વરની માત્રા છે. કુઊક્ બોલતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલો સમય લાગે તેટલો સમય પ્લુત સ્વરને ઉચ્ચારતાં લાગે છે. કવિતામાં હ્રસ્વ સ્વરની એક માત્રા, દીર્ઘ સ્વરની બે માત્રા અને પ્લુત સ્વરની ત્રણ માત્રા ગણાય છે.

સ્વરનું કોષ્ટક

સ્વર		ઉચ્ચારસ્થાન
હ્રસ્વ	દીર્ઘ	
અ	આ	કંઠસ્થાન
ઇ	ઈ	તાલુસ્થાન
ઋ		મૂર્ધસ્થાન
ઉ	ઊ	ઓષ્ઠસ્થાન
	એ, ઐ	કંઠ અને તાલુસ્થાન
	ઓ, ઔ	કંઠ અને ઓષ્ઠસ્થાન

નોંધ : ગુજરાતી વ્યાકરણનું મૂળ સંસ્કૃત વ્યાકરણમાં છે. વૈયાકરણોના કુલગુરુ સૂત્રકાર પાણિનિ, "કૌમુદી" કાર ભટ્ટોજી દીક્ષિત, તથા "મહાભાષ્ય" –કાર પતંજલિ એમણે વર્ણ, તેમનાં સ્થાન તથા સ્વરૂપ વિશે ગૂઢ ચિંતન કર્યું છે. ઉપર જણાવેલી ફૂકડાની વાત કોઈ પણ સંસ્કૃત શાસ્ત્રી લઘુ કે સિદ્ધાંત કૌમુદી ભણાવતાં કહે છે.

અનુસ્વાર

અનુસ્વારનો ઉચ્ચાર કોઈ પણ સ્વર પછી નાકમાંથી થાય છે. (અનુ એટલે પછી અને સ્વાર એટલે સ્વરને લગતો, અનુસ્વાર એટલે સ્વર પછી બોલાતો ઉચ્ચાર.)

અક્ષરના માથા ઉપર (ં) કોંસમાં બતાવેલા બિંદુ કે મીંડા રૂપે એ લખાય છે. અનુસ્વાર દર્શાવતા શબ્દો : સંયમ, સંસ્કાર, સંવેદન, ઊંધ, ખીંટી.

વિસર્ગ

કંઠસ્થાનમાંથી પ્રયત્નપૂર્વક એટલે જોરથી શ્વાસ કાઢી દેવામાં આવે ત્યારે આહ્ એવો ઉચ્ચાર થાય છે. એ ઉચ્ચાર સ્વર પછી કોંસમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવેલાં (:) ચિહ્ન રૂપે લખાય છે. જેમકે, નિઃશેષ. નિ પછી વિસર્ગનું ચિહ્ન છે, અને એ શબ્દનો ઉચ્ચાર નિઃશેષ જેવો દેખાય છે.

વ્યંજન એટલે શું ?

ઉપર જોઈ ગયા કે સ્વરનો ઉચ્ચાર સ્વતંત્ર રીતે થાય છે; પણ છૂટા કે સ્વતંત્ર વ્યંજનનો ઉચ્ચાર સ્વરની મદદ વિના થઈ શકતો નથી. વ્યંજનમાં સ્વર ભળે ત્યારે જ તેનો સ્પષ્ટ ઉચ્ચાર થઈ શકે છે. જેમકે, ક્ + અ = ક. વ્યંજન (વિ + અંજન) એટલે એવો અક્ષર કે, જેનો ઉચ્ચાર વિશેષ અંજન કે મેળવણી વગર થતો નથી તે. વ્યંજનના ઉચ્ચારણમાં સ્વરની મેળવણી કરવી પડે છે તેથી તેને વ્યંજન કહે છે.

જે અક્ષરનો ઉચ્ચાર સ્વરની વિશેષ મેળવણીથી થાય તે અક્ષર **વ્યંજન** કહેવાય છે. વ્યંજનો ૩૪ છે.

વ્યંજનોનાં ઉચ્ચારસ્થાન

વ્યંજન						ઉચ્ચારસ્થાન
(૧) ક વર્ગ—	ક્,	ખ્,	ગ્,	ઘ્,	ઙ્	— કંઠસ્થાન
(૨) ચ વર્ગ—	ચ્,	છ્,	જ્,	ઝ્,	ઞ્	— તાલુસ્થાન
(૩) ટ વર્ગ—	ટ્,	ઠ્,	ડ્,	ઢ્,	ણ્	— મૂર્ધસ્થાન
(૪) ત વર્ગ—	ત્,	થ્,	દ્,	ધ્,	ન્	— દંતસ્થાન
(૫) પ વર્ગ—	પ્,	ફ્,	બ્,	ભ્,	મ્	— ઓષ્ઠસ્થાન

આ પાંચ વર્ગના વ્યંજનોને વર્ગીય વ્યંજનો કહે છે. એને સ્પર્શવર્ણ કહે છે, કારણ કે જીભ જે તે સ્થાનને એના ઉચ્ચાર કરતાં બરાબર સ્પર્શે છે.

ય્, શ્, — તાલુસ્થાન	વ્, — દંત તથા ઓષ્ઠસ્થાન
ર્, ષ્, — મૂર્ધસ્થાન	હ્, — કંઠસ્થાન
લ્, સ્, — દંતસ્થાન	ળ્, — જિહ્વામૂલીય ને અંશતઃ મૂર્ધસ્થાનીય

આ વ્યંજનોને **અવર્ગીય વ્યંજનો** કહે છે.

નોંધ : ઉપરના વ્યંજનોનાં ઉચ્ચારસ્થાનો ચિત્રમાં જોઈને જાણી લેવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુનાસિક

ઉપરના પાંચ વર્ગના છેલ્લા વ્યંજનો પોતપોતાના સ્થાનમાંથી શરૂ થઈને નાકમાંથી બોલાય છે, તેથી તેને **અનુનાસિક** કહે છે. ગઙ્ગા, કુઞ્જ, પિણ્ડ, બિન્દુ, સમ્માન એમાં અનુનાસિકોનો ઉચ્ચાર સ્પષ્ટ થાય છે.

અર્ધસ્વર કે અન્તઃસ્થ

સ્વરનો ઉચ્ચાર કરતાં જીભ ઉચ્ચારસ્થાનોને અડકતી નથી, તેથી તે અસ્પર્શ વર્ણ કહેવાય છે. વ્યંજનોનો ઉચ્ચાર કરતાં તે ઉચ્ચારસ્થાનોને અડકે છે, તેથી તેઓ સ્પર્શ વર્ણ કહેવાય છે. પરંતુ ય્, ર્, લ્, વ્ નો ઉચ્ચાર કરતાં તે જરાક સ્પર્શે છે, તેથી તેમનું ઉચ્ચારણ સ્વર અને વ્યંજનની વચગાળાનું હોય છે. આ કારણે એ વર્ણો અર્ધસ્વર કે અન્તઃસ્થ કહેવાય છે.

ઉષ્માક્ષર

શ્, ષ્, સ્, હ્નો ઉચ્ચાર ઉષ્મન્ નામના વાયુના સુસવાટા સહિત કરવામાં આવે છે તેથી એને **ઉષ્માક્ષર** કહે છે.

જિહ્વામૂલીય

કલાને બદલે કળા, બલને બદલે બળ એમ તદ્ભવ શબ્દોમાં લ્ને સ્થાને ળ્નો ઉચ્ચાર ગુજરાતીમાં થાય છે. આ ળ્ને મળતો ઉચ્ચાર વેદમાં મળી આવે છે. એનો ઉચ્ચાર જીભના મૂળ આગળથી થાય છે એટલું જ નહિ, પણ મૂર્ધસ્થાન આગળ પણ અંશતઃ જીભ અટકે છે. ળ્ જિહ્વામૂલીય વર્ણ છે.

ધ્વનિના ગુણની દૃષ્ટિએ વ્યંજનોનું વર્ગીકરણ

કેટલાક વ્યંજનોનો ઉચ્ચાર મૃદુ કે કોમળ લાગતો નથી. આવા કઠોર ધ્વનિવાળા વ્યંજનો **કઠોર વ્યંજનો** કહેવાય છે. જેમકે ફ્, ખ્ વગેરે. એને અઘોષ વ્યંજનો પણ કહે છે. કેટલાક વ્યંજનોનો ઉચ્ચાર મૃદુ કે નરમ રણકાવાળો હોય છે. એ નરમ કે મૃદુ ઉચ્ચારવાળા વ્યંજનો **મૃદુ વ્યંજનો** કહેવાય છે. જેમકે, ગ્, મ્, ન્ વગેરે. એને ઘોષ વ્યંજનો પણ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કઠોર – મૃદુ વ્યંજનો

	કઠોર (અઘોષ)	મૃદુ (ઘોષ)
વર્ગીય	ક્, ખ્	ગ્, ઘ્, ઙ્
	ચ્, છ્	જ્, ઝ્, ઞ્
	ટ્, ઠ્	ડ્, ઢ્, ણ્
	ત્, થ્	દ્, ધ્, ન્
	પ્, ફ્	બ્, ભ્, મ્
અવર્ગીય	શ્, ષ્, સ્, ળ્ વિસર્ગ (:)	ય્, ર્, લ્, વ્, હ્

ઉપરનું કોષ્ટક જોતાં જણાશે કે, વર્ગીય વ્યંજનોના વર્ગના પહેલા બે, અને અવર્ગીય શ્, ષ્, સ્, વિસર્ગ અને ળ્ કઠોર છે. વર્ગીય વ્યંજનોના દરેક વર્ગના છેલ્લા ત્રણ અને અવર્ગીય ય્, ર્, લ્, વ્, હ્ એટલા મૃદુ છે.

સંયુક્ત વ્યંજન – જોડાક્ષર

બે કે વધારે વ્યંજનો તેમની વચ્ચે સ્વર આવ્યા વિના એક સાથે ઉચ્ચારાય, ત્યારે તે સંયુક્ત વ્યંજન કે જોડાક્ષર બને છે.
જેમકે,

દ્ + ધ્ = દ્ધ (ઉદ્ધાર)
દ્ + મ્ = દ્મ (પદ્મ)
ત્ + સ્ + ય્ = ત્સ્ય (મત્સ્ય)
ક્ + ષ્ = ક્ષ્ (ક્ષમા)
જ્ + ઞ્ = જ્ઞ્ (જ્ઞાન)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨

સંધિ

સંધિ શું છે અને તે કેવી રીતે બને છે, તે જાણતા પહેલાં નીચેનાં કોષ્ટકનો અભ્યાસ તાજો કરવો જરૂરી છે.

સ્વરો	વર્ગીય વ્યંજનો			અવર્ગીય વ્યંજનો		ઉચ્ચારસ્થાન
	કઠોર	મૃદુ		મૃદુ	કઠોર	
			અનુનાસિક			
અ, આ	ક્, ખ્	ગ્, ઘ્	ઙ્	હ્	—	કંઠસ્થાન
ઇ, ઈ	ચ્, છ્	જ્, ઝ્	ઞ્	ય્	શ્	તાલુસ્થાન
ઋ	ટ્, ઠ્	ડ્, ઢ્	ણ્	ર્	ષ્	મૂર્ધસ્થાન
...	ત્, થ્	દ્, ધ્	ન્	લ્	સ્	દંતસ્થાન
ઉ, ઊ	પ્, ફ્	બ્, ભ્	મ્	વ્	—	ઓષ્ઠસ્થાન
				દંત–ઓષ્ઠ		

સંધિ કેમ થાય છે?

દેશ + અભિમાન = દેશાભિમાન. પરમ + અર્થ = પરમાર્થ

ઉપર જણાવેલા **દેશ** અને **અભિમાન** એ બે શબ્દોને જો એકસામટા બોલવામાં આવે, તો **દેશાભિમાન** શબ્દથી જે ઉચ્ચાર થાય તેવું જ ઉચ્ચારણ સંભળાય છે. એ જ રીતે **પરમ** ને **અર્થ** એ બે શબ્દોને એકસામટા બોલીએ તો **પરમાર્થ** જેવો શબ્દ સંભળાય છે. ઉચ્ચારના નિયમ પ્રમાણે પાસે આવેલા સ્વરો અને વ્યંજનો સાથે બોલવામાં આવે, અને તે ઉપર જોયું તેમ અમુક નિયમે જોડાય ત્યારે તે બંનેનો ત્રીજો જ ઉચ્ચાર થાય છે. આ પ્રકારના જોડાણને **સંધિ** કહે છે. એ જોડાણના નિયમો **સંધિ-નિયમો** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંધિના પ્રકાર

સંધિ ત્રણ પ્રકારની છે : (૧) **સ્વરસંધિ** એટલે બે સાથે આવેલા સ્વરોનું જોડાણ; (૨) **વ્યંજનસંધિ** એટલે બે સાથે આવેલા વ્યંજનોનું કે વ્યંજન અને સ્વરનું જોડાણ; (૩) **વિસર્ગસંધિ** એટલે વિસર્ગ અને સ્વર અથવા વ્યંજનનું જોડાણ. અહીં તમારે વિસર્ગસંધિ શીખવાની નથી.

(૧) સ્વરસંધિ

નિયમ (૧)—જો બે સજાતીય સ્વરો સાથે આવે, તો તે બદલે **દીર્ઘ** સ્વરનું ઉચ્ચારણ થાય, અને તેમ લખાય છે. ઉદાહરણ :

૧. અ + અ = આ	પ્રેમ + અંકુર	= પ્રેમાંકુર
	પ્રથમ + અધ્યાય	= પ્રથમાધ્યાય
અ + આ = આ	શિવ + આનંદ	= શિવાનંદ
	હત + આશ	= હતાશ
આ + અ = આ	ભાષા + અંતર	= ભાષાંતર
	કદા + અપિ	= કદાપિ
આ + આ = આ	મહા + આત્મા	= મહાત્મા
	ચિન્તા + આતુર	= ચિન્તાતુર
૨. ઇ + ઇ = ઈ	રવિ + ઇન્દ્ર	= રવીન્દ્ર
ઈ + ઈ = ઈ	ગૌરી + ઈશ	= ગૌરીશ
ઇ + ઈ = ઈ	કવિ + ઈશ્વર	= કવીશ્વર
ઈ + ઇ = ઈ	યોગી + ઇન્દ્ર	= યોગીન્દ્ર
૩. ઉ + ઉ = ઊ	ગુરુ + ઉત્તર	= ગુરૂત્તર
ઉ + ઊ = ઊ	બહુ + ઊર્ધ્વ	= બહૂર્ધ્વ
ઊ + ઊ = ઊ	વધૂ + ઊર્મિ	= વધૂર્મિ
ઊ + ઉ = ઊ	વધૂ + ઉલ્લાસ	= વધૂલ્લાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ (૨)—જ્યારે **અ** કે **આ** પછી વિજાતીય સ્વર આવે, ત્યારે નીચે પ્રમાણે સંધિ થાય છે. **અ** કે **આ** પછી **ઇ** કે **ઈ** આવે તો **એ** થાય, **ઉ** કે **ઊ** આવે તો **ઓ** થાય, અને **ઋ** આવે તો **અર્** થાય.

૧.	અ	+ ઇ = એ	હર	+ ઇન્દ્ર	=	હરેન્દ્ર
	અ	+ ઈ = એ	પરમ	+ ઈશ્વર	=	પરમેશ્વર
	આ	+ ઇ = એ	મહા	+ ઇન્દ્ર	=	મહેન્દ્ર
	આ	+ ઈ = એ	મહા	+ ઈશ	=	મહેશ
૨.	અ	+ ઉ = ઓ	પ્રશ્ન	+ ઉત્તર	=	પ્રશ્નોત્તર
	અ	+ ઊ = ઓ	નવ	+ ઊઢા	=	નવોઢા
	અ	+ ઉ = ઓ	જન	+ ઉપયોગી	=	જનોપયોગી
	આ	+ ઊ = ઓ	મહા	+ ઊર્મિ	=	મહોર્મિ
૩.	અ	+ ઋ = અર્	બ્રહ્મ	+ ઋષિ	=	બ્રહ્મર્ષિ
	આ	+ ઋ = અર્	મહા	+ ઋષિ	=	મહર્ષિ

નિયમ (૩)—**અ** કે **આ** પછી **એ** કે **ઐ** આવે તો તેનો **ઐ** થાય છે, અને **ઓ** કે **ઔ** આવે તો તેનો **ઔ** થાય છે.

૧.	અ	+ એ = ઐ	રસ	+ એકતા	=	રસૈકતા
	અ	+ ઐ = ઐ	રસ	+ ઐક્ય	=	રસૈક્ય
	આ	+ એ = ઐ	ભાષા	+ એકતા	=	ભાષૈકતા
	આ	+ ઐ = ઐ	મહા	+ ઐશ્વર્ય	=	મહૈશ્વર્ય
૨.	અ	+ ઓ = ઔ	ઉષ્ણ	+ ઓદન	=	ઉષ્ણૌદન
	અ	+ ઔ = ઔ	પરમ	+ ઔત્સુક્ય	=	પરમૌત્સુક્ય
	આ	+ ઓ = ઔ	મહા	+ ઓજસ્વી	=	મહૌજસ્વી
	આ	+ ઔ = ઔ	મહા	+ ઔચિત્ય	=	મહૌચિત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ (૪)—(૧) **ઇ** કે **ઈ** પછી કોઈ પણ વિજાતીય સ્વર એટલે કે **અ, આ, ઉ, ઊ** કે **ઋ** આવે તો **ઇ** કે **ઈ** નો **ય્** થાય છે; (૨) **ઉ** કે **ઊ** પછી કોઈ પણ વિજાતીય સ્વર આવે તો **ઉ** કે **ઊ** નો **વ્** થાય છે; અને (૩) **ઋ** પછી જો કોઈ જુદો સ્વર આવે તો **ઋ** નો **ર્** થાય છે.

૧. ઇ + ઉ = ય્ + ઉ — પ્રતિ + ઉત્સવ = પ્રત્યુત્સવ
ઇ + અ = ય્ + અ — ગતિ + અંતર = ગત્યંતર
ઇ + આ = ય્ + આ — હરિ + આદેશ = હર્યાદેશ

૨. ઉ + આ = વ્ + આ — ગુરુ + આજ્ઞા = ગુર્વાજ્ઞા
ઉ + અ = વ્ + આ — હેતુ + અર્થ = હેત્વર્થ
ઉ + ઇ = વ્ + ઇ — લઘુ + ઇચ્છા = લઘ્વિચ્છા

૩. ઋ + અ = ર્ + અ — કર્તૃ + અર્થે = કર્ત્રર્થે
ઋ + આ = ર્ + આ — પિતૃ + આશા = પિત્રાશા

મનોયત્ન : ૬

નીચેના શબ્દોને સંધિ કરી જોડો :

સત્ય + આગ્રહ	પરિ + ઇક્ષા
વિવેક + આનંદ	કવિ + ઇન્દ્ર
હરિ + ઇન્દ્ર	મહા + ઇચ્છા
દેવ + આલય	અતિ + અન્ત
હિમ + અચળ	રાજ્ઞ + આજ્ઞા
દક્ષિણ + અયન	દેવ + આસન
ઉત્તર + અયન	પરિ + અટન
રાજ્ઞ + ઋષિ	સૂર્ય + ઉદય
કવિતા + અનુવાદ	જીર્ણ + ઉદ્ધાર
પ્રતિ + ઉત્તર	સપ્ત + ઋષિ
સદા + એવ	પુરુષ + ઉત્તમ
શુભ + ઇચ્છા	પ્રીતિ + અર્થે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) વ્યંજનસંધિ

જેમ બે સ્વરોની સંધિ થાય છે, તેમ બે વ્યંજનો સાથે આવે કે વ્યંજન અને સ્વર સાથે આવે, તો તેમની પણ સંધિ થાય છે. એવા જોડાણને વ્યંજનસંધિ કહે છે.

શ્રીમત્ + ભાગવત = શ્રીમદ્ ભાગવત
સત્ + બુદ્ધિ = સદ્બુદ્ધિ
સત્ + આશા = સદ્ + આશા = સદાશા
દિક્ + અન્ત = દિગન્ત
ષટ્ + આનન = ષડાનન

નિયમ (૧)—અનુનાસિક સિવાયના કોઈ વર્ગીય વ્યંજન પછી મૃદુ વ્યંજન કે સ્વર આવે, તો આગલા વ્યંજનની જગ્યાએ તેના જ વર્ગનો ત્રીજો મૃદુ વ્યંજન આવે છે.

* * *

સત્ + ચરિત્ર = સચ્ચરિત્ર	ઉત્ + ચાલન = ઉચ્ચાલન
ઉદ્ + ડયન = ઉડ્ડયન	નિસ્ + ચય = નિશ્ચય

નિયમ (૨)—સ્ અથવા ત્ વર્ગના વ્યંજનો શ્ અથવા ચ્ વર્ગના વ્યંજનો સાથે ભેગા આવે તો સ્ અને ત્ વર્ગના વ્યંજનો અનુક્રમે શ્ અને ચ્ વર્ગના વ્યંજનોમાં રૂપાંતર પામે છે. એ જ રીતે સ્ અને ત્ વર્ગના વ્યંજનો ષ્ અને ટ્ વર્ગના વ્યંજનો સાથે ભેગા આવે, તો સ્ અને ત્ વર્ગના વ્યંજનો અનુક્રમે ષ્ અને ટ્ વર્ગના વ્યંજનોમાં રૂપાંતર પામે છે :

* * *

શ્રીમત્ + શંકરાચાર્ય = શ્રીમચ્છંકરાચાર્ય
સત્ + શરણ = સચ્છરણ
અધ્ + શેર = અચ્છેર

નિયમ (૩)—દંતસ્થાનના ન્ સિવાયના અક્ષર પછી જો તાલવ્ય શ્ આવે, તો દંત્યનો 'ચ્' થાય અને 'શ'નો 'છ્' થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્ + મય = ચિન્મય	દિક્ + મૂઢ = દિઙ્મૂઢ
ઉદ્ + નતિ = ઉન્નતિ	ષણ્ + માસ = ષડ્માસ અથવા ષણ્માસ

નિયમ (૪)—કોઈ પણ અનુનાસિક સિવાયના વર્ગીય વ્યંજન પછી અનુનાસિક આવે, તો તે વ્યંજનને સ્થાને તેના વર્ગનો અનુનાસિક વિકલ્પે થાય છે. ગુજરાતીમાં અનુનાસિક જ સામાન્ય રીતે વપરાય છે. આવા સંજોગોમાં પ્ નો ણ્ થાય છે.

* * *

દિગ્ + કાલ = દિક્કાલ
ઉદ્ + પત્તિ = ઉત્પત્તિ
વિપદ્ + કાલ = વિપત્કાલ

નિયમ (૫)—દરેક વર્ગના પહેલા ચાર એટલે બધા મળીને વીસ વ્યંજનો પછી જો કોઈ વ્યંજન આવે, તો આગલા વ્યંજનને બદલે તેના પોતાના વર્ગનો પહેલો વ્યંજન થાય છે.

* * *

ઉત્ + હાર = ઉદ્ધાર
(હ નો ધ થયો અને ત્ નો દ્ થયો.)
ઉદ્ + હત = ઉદ્ધત
પદ્ + હતિ = પદ્ધતિ

નિયમ (૬)—હ્ ની પહેલાં અનુનાસિક સિવાયના વર્ગીય વ્યંજનોમાંનો ગમે તે આવ્યો હોય, તો હ્ નો તે જ વ્યંજનના વર્ગનો ચોથો વ્યંજન થાય છે, અને આગલા વ્યંજનનો પોતાના વર્ગનો ત્રીજો વ્યંજન થાય છે.

* * *

ઉત્ + લાસ = ઉલ્લાસ
તત્ + લીન = તલ્લીન

નિયમ (૭)—ત્ વર્ગના વ્યંજન પછી લ્ આવે, તો ત્ વર્ગના વ્યંજનને બદલે લ્ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિ + સિદ્ધ = નિષિદ્ધ	વિ + સમ = વિષમ
અભિ + સેક = અભિષેક	સુ + સુપ્ત = સુષુપ્ત

નિયમ (૮)—અ કે આ સિવાયના સ્વર પછી સ્ આવે તો સ્ નો ષ્ થાય છે.

* * *

કિમ્ + ચિત્ = કિઞ્ચિત્ અથવા કિંચિત્
સમ્ + તોષ = સન્તોષ અથવા સંતોષ
સમ્ + માન = સમ્માન અથવા સંમાન
સમ્ + ગમ = સઙ્ગમ અથવા સંગમ

નિયમ (૯)—પદને છેડે આવેલા મ્ પછી વર્ગીય વ્યંજન આવે, તો મ્ ને બદલે તે વ્યંજનના સ્થાનનો અનુનાસિક (ઙ્, ઞ્, ણ્, ન્, મ્) આવે છે અથવા તો અનુસ્વાર બને છે. ગુજરાતીમાં અનુસ્વાર જ સામાન્ય રીતે આવે છે. એવા મ્ પછી જો સ્વર આવે તો મ્ ની સાથે સ્વર જોડાઈ જાય છે.

સમ્ + આગત = સમાગત
સમ્ + ઋદ્ધિ = સમૃદ્ધિ
સમ્ + ઈક્ષા = સમીક્ષા
સમ્ + ઉત્પન્ન = સમુત્પન્ન

મનોયત્ન : ૨

નીચેના શબ્દોને સંધિ કરી જોડો :

સત્ + આનંદ	જગત્ + નાથ
જગત્ + ઈશ	સત્ + મતિ
ઉત્ + ચાર	નિસ્ + ચિત
સત્ + જન	નિસ્ + ચલ
સત્ + આચાર	સમ્ + આચાર
ઉત્ + લેખ	વિપદ્ + કાલ
ઉત્ + મુખ	તદ્ + લીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૩

નામ : પ્રકાર

૧. **સિંહ** જંગલનો રાજા કહેવાય છે. (પ્રાણીનું નામ)
૨. **મહેન્દ્ર** આનંદી સ્વભાવનો છે. (માણસનું નામ)
૩. **હિમાલય** એક મોટો પર્વત છે. (પદાર્થનું નામ)
૪. **મીઠાશ** એ સાકરનો ગુણ છે. (ગુણનું નામ)
૫. **રમત** બાળકોને ખૂબ ગમે છે. (ક્રિયાનું નામ)

ઉપરનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલા શબ્દો એ પ્રાણી, પદાર્થ, ગુણ તથા ક્રિયાનાં નામોને માટે વપરાયા છે. આવી રીતે પ્રાણી, પદાર્થ વગેરેને ઓળખવા માટે અગર તેમને વિશે કંઈક કહેવા માટે તેમને નામ આપવામાં આવે છે. પ્રાણી, પદાર્થ, ગુણ અને ક્રિયાને ઓળખવા માટે જે પદ વપરાય છે તેને **નામ** કહે છે.

નામના પ્રકાર

નામના જુદા જુદા પાંચ પ્રકાર છેઃ (૧) જાતિવાચક (૨) સંજ્ઞાવાચક, (વિશેષનામ), (૩) સમૂહવાચક, (૪) દ્રવ્યવાચક, (૫) ભાવવાચક.

[૧] જાતિવાચક નામ

(૧) હરણ દોડ્યું, પણ છેવટે શિકારીએ એ **પ્રાણીનો** જીવ લીધો.
(૨) મનુષ્ય બુદ્ધિશાળી **પ્રાણી** છે.
(૩) પંખી એ પાંખવાળું **પ્રાણી** છે.

પ્રાણી એ નામ જેનામાં પ્રાણ કે જીવ છે તેને લાગુ પડે છે. પ્રાણી એ નામમાં પશુ, પંખી અને મનુષ્યનો સમાવેશ થાય છે; કારણ કે એ બધાંમાં જીવ ધારણ કરવાનો સમાન ગુણ છે.

પંખી એ નામ પાંખથી ઊડી શકે તેવાં પ્રાણી માટે વપરાય છે. પાંખથી ઊડવાની શક્તિ તથા તેની અમુક પ્રકારની આકૃતિ વગેરે ગુણો દરેક પંખીમાં હોય છે. એ ગુણો પંખીની જાતને પશુ તથા મનુષ્યોની જાતથી જુદા પાડે છે. આ રીતે આખી જાતિમાં માલૂમ પડતા સામાન્ય લક્ષણો કે ગુણોને આધારે જુદી જુદી જાતિ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી પંખી એ જાતિમાં પણ મોરની જાત, કબૂતરની જાત, પોપટની જાત એમ જુદી જુદી પેટા જાતિઓ હોય છે. દરેક મોરમાં મોર જાતિનાં લક્ષણો હોય છે, અને તે લક્ષણો એ જાતિને બીજાં પંખીઓની જાતિથી જુદી પાડે છે. એ જ રીતે પદાર્થમાં પણ પર્વત, નદી, ગાય, ઘર, પુસ્તક, ખુરશી, ટેબલ વગેરે જુદી જુદી જાતિઓ હોય છે.

આ પ્રમાણે જાતિવાચક નામ પ્રાણી તથા પદાર્થનો વર્ગ કે જાત સૂચવે છે.

જાતિવાચક નામનો પ્રયોગ

જાતિવાચક નામ કોઈ પ્રાણી કે પદાર્થના આખા વર્ગને માટે કે તે વર્ગના ગમે તે એક પ્રાણી કે પદાર્થને માટે વપરાય છે.

(૧) ગાય ઉપયોગી પ્રાણી છે.

આ વાક્યમાં **ગાય** એ નામ આખી જાતિને માટે વપરાયું છે. **ગાય** એટલે અહીં ગાયની આખી જાત; મારી કે તમારી કોઈ ખાસ ગાય નહિ.

(૨) મારી ગાય લાલ છે.

આ વાક્યમાં **ગાય** એ નામ એક જ ગાયને માટે વપરાયું છે; આખી જાતિ માટે નહિ.

કોઈ પણ પ્રાણી કે પદાર્થની આખી જાતિને માટે અથવા તો તે જાતિની ગમે તે એક વ્યક્તિને માટે જે નામ વપરાય, તે **જાતિવાચક નામ** કહેવાય છે.

[૨] સંજ્ઞાવાચક કે વિશેષનામ

૧. પેલો માણસ જુઓ, એ **હરિ** છે.

૨. આ બે નદીમાં **ગંગા** કઈ ?

માણસ એ જાતિવાચક નામ છે. માણસ એટલે ગમે તે માણસ. પરંતુ એક માણસને બીજા માણસથી જુદો પાડવો હોય, તો તેને માટે તેનું ખાસ નામ વાપરીએ છીએ. જેમકે **મહેશ, હરિ** વગેરે.

એ જ રીતે **નદી** એ જાતિવાચક નામ છે. પરંતુ જુદાં જુદાં નામથી સૂચવાતી જુદી જુદી નદીઓને ઓળખવા માટે તેમનાં ખાસ નામ વપરાય છે. જેમકે **ગંગા, જમના, સિંધુ, કાવેરી** વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર જણાવેલાં **મહેશ, હરિ, ગંગા, સિંધુ** વગેરે નામો પૈકી દરેક નામ કોઈ એક પ્રાણી કે પદાર્થને આપેલું ખાસ નામ છે. આ નામો તે તે પ્રાણી કે પદાર્થને ઓળખવા માટે આપણે ખાસ આપેલાં હોય છે, તેથી એવાં ખાસ નામો સંજ્ઞાવાચક કે વિશેષનામ કહેવાય છે.

કોઈ એક પ્રાણી કે પદાર્થને પોતાની જાતિનાં બીજાં પ્રાણી કે પદાર્થથી જુદાં પાડી ઓળખવા જે ખાસ નામ અપાય છે, તે **વિશેષનામ** કે **સંજ્ઞાવાચક નામ** કહેવાય છે.

[૩] સમૂહવાચક નામ

૧. બળવાન **લશ્કરની** કૂચ આગળ વધી.

૨. સાંજ પડતાં ગાયોનું **ધણ** ઘર તરફ વળ્યું.

લશ્કર, ટોળું, વણજાર, મેદની, કટક અને ધણ જેવાં નામો આખા સમૂહને ઉદ્દેશીને વપરાય છે. એમાંનું દરેક નામ તેના વર્ગની છૂટી છૂટી વ્યક્તિને માટે વાપરી શકાતું નથી. લશ્કર એટલે સૈનિકનો સમૂહ. દરેક સૈનિકને આપણે લશ્કર કહેતા નથી. એ જ પ્રમાણે ધણ એટલે ગાયનો સમૂહ. પરંતુ દરેક ગાયને આપણે ધણ કહી શકીએ નહિ. આમ જે નામ સમૂહનો અર્થ બતાવે તે **સમૂહવાચક નામ** કહેવાય છે. જેમકે,

પલટણ, લૂમ, ઝૂમખો, કાફલો, થોકડો, મેદની, ટોળું, જૂથ વગેરે.

[૪] દ્રવ્યવાચક નામ

જુવાર, ઘઉં, બાજરી – અનાજ રૂપી દ્રવ્યનાં નામ

ઘી, તેલ, કેરોસીન – તૈલી પદાર્થ રૂપી દ્રવ્યનાં નામ

સોનું, રૂપું, કલાઈ – ધાતુ રૂપી દ્રવ્યનાં નામ

સિંધવ, કોલસો – ખનિજ પદાર્થ રૂપી દ્રવ્યનાં નામ

ઉપરનાં નામો જુદાં જુદાં દ્રવ્યોનાં નામ છે. એ નામ એ દ્રવ્યનો જથ્થો બતાવે છે. ઘઉં એટલે ઘઉં નામના દ્રવ્યનો જથ્થો. રૂપું એટલે રૂપું નામના દ્રવ્યનો અમુક જથ્થો.

જે નામ કોઈ દ્રવ્યનો જથ્થો બતાવવા વપરાય, તે **દ્રવ્યવાચક નામ** કહેવાય છે.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫] ભાવવાચક નામ

૧. આ મધની **મીઠાશનો** સ્વાદ તો લો.

૨. સાધુ **સાધુપણું** ન બતાવે તો કોણ બતાવે ?

૩. આ હસતો છોકરો જુઓ. કેવું એનું નિર્દોષ **હાસ્ય** !

૪. ભૂખ્યા માણસની **ભૂખ** ભાંગવી એ પુણ્યનું કાર્ય છે.

મીઠાશ એ મધમાં રહેલા ગુણનું નામ છે, તેવી જ રીતે **સાધુપણું** એ સાધુ પુરુષમાં રહેલા ગુણનું નામ છે, અને **હાસ્ય** એ હસતા છોકરાની ક્રિયા કે ભાવનું નામ છે. **ભૂખ** એ ભૂખ્યા માણસને થતી અમુક લાગણીનું નામ છે. એ બધાં નામોથી જે ગુણો વગેરે સૂચવાય છે તે સ્વતંત્ર વસ્તુ રૂપે આપણને મળી આવતાં નથી. એ કોઈ પ્રાણી કે પદાર્થના આશ્રયે જ રહે છે.

પ્રાણી કે પદાર્થમાં રહેલાં ગુણ, ક્રિયા કે લાગણીનાં નામનો અર્થ આપણે મન વડે વિચારથી સમજી શકીએ છીએ, પણ તેને સ્વતંત્ર વસ્તુ રૂપે મેળવી શકતા નથી. એ પ્રકારનાં નામો ભાવવાચક નામ કહેવાય છે.

ગુણ, લાગણી કે ક્રિયાનાં નામો જેને આપણે માત્ર મન વડે સમજી શકીએ છીએ, તે **ભાવવાચક નામ** કહેવાય છે.

થોડાંક ભાવવાચક નામો

૧. ગુણનાં નામ—રતાશ, સચ્ચાઈ, ન્યાયીપણું, વિચાર, તેજસ્વીપણું, ગળપણ, તૂરાશ, હિંમત, કાયરતા, ધગશ, અહિંસા, ઊંચાઈ.

૨. લાગણીનાં નામ—ચિંતા, પ્રેમ, દયા, ધિક્કાર, ગભરાટ.

૩. ક્રિયાનાં નામ— રમત, વાચન, રુદન, હલનચલન, મરણ, પોષણ, દોડાદોડ, ખાનપાન.

મનોયત્ન : ૩

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં નામના પ્રકાર ઓળખો—

૧. **ગિરનાર**નો શિલાલેખ **અશોકે** કોતરાવ્યો હતો.

૨. પાણીપતના **મેદાન**માં **ઇબ્રાહીમ** લોદીનું **સૈન્ય** હારી ગયું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. તાજમહાલ સફેદ આરસનો બાંધેલો શિલ્પકળાનો ઉત્તમ નમૂનો છે.
૪. ગૌતમ બુદ્ધે કહ્યું કે અહિંસા એ પરમ ધર્મ છે.
૫. દ્રાક્ષના મંડપોમાં દ્રાક્ષની લૂમ પવનમાં હિલોળા લેતી હતી.
૬. માણસાઈ એ મોટામાં મોટો સદ્‌ગુણ છે, એ દરેક નાગરિકના મનમાં હસવું જોઇએ.
૭. વડા પ્રધાનનું ભાષણ સાંભળી લોકો ઉત્સાહમાં આવી ગયા.
૮. ગોદરેજનાં લોખંડનાં કબાટોનો ઉપયોગ દિવસે દિવસે વધતો જાય છે.
૯. દક્ષિણ હિંદમાં મુખ્ય ખોરાક ચોખાનો છે, જ્યારે ઉત્તર હિંદના લોકો મોટે ભાગે ઘઉં ખાય છે.
૧૦. હિમાલયની ઊંચી સપાટી પર દેવદાર વૃક્ષાનાં રળિયામણાં વનો આવેલાં છે.

પ્રકરણ ૪

નામની જાતિ

નરજાતિ અને નારીજાતિ

૧. સિંહને ભરાવદાર યાળ હોય છે, પણ સિંહણને તે હોતી નથી.
૨. સુંદર પીછાંવાળો મોર કળા કરે છે, પણ ઢેલ કળા કરતી નથી.
૩. માળાની બહાર ચકલો અને ચકલી ચિત્કાર કરી રહ્યાં હતાં.
૪. મેળામાં પુરુષ, સ્ત્રી, છોકરા અને છોકરી એમ સૌ કોઇ હતાં.

પશુ, પંખી, મનુષ્ય વગેરે પ્રાણીઓમાં આપણે બે વર્ગો જોઇએ છીએ : (૧) નર એટલે પુરુષ-વર્ગ અને (૨) નારી એટલે સ્ત્રી-વર્ગ. ઉપરનાં વાક્યોમાંનાં નર અને નારીજાતિનાં નામો નીચે છૂટાં પાડ્યાં છે.

નરવર્ગ—સિંહ, મોર, ચકલો, પુરુષ, છોકરો.

નારીવર્ગ—સિંહણ, ઢેલ, ચકલી, સ્ત્રી, છોકરી.

ઉપર પ્રમાણે નર અને નારીનો કુદરતી ભેદ બતાવવા ભાષામાં આપણે જુદાં જુદાં નામો વાપરીએ છીએ.

જે નામો નર–વર્ગ કે જાતિને સૂચવે, તે **નરજાતિનાં નામ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે નામો નારી-વર્ગ કે જાતિને સૂચવે, તે નામો **નારીજાતિનાં** કહેવાય છે.

નાન્યતરજાતિ

૧. પેલું છોકરું રડે છે. ૨. બચ્ચું કેવું કૂદે છે ?

પ્રાણીઓમાં કુદરતી રીતે બે જ જાતિ હોવા છતાં ભાષામાં એમને વિશે આપણે કેટલીક વાર એવાં નામો વાપરીએ છીએ, કે તે નામ કઈ જાતિનું છે તે નક્કી કહી શકાએ નહિ. જેમકે, ઉપરના વાક્યમાંનું છોકરું કે બચ્ચું એ નામ કઈ જાતિનું છે એ કેવી રીતે કહી શકાય ?

આ વાક્યમાં છોકરો રડે છે કે છોકરી તે કહી શકાય નહિ. આથી **છોકરું** એ નામ નરજાતિ કે નારીજાતિ એકે બતાવતું નથી. એવાં નામો જે બેમાંથી એકે જાતિ સૂચવે નહિ, તે **નાન્યતરજાતિનાં** કહેવાય છે. [નાન્યતર એટલે ન + અન્યતર; ન એટલે નહિ, અને અન્યતર એટલે બેમાંથી એક; નાન્યતર = બેમાંથી એકે નહિ તે]

અભ્યાસ

નરજાતિ	નારીજાતિ	નાન્યતરજાતિ
છોકરો	છોકરી	છોકરું
ઘોડો	ઘોડી	ઘોડું
કૂતરો	કૂતરી	કૂતરું

પદાર્થમાં જાતિભેદ

પ્રાણીઓમાં નર અને નારીનો જાતિભેદ સ્પષ્ટ હોય છે. પરંતુ નિર્જીવ પદાર્થોમાં એવો જાતિભેદ હોતો નથી. તેથી ભાષામાં પદાર્થોના નામની જાતિ રૂઢિ એટલે પરાપૂર્વથી ચાલતા આવેલા ઉપયોગ વડે નક્કી થયેલી હોય છે. પદાર્થોનાં પણ નર, નારી અને નાન્યતર એમ ત્રણે જાતિનાં નામો હોય છે. પરંતુ એની જાતિ કોઇ નિયમને આધારે નક્કી થયેલી હોતી નથી. **પથ્થર** એ નામની નરજાતિ કેમ અને નારીજાતિ કેમ નહિ એ કોઇ નિયમને આધારે કહી શકાય નહિ. એ નામ પહેલેથી જ એક કે બીજા કારણે નરજાતિના નામ તરીકે વપરાતું આવ્યું છે, તેથી એ નરજાતિનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતિ કેવી રીતે નક્કી થઈ છે ?

(૧) પ્રાણીઓમાં નર–નારીનો ભેદ કુદરતી રીતે કે પ્રકૃતિથી જ છે, અને તેથી કુદરત કે પ્રકૃતિના ભેદને લીધે તેઓમાં જાતિ નક્કી થયેલી હોય છે.

(૨) તે ઉપરાંત, નિર્જીવ પદાર્થોની જાતિ રૂઢિ કે ચાલતા આવેલા સંકેતને આધારે નક્કી થયેલી હોય છે.

જે જાતિ કુદરતી ભેદ પ્રમાણે હોય છે તે **પ્રાકૃતિક જાતિ** કહેવાય છે. દા. ત. ઘોડો (નર), હાથી (નર), સિંહણ (નારી), સિંહ (નર).

જે જાતિ રૂઢિ કે સંકેત પ્રમાણે નક્કી થયેલી હોય છે તે **સાંકેતિક જાતિ** કહેવાય છે. દા. ત. લોટો (નર), દોરી (નારી), ખડિયો (નર), પુસ્તક (નાન્યતર), ગ્રંથ (નર), ચોપડી (નારી).

અભ્યાસ

નરજાતિ	નારીજાતિ	નાન્યતરજાતિ
લોટો	સાદડી	બારણું
સૂર્ય	કલમ	આકાશ
ગ્રંથ	ચોપડી	પુસ્તક

ઉપરનાં નામોની જાતિ સાંકેતિક રીતે નક્કી થયેલી છે. ગ્રંથ, ચોપડી અને પુસ્તક એ ત્રણે નામો એક જ વસ્તુનાં જુદાં જુદાં નામ છે, તોપણ એ દરેકની જાતિ જુદી જુદી રીતે રૂઢિથી નક્કી થયેલી છે.

જીવજંતુ અને વનસ્પતિમાં જાતિભેદ

જીવજંતુ એ સજીવ હોવા છતાં એનો પ્રાકૃતિક જાતિભેદ આપણને સ્પષ્ટ હોતો નથી, એટલે એની જાતિ રૂઢિથી જ નક્કી થયેલી હોય છે. જેમકે, તીડ એ જંતુમાં નર અને નારી એ બંને વર્ગ હોય છે, તોપણ એ બંને માટે **તીડ** એ **નાન્યતરજાતિનું** નામ રૂઢિથી વપરાય છે. તેમ જ **કોયલ** એ નારીજાતિનું નામ નર–કોયલ અને નારી–કોયલ એ બંનેને માટે વપરાય છે. **ચાંચડ** એ નરજાતિનો શબ્દ નર–ચાંચડ અને નારી–ચાંચડ એ બંનેને માટે વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનસ્પતિની જાતિ પણ રૂઢિથી જ નક્કી થયેલી હોય છે. જેમકે, તાડ, આંબો, પીપળો, વડ એ નામો નરજાતિનાં છે.

કેળ, બોરડી, આમલી, જમરૂખી એ નારીજાતિનાં નામ ગણાય છે. ઘાસ એ નાન્યતરજાતિનું નામ છે.

એક જ નામનો ઘણી જાતિનાં પ્રયોગ

ગુજરાતના જુદા જુદા ભાગમાં કેટલાંક નામનો ઉપયોગ જુદી જુદી જાતિમાં થાય છે. દા. ત. ચા શબ્દ સુરત જિલ્લામાં નારીજાતિમાં વપરાય છે, પરંતુ ચરોતર તરફ તે નરજાતિમાં વપરાય છે.

ચા પીધી અને ચા પીધો એવા બંને પ્રયોગો તેથી વપરાય છે.

નર તથા નારીજાતિમાં વપરાતાં નામ

ખબર (બહુવચનમાં નર), શોધ, તમાકુ, ચાલ (ગતિના અર્થમાં નારી), ચાલ (રિવાજના અર્થમાં નરજાતિ), વિધિ.

નર તથા નાન્યતરજાતિમાં વપરાતાં નામ

પત્ર, દૃષ્ટાંત, માણસ, ભાત (રાંધેલા ચોખાના અર્થમાં નર), ભાત (ડાંગરના અર્થમાં નાન્યતર).

નારી તથા નાન્યતરજાતિમાં વપરાતાં નામ

સોપારી, જનોઇ. વસ્તુ (ચીજના અર્થમાં નારી), વસ્તુ (વાર્તા કે નાટકના વિષયના અર્થમાં નાન્યતરજાતિ), ધડિયાળ, ભાત (કપડાં પરની છાપના અર્થમાં નારી), ભાત (ડાંગરના અર્થમાં નાન્યતર).

નામની જાતિ ઓળખવાની રીત-વિશેષણ ઉપરથી

(૧) નામ સાથે વપરાયેલાં વિકારી વિશેષણ ઉપરથી નામની જાતિ ઓળખી શકાય છે. નરજાતિના નામ સાથે આવેલું વિશેષણ એકવચનમાં ઓકારાન્ત અને બહુવચનમાં આકારાન્ત બને છે.

એકવચન	બહુવચન
ધોળો કાગળ	ધોળા કાગળો
કાળો ઘોડો	કાળા ઘોડાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) નારીજાતિના નામ સાથે વપરાયેલું વિકારી વિશેષણ ઈકારાન્ત હોય છે.

એકવચન	બહુવચન
રાતી ગાય	રાતી ગાયો
લાંબી કલમ	લાંબી કલમો

(૩) નાન્યતરજાતિના નામ સાથે આવેલું વિકારી વિશેષણ એકવચનમાં ઉકારાન્ત અને બહુવચનમાં આંકારાન્ત અને છે.

એકવચન	બહુવચન
ધોળું ધેતું	ધોળાં ધેટાં
ભલું કામ	ભલાં કામો

ક્રિયાપદ ઉપરથી જાતિનો નિર્ણય

ક્રિયાપદ જે નામ સાથે સંબંધ રાખે છે તેની જાતિ પ્રમાણે કેટલાક કાળમાં જુદું જુદું રૂપ ધારણ કરે છે. નરજાતિમાં ઓકારાન્ત કે આકારાન્ત, નારીજાતિમાં ઈકારાન્ત અને નાન્યતરજાતિમાં ઉકારાન્ત કે આંકારાન્ત રૂપ ધારણ કરે છે.

આ ઉપરથી પણ નામની જાતિનો નિર્ણય થઈ શકે છે.

નરજાતિ

એકવચન	બહુવચન
છોકરો દોડ્યો.	છોકરા દોડ્યા.
છોકરો આવ્યો હશે.	છોકરા આવ્યા હશે.
છોકરો આવ્યો છે.	છોકરા આવ્યા છે.

નારીજાતિ

એકવચન	બહુવચન
છોકરી આવી.	છોકરીઓ આવી.
છોકરી આવી હશે.	છોકરીઓ આવી હશે.
છોકરી આવી છે.	છોકરીઓ આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાન્યતરજાતિ

એકવચન	બહુવચન
છોકરું આવ્યું.	છોકરાં આવ્યાં.
છોકરું આવ્યું હશે.	છોકરાં આવ્યાં હશે.
છોકરું આવ્યું છે.	છોકરાં આવ્યાં છે.

સ્વતંત્ર નામ દ્વારા સાધિત થતી જાતિ

કેટલીક વખત જુદી જુદી જાતિ સૂચવવા સ્વતંત્ર નામો યોજવામાં આવ્યાં હોય છે. તેમાંનાં કેટલાંક નામ નીચે આપ્યાં છે:

નરજાતિ	નારીજાતિ	નરજાતિ	નારીજાતિ
પુરુષ	સ્ત્રી	પોપટ	મેના
વર	વહુ, વધૂ	રાજા	રાણી
પાડો	ભેંશ	બળદ	ગાય

પ્રત્યય દ્વારા સાધિત થતી જાતિ

એક જાતિના નામને પ્રત્યય લગાડવાથી અન્ય જાતિનું નામ બને છે. નીચે નરજાતિના નામને પ્રત્યયો લગાડવાથી કેવી રીતે નારીજાતિનાં નામો બને છે તે બતાવ્યું છે.

નરજાતિ	પ્રત્યય	નારીજાતિ
બાલ	આ	બાલા
વૃદ્ધ	આ	વૃદ્ધા
લોટો	ઈ	લોટી
સારસ	ઈ	સારસી
પોપટ	ઈ	પોપટી
પટેલ	આણી	પટલાણી
રજપૂત	આણી	રજપૂતાણી
સિંહ	અણ	સિંહણ
વાઘ	અણ	વાઘણ
નોકર	ડી	નોકરડી
ઉંદર	ડી	ઉંદરડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૪

નીચેનાં વાક્યોમાં નામની જાતિ પ્રમાણે વિશેષણ કે ક્રિયાપદનું યોગ્ય રૂપ મૂકો—

૧. ખેતરમાં હરણનાં ટોળાં — હતાં. (ચરવું)
૨. તમે કદી ઘોડા — છે ? (જોવું)
૩. અમે અનેક કલમો—,પરંતુ એકે—નીકળી નહિ.(ખરીદવું,સારું)
૪. તમે ગઈ કાલે ચા — હતી ? (પીવું)
૫. તે ઘોડો — ચાલ્યો જાય છે. (ધીમું)
૬. પ્રણામ કરવાની રીત વિશે દરેક દેશમાં—ચાલ હોય છે.(જુદું)
૭. મેં આજે ભાત — નથી. (ખાવું)
૮. આ સાડીની કોરની ભાત — છે. (ઝીણું)
૯. આ મોતીની માળા તમને — ? (ગમવું – ભૂતકાળ)
૧૦. તે તળાવમાં અનેક જળો —. (હોવું – ભૂતકાળ)
૧૧. મેં આ પુસ્તકની શોધ કરી, પરંતુ એ — નહિ. (મળવું)
૧૨. આ — સોપારી મને —. (મોટી – મોટું; ગમવું – ભૂતકાળ)

મનોયત્ન : ૫

નીચેનાં વ્યક્તિ, પ્રાણી કે પદાર્થની નારીજાતિનાં નામ આપો—

પોપટ, ભિખારી, નોકર, મોર, ગાડું, ખીલો, સિંહ, વાછરડો, ટોપલો, ગોળો, હરણું, રીંછ, પીપળો, છત્ર, ઘંટ, રસોઇયો, પટેલ, નાગ, કોકિલ, નર, કુંજર, તળાવ, કૂવો, ઓટલો, પ્યાલો, વર, શિષ્ય, ઓરડો, જોડો, ચૂડો, દેવ.

પ્રકરણ ૫

નામનું વચન

૧. રામે કહ્યું, "મેદાનમાં ઘોડાઓ તો અનેક હતા, પણ એક જ ઘોડો પાણીદાર હતો."
૨. ગામના બધા બાગોમાં મારો બાગ સુંદરમાં સુંદર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ વાર આપણે એક પ્રાણી કે પદાર્થ વિશે વાત કરીએ છીએ, તો કોઈ વાર એકથી વધારે પ્રાણી કે પદાર્થ વિશે વાત કરીએ છીએ. તેમ કરતાં આપણે નામનું જુદું જુદું રૂપ વાપરીએ છીએ. જેમકે,

ઘોડો (એક)	બાગ (એક)
ઘોડાઓ (અનેક)	બાગો (ઘણા)

ઘોડો એ રૂપ એક ઘોડાનું સૂચન કરે છે, અને ઘોડાઓ એ રૂપ એકથી વધારે કે બહુ ઘોડાનું સૂચન કરે છે.

જ્યારે નામનું રૂપ એક વસ્તુનું સૂચન કરે ત્યારે તે નામનું રૂપ એકવચનમાં હોય છે, અને જ્યારે તે બહુ વસ્તુનું સૂચન કરે ત્યારે તે નામનું રૂપ બહુવચનમાં હોય છે.

નામનું બહુવચન કેમ બને છે ?

(૧) નામનું મૂળ રૂપ જો અકારાન્ત, આકારાન્ત, ઇકારાન્ત, ઈકારાન્ત, ઉકારાન્ત કે ઊકારાન્ત હોય તો તેને ઓ પ્રત્યય લગાડવાથી તેનું બહુવચન બને છે.

	એકવચન	બહુવચન
અકારાન્ત નામને પ્રત્યય લાગવાથી તે ઓકારાન્ત બને છે. (પ્રત્યય–ઓ)	પુસ્તક	પુસ્તકો
	કમળ	કમળો
	બાળક	બાળકો
આકારાન્ત	શાળા	શાળાઓ
	બાળા	બાળાઓ
	દેવતા	દેવતાઓ
	આશા	આશાઓ
ઇકારાન્ત	જાતિ	જાતિઓ
	કવિ	કવિઓ
	સમિતિ	સમિતિઓ
	રીતિ	રીતિઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

	એકવચન	બહુવચન
ઇકારાન્ત	નદી	નદીઓ
	ચોપડી	ચોપડીઓ
	હાથી	હાથીઓ
	બિલાડી	બિલાડીઓ
ઉકારાન્ત કે ઊકારાન્ત	ગુરુ	ગુરુઓ
	જૂ	જૂઓ
	વધૂ	વધૂઓ

(૨) જ્યારે નામને છેડે આ હોય ત્યારે તે નામનું બહુવચન ઓનો આ કરવાથી અથવા તો આ કરીને ઓ પ્રત્યય લગાડવાથી થાય છે.

અપવાદ : ઘો, જળો. એકવચનમાં અને બહુવચનમાં એનું રૂપ સમાન રહે છે.

	એકવચન	બહુવચન
ઓકારાન્ત	છોકરો	છોકરા–છોકરાઓ
	ઘોડો	ઘોડા–ઘોડાઓ
	દરવાજો	દરવાજા–દરવાજાઓ
	ઓટલો	ઓટલા–ઓટલાઓ

(૩) ઉંકારાન્ત નામનું બહુવચન ઉંનો **આં** કરવાથી અથવા તો **આં** કર્યા પછી **ઓ** પ્રત્યય લગાડવાથી થાય છે.

	એકવચન	બહુવચન
ઉંકારાન્ત	છોકરું	છોકરાં-છોકરાંઓ
	અકરું	અકરાં–અકરાંઓ
	વાંદરું	વાંદરાં–વાંદરાંઓ
	ઘેટું	ઘેટાં–ઘેટાંઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) એકવચનનું રૂપ બહુવચનના અર્થમાં

કેટલીક વાર બહુવચનના અર્થમાં એકવચનનું રૂપ વપરાય છે. જેમકે,

૧. મેં ઘણી **ગાય** દાનમાં આપી.

૨. મેં ઘણી **શાળા** જોઈ છે.

૩. દત્તાત્રેયે ચોવીસ **ગુરુ** કર્યા હતા.

૪. મેં **બોર** ખાધાં.

ઉપરનાં વાક્યોમાં ગાય, શાળા, ગુરુ, બોર એ બધાં નામો એકવચનના રૂપનાં છે, પણ તેનો અર્થ બહુવચનનો છે તે તેની સાથે આવેલાં વિશેષણો કે ક્રિયાપદો ઉપરથી માલૂમ પડે છે.

(૨) માનાર્થે બહુવચનના અર્થમાં

૧. અમારા **ભાઇ** મેદાનમાં ઊભા છે.

૨. **રામ** ભલા રાજા હતા.

૩. તે **બહેન** કાલે આવ્યાં હતાં.

ઉપરનાં વાક્યોમાં ભાઈ, રામ તથા બહેન એ નામો એકવચનના રૂપનાં છે, પરંતુ તે બહુવચનનો અર્થ સૂચવે છે એ તેની સાથે વપરાયેલાં વિશેષણ કે ક્રિયાપદ ઉપરથી માલૂમ પડે છે.

અહીં એકવચનનું રૂપ માનાર્થે બહુવચનનો અર્થ સૂચવે છે. માન બતાવવા માટે નામના એકવચનનું રૂપ બહુવચનના અર્થમાં વપરાય છે, ત્યારે તે નામનું વચન **માનાર્થે બહુવચન** ગણાય છે.

નોંધ—નારીજાતિના માનાર્થે બહુવચનના નામની સાથે વપરાયેલું વિશેષણ અને ક્રિયાપદ નાન્યતરજાતિના બહુવચનમાં હોય છે.

ખાસ વચનમાં વપરાતાં કેટલાંક નામ

(૧) કેટલાંક અનાજનાં નામ એકવચનમાં વપરાતાં નથી, પરંતુ તે બહુવચનમાં જ વપરાય છે.

૧. આ વરસે **ઘઉં** ખૂબ પાક્યા. ૨. મેં **વટાણા** વેચાતા **લીધા**.

એ જ રીતે મગ, મઠ, અડદ, તલ, ચણા વગેરે પણ બહુવચનમાં જ વપરાય છે. પરંતુ એ દરેક અનાજનો છૂટક દાણો દર્શાવવા એ નામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વપરાય ત્યારે તે એકવચનમાં આવે છે. જેમકે આ ચણા પેલા ચણા કરતાં કદમાં મોટા છે.

મનોયત્ન : ૬

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં નામોનું વચન ફેરવીને વાક્યો ફરીથી બનાવો—

૧. પક્ષી ઝાડ ઉપર ગાતું હતું.
૨. ગાયોનું ટોળું ત્યાં ચરતું હતું.
૩. રસ્તા ઉપરની બધી **બારી** કાચની છે.
૪. પેલો ચોર રાત્રે પકડાયો હતો.
૫. છોકરા મેદાનમાં રમતા હતા.
૬. પાંજરામાં સિંહ આંટા મારતો હતો.
૭. ચોમાસામાં રસ્તા કાદવવાળા બને છે.
૮. રસ્તા ઉપરનાં ઝાડ પવનથી ડોલતાં હતાં.
૯. તે તળાવમાં ઘણી જળો હતી.
૧૦. તે ખેતરમાં એક ઘોડો પોતાના ઘરમાં પેસતી અમે જોઈ.

મનોયત્ન : ૭

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં નામોનાં વચનનું જે રૂપ ખોટું હોય તે કારણ આપી સુધારો—

૧. મેદાનમાં ઘણા છોકરાં રમે છે.
૨. આગમાં પાંચ ઝૂંપડા બળી ગયાં.
૩. ત્યાં છોકરા છોકરીઓ રમે છે. એ બધાં છોકરાને બોલાવી લાવો.
૪. આ ચોપડીમાં પાંચ પાના ફાટેલાં છે.
૫. કોટને ફરતે પાંચ દરવાજાં છે.
૬. મહેશે વાજા વાગતાં સાંભળ્યાં.
૭. મારા કબાટને ચાર બાના છે.
૮. મેં રોપેલા ત્રણ ગોટલાં ઊગ્યા છે.
૯. આ પર્વતમાંથી કેટલાં બધાં ઝરણા વહે છે?
૧૦. કબાટમાંથી કપડા કાઢો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬

નામની વિભક્તિ

નામને વિભક્તિના પ્રત્યયો લાગે છે એ તમે આગળ શીખી ગયા છો. હવે આપણે વિભક્તિના અર્થો વિશે વધારે શીખીએ, તે પહેલાં તમે જે શીખ્યા છો તેનું પુનરાવર્તન કરી લઈએ.

વિભક્તિ

નામ અને નામ વચ્ચે, તથા નામ અને ક્રિયાપદ વચ્ચેનો સંબંધ બતાવવા જે પ્રત્યયો વપરાય છે તેને વિભક્તિ કહે છે.

વિભક્તિ	૧ લી	૨ જી	૩ જી	૪ થી	૫ મી	૬ ઠ્ઠી	૭ મી
પ્રત્યય	—	ને	એ	ને	થી	નો, ની, નું, ના, નાં	માં, એ

'બળદ' અને 'ઝરણું'–નાં સાતે વિભક્તિનાં રૂપો બંને વચનમાં આપ્યાં છે.

બળદ

વિભક્તિ	એકવચન	બહુવચન
૧ લી	બળદ	બળદો
૨ જી	બળદને	બળદોને
૩ જી	બળદે	બળદોએ
૪ થી	બળદને	બળદોને
૫ મી	બળદથી	બળદોથી
૬ ઠ્ઠી	બળદનો, ની, નું, ના, નાં	બળદોનો, ની, નું, ના, નાં
૭ મી	બળદમાં	બળદોમાં

ઝરણું

	એકવચન	બહુવચન
૧ લી	ઝરણું	ઝરણાં
૨ જી	ઝરણાને	ઝરણાંને, ઝરણાંઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ જી ઝરણાએ	ઝરણાંએ, ઝરણાંઓએ
૪ થી ઝરણાને	ઝરણાંને, ઝરણાંઓને
૫ મી ઝરણાથી	ઝરણાંથી, ઝરણાંઓથી
૬ ઠ્ઠી ઝરણાનો, ની, નું, ના, નાં	ઝરણાંનો, ની, નું, ના, નાં ઝરણાંઓનો, ની, નું, ના, નાં
૭ મી ઝરણામાં	ઝરણાંમાં, ઝરણાંઓમાં

હવે આપણે વિભક્તિના અર્થો વિશે વિશેષ શીખીશું.

૧. **રામ** ગોવિંદને બોલાવે છે. ૨. ગોવિંદ **રામને** બોલાવે છે.

બોલાવે છે એ ક્રિયાપદ સાથે **રામ** એ પદનો પહેલા વાક્યમાં શો સંબંધ છે ? કર્તા તરીકેનો.

બીજું વાક્ય વાંચો. **રામને** એ પદનો ક્રિયાપદ સાથે શો સંબંધ છે ? કર્મ તરીકેનો.

કર્તા તરીકે **રામ** એ પદ પહેલી વિભક્તિમાં છે. 'રામ' એ પદ કર્મ તરીકે વપરાતાં એને બીજી વિભક્તિનો પ્રત્યય **ને** લાગ્યો છે. એવી જ રીતે **ગોવિંદ** એ પદ કર્તા અને કર્મ તરીકે જુદી જુદી વિભક્તિના પ્રત્યયો લે છે.

આ ઉપરથી જણાશે કે જ્યારે કોઈ પદ ક્રિયાપદ સાથે સંબંધ ધરાવે, ત્યારે તે જુદા જુદા સંબંધ બતાવવા જુદી જુદી વિભક્તિના પ્રત્યયો લે છે.

અભ્યાસ

નીચેનાં વાક્યોમાં જુદા જુદા શબ્દો કઈ કઈ વિભક્તિના પ્રત્યયો લઈને ક્રિયાપદ સાથે સંબંધ બતાવે છે, તેનો અભ્યાસ કરો :

વાક્ય	વિભક્તિ
૧. **રામ** કૂતરાને નવડાવે છે. ૨. **રામે** ચોપડી વાંચી.	**રામ** કર્તા તરીકે ૧ લી વિભક્તિમાં છે. **કૂતરાને** કર્મ તરીકે ૨ જી વિભક્તિમાં છે. **રામે** કર્તા તરીકે ૩ જી વિભક્તિમાં છે. **ચોપડી** કર્મ તરીકે પ્રત્યય વિના ૨ જી વિભક્તિમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. લુહાર **હથોડાએ** ટીપે છે.	હથોડો એ ટીપવાની ક્રિયાનું સાધન કે કરણ છે; તેથી કરણ તરીકે હથોડો એ પદ ૩ જી વિભક્તિનો પ્રત્યય **એ** લે છે.
૪. રાજાએ **બ્રાહ્મણને** ગાય આપી.	ગાય આપવાની ક્રિયા બ્રાહ્મણ પ્રત્યે થઇ છે. સંપ્રદાનનો સંબંધ બતાવવા **બ્રાહ્મણને** એ પદ ચોથી વિભક્તિમાં છે.
૫. હું **સ્ટેશનથી** આવ્યો.	આવવાની ક્રિયા જે સ્થળેથી થઇ, તે સ્થળથી અપાદાનનો – છૂટા પડવાનો – સંબંધ બતાવવા **સ્ટેશન** એ પદને પાંચમી વિભક્તિનો **થી** પ્રત્યય લાગ્યો છે.
૬. સુરેશ **ઘરમાં** બેઠો છે.	બેસવાની ક્રિયા જે સ્થળમાં થઇ છે, તે અધિકરણ કે સ્થળ બતાવવા **ઘર** એ પદને સાતમી વિભક્તિનો **માં** પ્રત્યય લાગ્યો છે.

ઉપર બતાવેલાં બધાં પદો ક્રિયાપદની સાથે સંબંધ બતાવવા જુદી જુદી વિભક્તિમાં આવ્યાં છે. છઠ્ઠી સિવાયની એ બધી વિભક્તિઓ [૧ લી, ૨ જી, ૩ જી, ૪ થી, ૫ મી, ૭ મી] **ક્રિયાપદ સાથે નામનો સંબંધ** બતાવતી હોવાથી **કારક વિભક્તિ** કહેવાય છે. [કારક એટલે નામનો ક્રિયાપદ સાથેનો સંબંધ]

વિશેષણ વિભક્તિ

૧. **રાતો** ઘોડો અહીં છે. ૨. **રામનો** ઘોડો તબેલામાં નથી.

પહેલા વાક્યમાં ઘોડાનું વર્ણન કયો શબ્દ કરે છે?—**રાતો** એ વિશેષણ.

બીજા વાક્યમાં ઘોડાનું વર્ણન કયો શબ્દ કરે છે ? **રામનો** એ પદ.

એ પદને કઇ વિભક્તિનો પ્રત્યય લાગ્યો છે ?—**છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય.** એ પદ શાનું કામ કરે છે ?—**વિશેષણનું**.

આ ઉપરથી સમજાશે કે એક નામ બીજા નામ સાથે સંબંધ રાખી છઠ્ઠી વિભક્તિમાં આવે છે, ત્યારે તે વિશેષણનું કામ કરે છે; તેથી છઠ્ઠી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભક્તિ એ **વિશેષણ** વિભક્તિ કહેવાય છે. છઠ્ઠી વિભક્તિમાં આવેલું પદ ક્રિયાપદ સાથે સંબંધ ધરાવતું નથી.

વિભક્તિના જુદા જુદા અર્થ

પહેલી વિભક્તિ

૧. ગોવિંદ વાંચે છે.
૨. **રામ,** તું અહીં આવ.

ગોવિંદ કર્તા તરીકે પહેલી વિભક્તિમાં. રામ એ પદ આવ ક્રિયાપદનો કર્તા નથી. અહીં રામને સંબોધન કરવામાં આવ્યું છે. જેને સંબોધન કરવામાં આવ્યું હોય, તેને માટે વપરાયેલું પદ **સંબોધન અર્થે પહેલી વિભક્તિમાં** આવે છે.

૩. રામથી **માળા** પડી ગઈ.

ઉદ્દેશ્ય તરીકે માળા પહેલી વિભક્તિમાં છે.

૪. મુંબઈ મોટું **શહેર** છે.

શહેર એ પદ મુંબઈ ને માટે જ વપરાયું છે. મુંબઈની જે વિભક્તિ હોય તેજ એની હોઇ શકે, તેથી એ પહેલી વિભક્તિમાં છે. એ પદ ક્રિયાપૂરકનું કામ કરે છે, તેથી એ **ક્રિયાપૂરકના અર્થમાં પહેલીમાં છે.** એને કેટલાક **વિધેયના અર્થમાં પહેલી** પણ કહે છે, કારણ કે **શહેર** એ પદ મુંબઈ વિષે વિધાન કરવામાં મદદ કરે છે.

૫. (ક) થાળીમાં ચાર **વાડકા** ચોખા છે.
(ખ) તેણે ભિખારીને ચાર **મૂઠી** ચોખા આપ્યા.

વાડકા અને **મૂઠી** એ બંને પદોને પ્રત્યય લાગ્યા નથી. એ બંને શબ્દો પરિમાણ કે **માપ** બતાવે છે. ચાર વાડકા ચોખા એટલે ચાર વાડકામાં માય એટલા ચોખા. આમ પરિમાણ કે માપ બતાવવા જે નામ વપરાય, તે પહેલી વિભક્તિનાં ગણાય છે. એને પરિમાણ અર્થે પહેલી કે **માપવાચક પહેલી વિભક્તિ** કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી વિભક્તિ

૧. લલિતાએ **ભિખારીને** બોલાવ્યો. — **ભિખારીને** એ પદ કર્મ અર્થે બીજીમાં છે.

૨. (ક) તેણે **ફળ** ખાધું.
(ખ) હું **રામાયણ** વાંચું છું. — ફળ અને રામાયણ એ કર્મો છે. તે બીજી વિભક્તિમાં છે. બંનેને બીજીનો પ્રત્યય લાગેલો નથી. એ અપ્રત્યય દ્વિતીયામાં છે.

૩. (ક) હું કાલે **સુરત** જઈશ.
(ખ) તમે **ગામ** જવાના છો? — અહીં **સુરત** તથા **ગામ** તરફ ગતિ કરવાની છે. જેના તરફ ગતિ કરવાની હોય, તે પદો બીજી વિભક્તિમાં આવે છે.

૪. (ક) તે ત્રણ **માઇલ** ચાલ્યો.
(ખ) અમે અહીં ત્રણ **મહિના** રહીશું. — ત્રણ માઇલ એટલે ત્રણ માઇલ સુધી, અને ત્રણ મહિના એટલે ત્રણ મહિના સુધી. આમ મર્યાદા કે હદ બતાવવા જે પદ વપરાય, તે બીજી વિભક્તિનું ગણાય છે.

નોંધ : સુરત અહીંથી ત્રણ **માઇલ** છે.

અહીં ત્રણ માઇલ એટલે ત્રણ માઇલ સુધી એવો અર્થ નથી. ત્રણ માઇલ એ શબ્દો ત્રણ માઇલના અંતરનું માપ બતાવે છે. સુરત અહીંથી ત્રણ માઇલ સુધીના વિસ્તારમાં છે, એવો આ વાક્યનો અર્થ નથી; એ ત્રણ માઇલ દૂર છે એમ કહેવાનો અર્થ છે. અહીં **માઇલ** એ પદ પહેલી વિભક્તિમાં છે. આવાં માપવાચક પદો પહેલી વિભક્તિનાં ગણાય છે.

મનોયત્ન : ૮

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં નામોની વિભક્તિ અને અર્થ કહો.

૧. **પવન** મંદ મંદ વહી રહ્યો હતો.
૨. પિતાની સંમતિ લઈ મહેન્દ્રે નવી **સાઇકલ** ખરીદી.
૩. **હે સાવિત્રી!** મારા આશીર્વાદથી **સત્યવાન** જીવતો થશે.
૪. તોફાની બાળકે **લાકડીને** ભાંગી નાખી.
૫. સાંજે મારે બે **ડોલ** પાણી જોઈશે.
૬. તમે **કલકત્તા** ક્યારે જવાના છો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજી વિભક્તિ

૧. રામે દૂધ પીધું.
૨. મેં હાથે કપડું વણ્યું.
૩. અતિશય **થાકે** તે માંદો પડ્યો.
૪. તે **આંખે** કાણો છે. તે **પગે** ખોડો છે.
૫. બાર **આને** કેટલી બદામ મળે છે?

રામે કર્તા અર્થે ત્રીજીમાં.
હાથે કરણ અર્થે ત્રીજીમાં.
થાકે એટલે થાકના કારણે. અહીં એ પદ કારણવાચક ત્રીજીમાં છે.
શરીરની ખોડ બતાવનારાં પદો ત્રીજીમાં આવે છે. **આંખે** ને **પગે** ત્રીજીમાં છે.
આને એ પદ મૂલ્ય કે કિંમત બતાવે છે. આને એટલે આના વડે. કિંમત બતાવનારાં પદો ત્રીજીમાં આવે છે. **આને** એ પદ ત્રીજી વિભક્તિમાં છે.

ચોથી વિભક્તિ

૧. રાજાએ **બ્રાહ્મણને** દાન આપ્યું.
૨. મારે **રમવાને** દડો જોઇએ છે.
૩. (ક) **હરિને** ખાવું નથી.
(ખ) **મારે** આજે ગામ જવું છે.

બ્રાહ્મણને એ પદ અહીં આપવાના કે **સંપ્રદાનના** અર્થમાં ચોથીમાં છે.
રમવાને—રમવાને માટે. આમ માટે કે સારુના અર્થમાં વપરાતાં પદો ચોથીમાં આવે છે.
હરિને અને **મારે** એ બંને પદો **કર્તાના** અર્થમાં ચોથીમાં છે.

૪. (ક) આ **ગાયને** એક વાછરડું છે.
(ખ) **ગાયને** ચાર આંચળ છે.

ગાયને—ગાયનું; **ગાયને**—ગાયનાં. અહીં આ બે પદો છઠ્ઠીના અર્થમાં ચોથી વિભક્તિમાં આવ્યાં છે. અહીં ચોથી વિભક્તિ છઠ્ઠીના અર્થમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૯

મોટા અક્ષરે છાપેલાં નામોની વિભક્તિ અને તેનો અર્થ કહો—

૧. **રામે** સવારના વાંચ્યું છે, પણ **હરિએ** વાંચ્યું નથી.
૨. કઠિયારો જંગલમાં **કુહાડીએ** લાકડાં કાપતો હતો.
૩. પૂજારીએ **બાળકોને** પ્રસાદ આપ્યો.
૪. મારે **ખરચવાને** પૈસા જોઇશે.
૫. સૈનિક ઘાયલ થવાથી **પગે** અપંગ બન્યો.
૬. **ગોવિંદને** પુસ્તક જોઇએ છે.

પાંચમી વિભક્તિ

૧. **સ્ટેશનથી** ગાડી ઊપડી.	**સ્ટેશનથી** છૂટા પડવાના એટલે **અપા**દાનના અર્થમાં પાંચમી વિભક્તિ.
૨. **રામથી** તે કામ થયું નહિ.	**રામથી**—કર્તાના અર્થમાં પાંચમી.
૩. મેં **સોટીથી** કૂતરાને માર્યો.	**સોટીથી** (સોટી વડે)–કરણ કે સાધનના અર્થમાં પાંચમી.
૪. **ધરતીકંપથી** ઘર પડી ગયું.	**ધરતીકંપથી**–કારણના અર્થમાં પાંચમી.
૫. ત્રણ **અઠવાડિયાંથી** તે માંદો છે.	**અઠવાડિયાંથી**–કાળ કે વખતની મર્યાદા બતાવવા પાંચમી.

છઠ્ઠી વિભક્તિ

૧. (ક) **રામનો** ઘોડો બનામ જીત્યો.	**રામનો**–વિશેષણના અર્થમાં છઠ્ઠી.
(ખ) **આંબાનું** ઝાડ સુંદર છે.	**આંબાનું**–વિશેષણના અર્થમાં છઠ્ઠી.
૨. એ **મિજાજનો** કડક છે.	**મિજાજનો**–મિજાજ વડે. ત્રીજીના અર્થમાં છઠ્ઠી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. તે ત્રણ **દિવસનો** ભૂખ્યો છે.	**દિવસનો**–દિવસથી. પાંચમીના અર્થમાં છઠ્ઠી.
૪. તમે **સવારના** આવ્યા છો ?	**સવારના**–સવારે. સાતમીના અર્થમાં છઠ્ઠી.
૫. **ઝાડની** ઉપર વાંદરો છે.	**ઝાડની** એ પદનો **ઉપર** એ નામયોગી સાથે સંબંધ છે. નામયોગી સાથે સંબંધ બતાવવા છઠ્ઠી.

સાતમી વિભક્તિ

૧. **ખડિયામાં** શાહી નથી.	**ખડિયામાં**—સ્થળ બતાવવા સાતમી.
૨. તે બધા **છોકરાઓમાં** ઊંચો છે.	**છોકરાઓમાં**—સમૂહમાંથી એકને જુદો પાડવાના અર્થમાં સાતમી.
૩. આટલા **પગારમાં** તમને કેમ ચાલે છે ?	**પગારમાં**—પગાર વડે. ત્રીજીના અર્થમાં સાતમી.

મનોયત્ન : ૧૦

મોટા અક્ષરે છાપેલાં નામોની વિભક્તિ અને તેનો અર્થ કહો—

૧. અમે મહેમાનોનું સ્વાગત **નમસ્કારથી** કર્યું.

૨. **રામથી** વિદાય લેતાં, ભરતની આંખોમાં ઝળઝળિયાં આવ્યાં.

૩. અમારા ગામનો મોટો વડ **વંટોળિયાથી** તૂટી પડ્યો.

૪. મારો પાડોશી **સ્વભાવનો** સારો છે.

૫. અમારી નૌકા **પાણીની** ઉપર સરળ **ગતિથી** જતી હતી.

૬. હિમાલયનાં **શિખરોમાં** કેટલાક **સાધુસંન્યાસીના** આશ્રમો છે.

૭. આટલા **પૈસામાં** સારો રેડિયો નહિ મળે.

૮. બધાં **ફૂલોમાં** ગુલાબનું ફૂલ સુંદર ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાન વિભક્તિ

એક જ પદાર્થને સૂચવવા બે કે વધારે નામો સાથે વપરાય, ત્યારે તેઓ એક જ અર્થની વિભક્તિનાં એટલે સમાન વિભક્તિનાં ગણાય છે—

	કઈ વિભક્તિની સમાન.
૧. મારા કાકા **મગનલાલ** બહાર ગયા છે.	કાકા પહેલી વિભક્તિમાં છે. મગનલાલ પહેલીની સમાન વિભક્તિમાં.
૨. અમે તેના **મિત્ર** અરવિંદને બોલાવ્યો.	મિત્ર બીજીની સમાન વિભક્તિમાં.
૩. **મહારાજા** અશોકે શિલાલેખ કોતરાવ્યા.	મહારાજા ત્રીજીની સમાન વિભક્તિમાં.
૪. તેણે મારા **ભાઈ** સુધાકરને ઇનામ આપ્યું.	ભાઈ ચોથીની સમાન વિભક્તિમાં.
૫. અમે હિંદના **પાટનગર** દિલ્હીથી આવીએ છીએ.	પાટનગર પાંચમીની સમાન વિભક્તિમાં.
૬. મારા **પાડોશી** દામોદરદાસની વાડી મોટી છે.	પાડોશી છઠ્ઠીની સમાન વિભક્તિમાં.
૭. આ મહાન **ખંડ** એશિયામાં અનેક પ્રજાઓ વસે છે.	ખંડ સાતમીની સમાન વિભક્તિમાં.
૮. બહેન **સુધા**, જરા પાણી લાવ તો.	સુધા સંબોધનની સમાન વિભક્તિમાં.

મનોયત્ન : ૧૨.

મોટા અક્ષરે છાપેલાં નામો અને સર્વનામોની વિભક્તિના અર્થ કહો—

૧. **સુભાષે** ફૂલની **માળા** બનાવી.

૨. ગંગા નદી **હિમાલયથી** મેદાન તરફ વહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. મારા કાકા દયારામ બજારમાં ગયા છે.
૪. શિકારીએ બંદૂકથી વાઘ માર્યો.
૫. મોહનની વાત ખરી છે.
૬. ભાઈ, તું મારી સાથે કેમ બોલતો નથી?
૭. મારાથી આ ઝાડની ઉપર ચડાશે નહિ.
૮. તેણે પાંચ પ્યાલા દૂધ પીધું.
૯. ગરીબને આટલા પૈસામાં કેમ ચાલે?
૧૦. તમે સવારના ત્યાં જશો?
૧૧. મારો મિત્ર મહેશ હૃદયનો સારો છે.
૧૨. તે એક રળિયામણું ગામ બન્યું છે.
૧૩. અમે આજે બે માઇલ દોડ્યા.
૧૪. અહીંથી મારું ગામ બે ગાઉ દૂર છે.
૧૫. ટાઢમાં ઓઢવાને ગરમ વસ્ત્રો જોઇએ.
૧૬. લક્ષ્મણ તાવે પીડાય છે.
૧૭. તે ભિખારી હાથે આંગો છે.
૧૮. લડાઇના વખતમાં પાંચ આને શેર દૂધ મળતું.
૧૯. આ ઝાડને પાંદડાં નથી.

●

પ્રકરણ ૭

સર્વનામના પ્રકાર

૧. રામ બોલ્યો, "હું સ્વાર્થને ખાતર જૂઠું બોલીશ નહિ."
૨. હરિ બોલ્યો, "તું કહે છે તે માન્ય છે."
૩. રામે મહેશ વિશે પૂછ્યું, "તે ત્યાં કેમ ઊભો છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે શીખી ગયા છો કે વાકયમાં નામને બદલે વપરાયેલું પદ સર્વનામ કહેવાય છે.

ઉપરનાં વાકયોમાં કયાં કયાં સર્વનામો છે ?—હું, તું, તે એ પદો સર્વનામો છે.

તમે એ પણ શીખી ગયા છો કે ભાષામાં ત્રણ પુરુષોનો ઉપયોગ થાય છે : (૧) બોલનાર તે પહેલો પુરુષ, (૨) સાંભળનાર તે બીજો પુરુષ, અને (૩) જેને ઉદ્દેશીને કંઈ બોલાય છે તે ત્રીજો પુરુષ કહેવાય છે.

ઉપરનાં સર્વનામને જુદા જુદા પુરુષો પ્રમાણે ગોઠવો.

પહેલો પુરુષ—હું

બીજો પુરુષ—તું

ત્રીજો પુરુષ—તે

ઉપરનાં સર્વનામો જુદા જુદા પુરુષોને ઉદ્દેશીને વપરાયાં છે. એ બધાં પુરુષવાચક સર્વનામ છે.

જે સર્વનામો ત્રણ પુરુષોનાં નામને બદલે વપરાય, તે **પુરુષવાચક સર્વનામ** કહેવાય છે.

પુરુષવાચક સર્વનામનાં વિભક્તિનાં રૂપ

સર્વનામ નામને બદલે વપરાતું હોવાથી તેનાં પણ નામની માફક સાતે વિભક્તિનાં રૂપ થાય છે.

હું

વિભક્તિ	એકવચન	બહુવચન
૧ લી	હું	અમે
૨ જી	મને	અમને
૩ જી	મેં, મારે	અમે, અમારે
૪ થી	મને, મારે	અમને, અમારે
૫ મી	મારાથી	અમારાથી
૬ ઠ્ઠી	મારો, મારી, મારું	અમારો, અમારી, અમારું
૭ મી	મારામાં	અમારામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું

વિભક્તિ	એકવચન	બહુવચન
૧ લી	તું	તમે
૨ જી	તને	તમને
૩ જી	તેં, તારે	તમે, તમારે
૪ થી	તને, તારે	તમને, તમારે
૫ મી	તારાથી	તમારાથી
૬ ઠ્ઠી	તારો, તારી, તારું	તમારો, તમારી, તમારું
૭ મી	તારામાં	તમારામાં

તે

વિભક્તિ	એકવચન	બહુવચન
૧ લી	તે	તે, તેઓ
૨ જી	તેને	તેમને, તેઓને
૩ જી	તેણે	તેમણે, તેઓએ
૪ થી	તેને	તેમને, તેઓને
૫ મી	તેથી, તેનાથી	તેઓથી, તેઓનાથી, તેમનાથી
૬ ઠ્ઠી	તેનો, તેની, તેનું	તેઓનો, તેઓની, તેઓનું તેમનો, તેમની, તેમનું
૭ મી	તેમાં, તેનામાં	તેઓમાં, તેઓનામાં, તેમનામાં

નોંધ : પુરુષવાચક સર્વનામનાં રૂપો ત્રણે જાતિમાં સરખાં હોય છે.

પ્રશ્નાર્થ સર્વનામ

૧. ઓરડામાં કોણ ફરે છે ? ૨. તમારે શું જોઈએ છે ?

૩. તમારે કયું ફળ જોઇએ ? આ ફળ કે પેલું ફળ ?

પ્રશ્ન પૂછવાના અર્થમાં વપરાતાં સર્વનામો પ્રશ્નાર્થ સર્વનામ કહેવાય છે. કોણ, શું, કયો, કઈ, કયું, એ બધાં પ્રશ્નાર્થ સર્વનામો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણ

કોણનાં ત્રણે જાતિમાં એકવચન તથા બહુવચનનાં રૂપ છઠ્ઠી સિવાયની બધી વિભક્તિમાં એકસરખાં રહે છે : માત્ર છઠ્ઠી વિભક્તિમાં વિશેષ્યની જાતિ તથા વચન પ્રમાણે જુદાં રૂપ બને છે.

કોણ

વિભક્તિ	
૧ લી	કોણ
૨ જી	કોને
૩ જી	કોણે
૪ થી	કોને
૫ મી	કોનાથી
૬ ઠ્ઠી	કોનો, કોની, કોનું (એકવચન); કોના, કોનાં (બહુવચન)
૭ મી	કોનામાં

શું

વિભક્તિ	એકવચન	બહુવચન
૧ લી	શું	શાં
૨ જી	શું, શાને, શેને	શાં, શાંને
૩ જી	શાણે, શેણે	શાંણે
૪ થી	શાને, શેને	શાંને
૫ મી	શાથી, શેથી	શાંથી
૬ ઠ્ઠી	શાના, શાની, શાનું	શાંના, શાંની, શાંનાં
	શેનો, શેની, શેનું	શેના, શેની, શેનાં
૭ મી	શામાં, શેમાં	શાંમાં

નોંધ—કોણ, કયો, કઈ, કયું, શો, શી, શું, એ શબ્દો સર્વનામ હોવા ઉપરાંત પ્રશ્નાર્થ વિશેષણ તરીકે નામ સાથે વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શક સર્વનામ

૧. આ મારું પુસ્તક છે; પેલું તમારું છે.
૨. આ બે માણસમાંથી પેલાને બોલાવો.
૩. તે બહુ મહેનત કરે છે : એ સારું નથી.
૪. તે શું છે ?

આ, પેલું, પેલાને, એ, તે, એ બધાં દર્શક સર્વનામો છે.

કોઇ પ્રાણી, પદાર્થ કે ક્રિયાના ગુણધર્મને આંગળીથી ચીંધીને કે તેને દર્શાવીને તેના નામને બદલે જે સર્વનામ વપરાય, તે **દર્શક સર્વનામ** કહેવાય છે.

ઘણુંખરું, પાસેની વસ્તુ માટે **આ** અને **એ** વપરાય છે, અને દૂરની વસ્તુ માટે **પેલું** અને **તે** વપરાય છે.

સંબંધી સર્વનામ

કેટલીક વાર વાક્યમાં એક સર્વનામ વાપરતાં તેની સાથે સંબંધ રાખનારું સર્વનામ અવશ્ય વાપરવું પડે છે. દા. ત. જ્યારે **જે** સર્વનામ વાપરીએ ત્યારે **તે** સર્વનામનો ઉપયોગ કરવો પડે છે. જેમકે,

જે મહેનત કરશે **તે** ફાવશે

અહીં **જે** અને **તે** એ બંને સર્વનામો એકબીજા સાથે સંબંધ રાખી સાથે જ વપરાય છે. આમ વાક્યમાં બે સર્વનામ એકબીજાના સંબંધ સાથે વપરાય, ત્યારે તે બંને **સંબંધી સર્વનામ** બને છે.

વાક્યમાં કેટલીક વાર **જે** અધ્યાહાર પણ રહે છે. જેમકે,
તમે આપશો **તે** હું લઈશ. (તમે **જે** આપશો **તે** હું લઈશ.)

કેટલાંક સંબંધી સર્વનામ

૧. જેટલું લાવ્યા તેટલું ખપી ગયું.
૨. જેવું વાવશો તેવું લણશો.
૩. જેવડું જોઈએ તેવડું હું બાંધી શકું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલું – તેટલું, જેવું – તેવું, જેવડું – તેવડું એ બધા શબ્દો જે અને તે સર્વનામ ઉપરથી સાધિત થયેલાં વિશેષણો છે; પરંતુ અહીં એનો પ્રયોગ સંબંધી સર્વનામ તરીકે થયેલો છે.

અનિશ્ચિત સર્વનામ

૧. કોઇ અહીં આવો. (કોઇ એટલે ગમે તે)
૨. દરેકને માટે બાગ ખુલ્લો છે. (દરેક એટલે ગમે તે કોઈ)
૩. **અમુક** એક વાત કહે અને **અમુક** બીજી કહે.
(અમુક એટલે કોઈ અનિશ્ચિત વ્યક્તિ)

જે સર્વનામ વડે ચોક્કસ પ્રાણી કે પદાર્થનો અર્થ સૂચવાતો નથી, પણ તેનો નિર્દેશ અનિશ્ચિત રહે છે, તે સર્વનામ **અનિશ્ચિત સર્વનામ** કહેવાય છે.

કેટલાંક અનિશ્ચિત સર્વનામો :
કંઈ, કેટલાક, સહુ, સૌ, ફલાણો, અન્ય, બીજું વગેરે.

સ્વવાચક સર્વનામ

૧. રામે જાતે આ કામ કર્યું છે.
૨. હું પોતે ત્યાં જઈશ.
૩. તમે પંડે આ કાર્ય કરજો.
૪. રાજાએ ખુદ તે હુકમ બહાર પાડ્યો.

પહેલા વાક્યમાં જાતે એ સર્વનામ 'રામ' ની પોતાની જાતને ઉદ્દેશીને વપરાયું છે.

પોતે એ સર્વનામ બોલનારે પોતાને ઉદ્દેશીને વાપર્યું છે.
પંડે એ સર્વનામ સાંભળનારને પોતાને ઉદ્દેશીને વપરાયું છે.
ખુદ સર્વનામ રાજાએ પોતે એવો અર્થ દર્શાવે છે.

જે સર્વનામ પોતાપણાનો અર્થ બતાવે, તેને **સ્વવાચક સર્વનામ** કહે છે. સ્વવાચક એટલે પોતાનો કે નિજનો અર્થ બતાવનારું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વવાચક સર્વનામ બે અર્થમાં વપરાય છે : (૧) ભાર દર્શાવવા માટે, (૨) કર્મના અર્થમાં.

(ક) ૧. હું પોતે ત્યાં ગયો હતો.

૨. તેણે જાતે આ કામ કર્યું હતું.

અહીં ક્રિયા કર્તાએ પોતે જ કરી છે, બીજાએ નહિ, એવો ભારપૂર્વક અર્થ દર્શાવવા ઉપલાં સ્વવાચક સર્વનામો વપરાયાં છે.

(ખ) ૧. તેણે પોતાને નુકસાન કર્યું.

૨. આપણે ઘણી વાર પોતાની જાતને છેતરીએ છીએ.

અહીં કર્તાની ક્રિયા પોતાના ઉપર જ થઈ છે, એટલે કે કર્તા પોતાનું જ કર્મ બન્યો છે. આમ કર્મનો અર્થ દર્શાવવા પણ સ્વવાચક સર્વનામ વપરાય છે.

કેટલાંક સ્વવાચક સર્વનામો

પોતે, જાતે, પંડે એ સ્વવાચક સર્વનામોની વિભક્તિનાં રૂપો છઠ્ઠી વિભક્તિ સિવાય ત્રણે જાતિમાં અને બંને વચનમાં એકસરખાં રહે છે.

વિભક્તિ	પોતે	વિભક્તિ
૧ લી	પોતે	૫ મી પોતાથી, પોતાનાથી
૨ જી	પોતાને	૬ ઠ્ઠી પોતાનો, પોતાની, પોતાનું, પોતાના, પોતાનાં
૩ જી	પોતે	૭ મી પોતામાં, પોતાનામાં
૪ થી	પોતાને	

પરસ્પરવાચક સર્વનામ

૧. આ મહોલ્લાના લોકો એકમેકને ચાહે છે.

૨. ભલા લોકો એકબીજાને મદદ કરે છે.

'એકમેકને' એ સર્વનામ પરસ્પરનો અર્થ બતાવે છે. એજ રીતે 'એકબીજાને' એ સર્વનામ પરસ્પરને એવો અર્થ બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે સર્વનામ બે કે તેથી વધારે નામોનો એકબીજાની વચ્ચેનો અથવા પરસ્પરનો અર્થ બતાવે, તે **પરસ્પરવાચક સર્વનામ** કહેવાય છે.

અભ્યાસ

૧. અમે **પરસ્પરને** આમંત્રણ આપ્યું છે.

૨. તમે આ વસ્તુઓ **અન્યોન્યમાં** વહેંચી લેજો.

૩. સૈનિકો **માંહોમાંહે** લડવા લાગ્યા.

ઉપરનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં સર્વનામો પરસ્પરવાચક સર્વનામો છે.

સર્વનામનાં જાતિ અને વચન

સર્વનામ જે નામને માટે વાક્યમાં વપરાયું હોય, તે નામનાં જાતિ અને વચન તેનાં જાતિ–વચન ગણાય છે.

૧. છોકરાએ રમત પૂરી કરી અને **તે** ઘેર ગયો.
(નરજાતિ એકવચન)

૨. છોકરીએ ફૂલની માળા ગૂંથી અને **તે** મંદિર ગઈ.
(નારીજાતિ એકવચન)

૩. કૂતરાં થોડી વાર ભરયાં અને પછી **તે** નાસી ગયાં.
(નાન્યતરજાતિ બહુવચન)

૪. સૈનિકોએ નાસવાનો પ્રયત્ન કર્યો પણ **તેઓ** પકડાઈ ગયા.
(નરજાતિ બહુવચન)

સર્વનામનાં જાતિવચન નક્કી કરવા માટે તે કયા નામને માટે વપરાયું છે તે શોધી કાઢવું, અને તે નામ પ્રમાણે તેનાં જાતિવચન ગણવાં.

મૂળ સર્વનામનો વિશેષણ તરીકે ઉપયોગ

કેટલાંક સર્વનામો જ્યારે નામની સાથે વપરાય ત્યારે તે વિશેષણનું કાર્ય કરે છે. દર્શક, પ્રશ્નાર્થ, સંબંધી અને અનિશ્ચિત સર્વનામો વિશેષણ તરીકે પણ વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વનામ	વિશેષણ
દર્શક	
૧. **આ** મારું પુસ્તક છે.	**આ** પુસ્તક મારું છે.
૨. **પેલું** તમારું છે.	**પેલું** પુસ્તક તમારું છે.
પ્રશ્નાર્થ	
૧. તમારે શું જોઇએ છે?	તમે **શો** ગુનો કર્યો?
	તેણે **શી** વાત કરી?
	તમે **શું** કામ કરશો?
૨. તમારે કયું જોઇએ? આ કે પેલું?	ગોવિંદે કયું પુસ્તક લીધું છે?
સંબંધી	
૧. **જે** ખવાય તે ખાઓ.	**જે** વસ્તુ ભાવે **તે** વસ્તુ લો.
અનિશ્ચિત	
૧. **કોઇ** અહીં આવો.	**કોઈ** નોકર નીચે ઊભો છે?
૨. તમે એને **કંઇ** આપજો.	તમારે **કંઈ** કામ કરવું જોઈએ.

મનોયત્ન : ૧૨

નીચેનાં વાક્યોમાં આવેલાં સર્વનામોના પ્રકાર કહો —

૧. **અમે એકબીજાને** ઘણો વખત થયાં ઓળખીએ છીએ.
૨. **તમારે** કયું જોઇએ છે? **આ** કે **પેલું**?
૩. **શેને** માટે આ બધી ધમાલ કરી રહ્યા છો?
૪. **જેને** માટે આપણે આટલો આત્મભોગ આપ્યો, **તે** અમે તે રીતે આપણે પ્રાપ્ત કરીશું.
૫. બધાંએ **પોતપોતાના** પગ ઉપર ઊભા રહેતાં શીખવું જોઈએ.
૬. **દરેકે પોતાની** ફરજ બજાવવી જોઇએ.
૭. જે કામ આપણે પંડે કરી શકીએ, તે બીજાને સોંપવું નહિ.
૮. જે માણસ **નિજને** છેતરે છે, તે પોતાનો ઉદ્ધાર કરી શકતો નથી.
૯. **એકમેકને** સંકટમાં સહાય કરવી જોઈએ, એ એક સાદું સત્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. **આપસઆપસમાં** લડાઇ કરવી નહિ.
૧૧. તમારે **જેટલું** જોઈએ તેટલું દૂધ લેજો.
૧૨. **કોને** માટે તમે આટલો બધો શ્રમ લો છો ?
૧૩. મુસલમાનોમાં **જે** મક્કાની હજ કરે છે, **તે** હાજી કહેવાય છે.
૧૪. જ્યારે **બંને** ઘણે વર્ષે મળ્યા ત્યારે ભેટી પડ્યા.
૧૫. મેં આપેલી વસ્તુઓ તમે **શેમાં** મૂકી છે ? કબાટમાં કે પેટીમાં ?
૧૬. **અમુક** એક વાત કહે અને બીજો **બીજી** વાત કહે, ત્યાં **કોનું** સાંભળવું ?

પ્રકરણ ૮

વિશેષણ—તેના પ્રકાર

વાક્યમાં આપણે જે નામો વાપરીએ છીએ, તેમને વિશે વધારે હકીકત કહેવા કે તેના અર્થમાં વધારો કરવા કેટલાક શબ્દો વપરાય છે.

૧. આકાશમાં **ઝગઝગતા** તારાઓ પ્રકાશે છે.
૨. તે **શૂરવીર** યોદ્ધો બહાદુરીથી લડ્યો.
૩. અમે **સાત** માઈલ ચાલ્યા.

ઉપરનાં વાક્યોમાં **ઝગઝગતા, શૂરવીર** અને **સાત** એ શબ્દો અનુક્રમે 'તારાઓ,' 'યોદ્ધો' અને 'માઈલ' એ નામના અર્થમાં વધારો કરે છે. આવા જે શબ્દો નામના અર્થમાં વધારો કરે છે, તે વિશેષણ કહેવાય છે.

જે શબ્દ પ્રાણી કે પદાર્થના ગુણનું કે સંખ્યાનું વર્ણન કરીને તેના નામના અર્થમાં વધારો કરે, તે **વિશેષણ** કહેવાય છે.

વિશેષણ અને વિશેષ્ય

વિશેષણ જે નામના અર્થમાં વધારો કરે છે, તે નામ **વિશેષ્ય** કહેવાય છે.

પહેલા વાક્યમાં **ઝગઝગતા** એ વિશેષણ છે, અને **તારાઓ** એ એનું **વિશેષ્ય** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષણના પ્રકાર

વિશેષણના તેના અર્થ કે કાર્ય પ્રમાણે નીચેના પ્રકારો થાય છે:

(૧) ગુણવાચક (૨) સંખ્યાવાચક (૩) માપવાચક (૪) દર્શક (૫) પ્રશ્નવાચક અને (૬) કૃદંત વિશેષણ.

(૧) ગુણવાચક વિશેષણ

૧. હોજમાં રંગીન માછલીઓ તરે છે.

૨. મને સુગંધીદાર ફૂલ ગમે છે.

૩. શરીરમાં ચોખ્ખું લોહી હોવું જોઈએ.

૪. ડાહ્યો દુશ્મન સારો, પણ મૂર્ખ મિત્ર નકામો.

ઉપરનાં વાક્યોમાં વિશેષણો ગુણવાચક છે, કારણ કે તે પ્રાણી કે પદાર્થના ગુણ બતાવે છે.

જે વિશેષણ નામનો ગુણ બતાવે, તે **ગુણવાચક વિશેષણ** કહેવાય છે.

(૨) સંખ્યાવાચક વિશેષણ

૧. છોડ ઉપર **પાંચ** ગુલાબ ખીલ્યાં છે.

૨. રઘુનાથ **ઘણાં** ઘરોનો માલિક છે.

૩. દશમો છોકરો બધામાં હોશિયાર છે.

ઉપરનાં વાક્યોમાં આવેલાં વિશેષણો સંખ્યાવાચક છે, કારણ કે તે પ્રાણી કે પદાર્થને વિશે સંખ્યાનો અર્થ બતાવે છે.

જે વિશેષણ સંખ્યાનો અર્થ બતાવે છે, તે **સંખ્યાવાચક વિશેષણ** કહેવાય છે.

(૩) માપવાચક વિશેષણ

૧. તપેલીમાં **થોડું** દૂધ લાવો.

૨. કડિયાએ **ઘણું** કામ કર્યું.

૩. શેરડીનો **કેટલોક** રસ ઢોળાઈ ગયો.

૪. તમે **આટલું** કામ જરૂર કરજો.

ઉપરનાં વાક્યોમાં આવેલાં વિશેષણો પદાર્થના માપનો કે જથ્થાનો અર્થ બતાવે છે, તેથી તે માપવાચક વિશેષણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે વિશેષણ માપ કે જથ્થાનો અર્થ બતાવે છે, તે **માપવાચક વિશેષણ** કહેવાય છે.

(૪) દર્શક વિશેષણ

૧. **પેલું** પુસ્તક અહીં લાવો.
૨. **આ** ફૂલ દેવને માટે છે.
૩. **તે** છોકરો પ્રમાણિક છે.
૪. **એ** વાત મને ગમે છે.

ઉપરનાં વિશેષણો પોતપોતાના નામને દર્શાવી તેના અર્થમાં વધારો કરે છે, તેથી એ દર્શક વિશેષણ છે. [એ બધાં મૂળ સર્વનામો છે.]

જે વિશેષણ વિશેષ્યને દર્શાવીને તેના અર્થમાં વધારો કરે છે, તે **દર્શક વિશેષણ** કહેવાય છે.

(૫) પ્રશ્નવાચક વિશેષણ

૧. તેણે **શું** કામ કર્યું છે ?
૨. તમે **શો** જવાબ લાવ્યા છો ?
૩. **કયું** પુસ્તક તમારે જોઈએ છે ?
૪. **કયો** માણસ અહીં સામો થાય તેમ છે ?
૫. **કોણ કોણ** છોકરાઓ ત્યાં હાજર છે ?

ઉપરનાં વાક્યોમાંનાં વિશેષણો પ્રશ્ન પૂછવામાં મદદ કરીને, પોતપોતાના નામના અર્થમાં વધારો કરે છે, તેથી તે પ્રશ્નવાચક વિશેષણ છે.

જે વિશેષણ પ્રશ્ન પૂછી નામના અર્થમાં વધારો કરે, તે **પ્રશ્નવાચક વિશેષણ** કહેવાય છે.

[આ વિશેષણો મૂળ પ્રશ્નાર્થ સર્વનામ છે.]

(૬) કૃદંત વિશેષણ

૧. મેદાનમાં **રમતા** છોકરાઓ જુઓ.
૨. મારો **લખેલો** કાગળ ક્યાં છે ?
૩. પેલો **ધોવાનો** રૂમાલ લાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનાં વિશેષણો કૃદંત છે, અને તે પોતાના નામના અર્થમાં વધારો કરે છે, તેથી તે કૃદંત વિશેષણ છે.

જે વિશેષણ કૃદંત હોઈ નામના અર્થમાં વધારો કરે છે, તે **કૃદંત વિશેષણ** કહેવાય છે.

વિકારી – અવિકારી વિશેષણ

વિશેષણના અર્થ પ્રમાણે તેના પ્રકાર આગળ બતાવ્યા છે; પણ એ વિશેષણોનાં રૂપો તપાસીએ તો તેના બે પ્રકાર આપણને માલૂમ પડે છે. વિશેષણનાં રૂપ ઉપરથી તેમના બે ભાગ પડે છે : (૧) વિકારી અને (૨) અવિકારી,

(૧)

રાતો (ઘોડો), **રાતી** (ઘોડી), **રાતા** (ઘોડાઓ)
ઘેાળું (પંખી), **ઘેાળાં** (પંખીઓ)
દશમો (છોકરો), **દશમી** (છોકરી)

ઉપરનાં વિશેષણો પોતાના વિશેષ્યનાં જાતિ અને વચન પ્રમાણે પોતાનાં રૂપ બદલે છે. આ વિશેષણો વિકારી વિશેષણ છે.

જે વિશેષણ પોતાના વિશેષ્યનાં જાતિ–વચન પ્રમાણે રૂપ બદલે છે, તે **વિકારી વિશેષણ** કહેવાય છે.

(૨)

સુંદર (ફૂલ), **સુંદર** (ફૂલો)	**પાંચ** (છોકરા)
સુંદર (દેખાવ), **સુંદર** (દેખાવો)	**પાંચ** (છોકરી)
સુંદર (નદી), **સુંદર** (નદીઓ)	**પાંચ** (ફૂલો)

સુંદર અને **પાંચ** એ વિશેષણો નર, નારી અને નાન્યતરજાતિનાં એકવચન અને બહુવચનનાં નામો સાથે વપરાયાં છે, તોપણ એમનું રૂપ એકનું એક રહે છે; એમના રૂપમાં વિકાર કે ફેરફાર થતો નથી. આવાં વિશેષણો અવિકારી વિશેષણ છે.

જે વિશેષણનું મૂળ રૂપ વિશેષ્યની જાતિ અને તેના વચન પ્રમાણે બદલાતું નથી, તે **અવિકારી વિશેષણ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિકારી વિશેષણનું બહુવચન

(૧) નામને પ્રત્યય લાગ્યો ન હોય ત્યારે :

	(નરજાતિ)	(નારીજાતિ)	(નાન્યતરજાતિ)
એકવચન :	**સારો** છોકરો	**સારી** છોકરી	**સારું** છોકરું
બહુવચન :	**સારા** છોકરાઓ	**સારી** છોકરીઓ	**સારાં** છોકરાંઓ

ઉપરના દાખલાઓ ઉપરથી જણાશે કે વિકારી વિશેષણનું બહુવચન નરજાતિમાં ઓ નો આ, અને નાન્યતરજાતિમાં ઉં નું આં કરવાથી થાય છે. નારીજાતિમાં રૂપ બદલાતું નથી.

(૨) નામને વિભક્તિનો પ્રત્યય લાગ્યો હોય ત્યારે :

નામને વિભક્તિનો પ્રત્યય લાગે ત્યારે નર અને નાન્યતરજાતિનાં નામ સાથે આવેલાં વિકારી વિશેષણનાં રૂપોમાં નીચે પ્રમાણે ફેરફાર થાય છે :

એકવચન		બહુવચન	
પ્રત્યય વિના	પ્રત્યય સાથે	પ્રત્યય વિના	પ્રત્યય સાથે
સારો છોકરો	**સારા** છોકરાને	સારા છોકરા	સારા છોકરાઓને
સારું બકરું	**સારા** બકરાને	સારાં બકરાં	સારાં બકરાંઓને

નરજાતિ (એકવચન)માં ઓ નો આ, (બહુવચનમાં) 'આ' સમાન રહે છે.
નાન્યતરજાતિ(એકવચન)માં ઉં નો આં, (બહુવચનમાં) 'આં' સમાન રહે છે.

વિકારી વિશેષણને નામની વિભક્તિનો પ્રત્યય

વિકારી વિશેષણને કેટલીક વાર નામની વિભક્તિનો પ્રત્યય લાગે છે.

૧. **ઉઘાડે** ડીલે તાપમાં જવું નહિ. ૨. **ઊંચે** સ્વરે બોલવું નહિ.

અહીં નામને વિભક્તિના જે પ્રત્યય લાગ્યા છે તેજ વિશેષણને પણ લાગ્યા છે. આથી નામની જે વિભક્તિ હોય છે તેજ વિશેષણની વિભક્તિ ગણાય છે.

ઉઘાડા ડીલે અને **ઊંચા** સ્વરે એવો પ્રયોગ પણ કરવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુવાદ્ય અને ક્રિયાપૂરક વિશેષણ (વિધિવાચક વિશેષણ)

૧. **તાજાં** ફળો ક્યાં છે ?

૨. આ ફળો **તાજાં** છે.

૩. ગુરુએ રમેશને **વિનયી** બનાવ્યો.

પહેલા વાક્યમાં **તાજાં** એ વિશેષણ ફળો એ નામ સાથે સંબંધ રાખે છે, અને સીધી રીતે તેના અર્થમાં વધારો કરે છે.

વાક્યમાં સીધી રીતે નામ સાથે આવી નામના અર્થમાં વધારો કરે, તે વિશેષણ **અનુવાદ્ય વિશેષણ** કહેવાય છે.

બીજા વાક્યમાં **તાજાં** એ વિશેષણ વિધેય પક્ષમાં રહી ક્રિયાપદ સાથે સંબંધ રાખી ફળો એ નામ વિશે વિધાન કરવામાં મદદ કરે છે. એજ રીતે ત્રીજા વાક્યમાં **વિનયી** એ વિશેષણ **રમેશને** એ નામ વિશે અર્થ પૂરો કરવામાં ક્રિયાપદને મદદ કરે છે. આમ ક્રિયાપદની સાથે રહી, ઉદ્દેશ્ય કે કર્મ તરીકે આવેલા નામના અર્થમાં આડકતરી રીતે વધારો કરે, તે વિશેષણ ક્રિયાપૂરકનું કામ કરે છે. આવાં વિશેષણ **ક્રિયાપૂરક વિશેષણ** કે **વિધિવાચક વિશેષણ** છે.

જે વિશેષણ વાક્યમાં ક્રિયાપૂરકનું કાર્ય કરી નામના અર્થમાં વધારો કરે છે, તે **ક્રિયાપૂરક વિશેષણ** કહેવાય છે.

અભ્યાસ

અનુવાદ્ય વિશેષણ	ક્રિયાપૂરક વિશેષણ
૧. મેં **ગળી** જલેબી ખાધી.	૧. તેનાથી દાળ **ખારી** બની.
૨. તેણે **ખાટી** કઢી પીધી.	૨. રસોઈયાએ કઢી **ખાટી** બનાવી.
૩. **લાલ** કાગળ લાવો.	૩. જે કાગળ **લાલ** છે તે લાવો.
૪. **ડાહ્યો** છોકરો ત્યાં ઊભો છે.	૪. ત્યાં ઊભેલો છોકરો **ડાહ્યો** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૧૩

નીચેનાં વાક્યોમાં આવેલાં વિશેષણોના પ્રકાર કહો અને દરેકનું વિશેષ્ય જણાવો—

૧. બાળકનાં અંગો કોમળ હોય છે.
૨. તે બીજે નંબરે પાસ થયો છે.
૩. ચંદ્રનાં કિરણો શીતળ હોય છે.
૪. મને ચાર–પાંચ ફૂલ આપો.
૫. હેમંત ઋતુમાં દિવસો ટૂંકા હોય છે.
૬. ઉનાળામાં દિવસો લાંબા હોય છે.
૭. મને આટલું કામ કરવા દેશો ?
૮. તમને તેણે શી હકીકત કહી ?
૯. દુર્જનનું હૃદય કઠોર હોય છે.
૧૦. ઉદાર માણસને ધન તૃણવત્ હોય છે.
૧૧. ભસતો કૂતરો ભાગ્યે જ કરડે.
૧૨. કાલે લખેલો કાગળ તમે ટપાલમાં નાખ્યો નહિ ?
૧૩. કેટલાંક બાળકો ઘટાદાર ઝાડ નીચે રમતાં હતાં.
૧૪. કાલે આવનાર માણસ સાથે આ ચિઠ્ઠી મોકલજો.
૧૫. તપાસવાના કાગળો તપાસેલા કાગળોથી જુદા પાડો.
૧૬. સૂતેલા સિંહના મોંમાં શિકાર પોતે જઈ પડતો નથી.
૧૭. કાગડાના સંગથી કોયલ પોતાનો મધુર ટહુકો ભૂલી જતી નથી.
૧૮. સિંહ ભૂખ્યો હોવા છતાં કદી ઘાસ ખાતો નથી.
૧૯. સો માણસે એક શૂરવીર જન્મે છે; હજાર માણસે એક પંડિત જન્મે છે.
૨૦. તીર્થક્ષેત્રમાં કરેલું પાપ વજ્રલેપ જેવું ચોંટે છે.
૨૧. જમનાનું પાણી નીલ છે; ગંગાનું શુભ્ર છે.
૨૨. જેની તૃષ્ણા વિશાળ છે, તેજ ખરેખર દરિદ્ર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૧૪

નીચેનાં વાક્યોમાં વિશેષણો અનુવાદ્ય કે ક્રિયાપૂરક, વિકારી કે અવિકારી છે તે જણાવો, અને તે કોના અર્થમાં વધારો કરે છે તે કહો—

૧. આ બાળકો **ઘણાં ચપળ** છે.

૨. તેઓ **અતિશય ભલા** છે.

૩. ગઈ કાલે ખરીદેલાં ફળો **સારાં** નીકળ્યાં.

૪. આગ્રામાં શાહજહાંએ **બંધાવેલો** તાજમહાલ સ્થાપત્ય–કળાનો **એક ઉત્તમ** નમૂનો છે.

૫. અમે રસ્તે જતા ભિખારીને થંભાવીને પૈસો આપ્યો.

૬. કોઈને કહેવાં વેણ કહેવાં નહિ; **વિનયી** વેણ સૌના દિલને જીતે છે.

૭. દરેકે **સત્ય** અને **મધુર** વાણી બોલવી જોઈએ.

૮. હિમાલયનાં **ઊંચાં** શિખરોમાં એવરેસ્ટ **પ્રખ્યાત** છે.

૯. દાર્જિલિંગ આગળથી કંચનજંગાનાં **ભવ્ય** અને **સુંદર** દર્શન કરી શકાય છે.

૧૦. સિંહ વાઘ કરતાં **સુંદર** અને **બળવાન** છે.

૧૧. પાંડવોમાં યુધિષ્ઠિર સૌથી મોટા ભાઈ હતા અને સહદેવ **નાના** હતા.

૧૨. મારા પાડોશીએ **ઉપલી** કોર્ટમાં ફરિયાદ નોંધાવી.

૧૩. તમારામાં રામ હોશિયાર છે, પણ **ભલા** હરિ જેટલો **પ્રમાણિક** નથી.

૧૪. આજે તમને હું બધી વાનીઓમાં **સ્વાદિષ્ટ** વાની આપીશ.

૧૫. ઈશ્વરની ઇચ્છા મનુષ્યની ઇચ્છા કરતાં **બળવાન** છે.

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૯

ક્રિયાપદના કાળ

૧. આજે શાળામાં રજા છે.

૨. રામ ઊંઘે છે.

પહેલા વાક્યમાં 'છે' ક્રિયાપદથી એવું સમજાય છે કે રજા આજે છે, એટલે કે અત્યારના કે વર્તમાન સમયમાં છે. એ ક્રિયાપદ પસાર થઈ ગયેલો કે આવવાનો સમય બતાવતું નથી.

એજ રીતે 'ઊંઘે છે' ક્રિયાપદ પણ ઊંઘવાની ક્રિયા વર્તમાન સમયમાં થાય છે એવો અર્થ બતાવે છે.

ક્રિયાપદનું રૂપ અત્યારનો કે વર્તમાન સમય બતાવે, તો ક્રિયાપદનો કાળ **વર્તમાનકાળ** કહેવાય છે.

અભ્યાસ

૧. અહીંના ખેડૂતો દૂધનું માખણ તથા પનીર વગેરે **બનાવે** છે.

૨. સુધા રંગબેરંગી રૂમાલ **ગૂંથે** છે.

૩. લેપચા લોકો બૌદ્ધ ધર્મ **પાળે** છે.

૪. મારી માતાને પ્રાર્થનામાં શ્રદ્ધા છે.

૫. પ્રભુ સાચા ભક્તને હમેશાં મદદ કરે છે.

વર્તમાનકાળનું બીજું રૂપ

૧. હરિએ પિતાને પૂછ્યું, "હું રેડિયો **વગાડું**?"

૨. સીતાએ બાને પૂછ્યું, "હું ભાઈને દૂધ **આપું**?"

'વગાડું' એટલે વગાડવાની ક્રિયા વર્તમાનકાળમાં કરું એવો અર્થ આ ક્રિયાપદનું રૂપ બતાવે છે. વર્તમાનકાળનું આ બીજા પ્રકારનું રૂપ છે.

૧. રમેશ ગીત **ગાય** છે.

૨. સુધાએ પૂછ્યું, "રમેશ ગીત **ગાય**?"

પહેલા વાક્યમાં વર્તમાનકાળનું પહેલું રૂપ છે. એમાં 'છ' ધાતુનું રૂપ મુખ્ય ક્રિયાપદની સાથે આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા વાક્યમાં વર્તમાનકાળનું બીજું રૂપ છે. એમાં 'છ' ધાતુનું રૂપ વપરાતું નથી.

ભૂતકાળ

૧. ગઈ કાલે હરિ સુંદર રમત **રમ્યો.**

૨. મારા પાડોશી પરમ દિવસે જ જાત્રાએ **ગયા.**

'રમ્યો' એ ક્રિયાપદ રમવાની ક્રિયા વર્તમાનકાળમાં બની નથી, પણ ગઈ કાલે એટલે કે પસાર થઈ ગયેલા સમયમાં બની છે એવો અર્થ બતાવે છે.

એ જ રીતે 'ગયા' એ ક્રિયાપદ જવાની ક્રિયા પસાર થઇ ગયેલા કાળમાં બની છે એવો અર્થ બતાવે છે.

ક્રિયાપદનું રૂપ પસાર થઈ ગયેલો કાળ બતાવે, તો તેનો કાળ **ભૂતકાળ** કહેવાય છે.

અભ્યાસ

૧. સમ્રાટ હર્ષે શ્યેનચાંગની કીર્તિ **સાંભળી.**

૨. જોતજોતામાં સૈન્ય જમણી બાજુ **ધસ્યું.**

૩. લોકમાન્ય વળી દેશસેવાના કાર્યમાં **ગૂંથાયા.**

૪. જનતાએ એમને સિંહનું બિરુદ **આપ્યું.**

૫. ગોવાળોએ ગાયોને ગળે ઘંટ અને ઘૂઘરાઓ **બાંધ્યા.**

ભવિષ્યકાળ

૧. આપણે દિવાળી પછી ડાંગર **લણીશું.**

૨. હવે તો બેલાડીઓ આવતા રવિવારે મેચ **રમશે.**

'લણીશું' એ ક્રિયાપદ લણવાની ક્રિયા વર્તમાનકાળમાં થાય છે કે ભૂતકાળમાં થઈ છે એવો અર્થ બતાવતું નથી. લણવાની ક્રિયા હજી આવતા સમયમાં એટલે કે ભવિષ્યના સમયમાં થવાની છે એવો અર્થ એ ક્રિયાપદ બતાવે છે.

એજ રીતે, બેલાડીઓ રમવાની ક્રિયા હજી આવતા કાળમાં કરવાના છે, એવો અર્થ 'રમશે' એ ક્રિયાપદ સૂચવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાપદનું રૂપ હવે પછી આવવાનો કાળ બતાવે, તો તેનો કાળ **ભવિષ્યકાળ** કહેવાય છે.

અભ્યાસ

૧. તમે આ બેતરમાં શું ઉગાડશો ?
૨. જેવું કરશો તેવું પામશો.
૩. હું અહીંથી કદી યે બસીશ નહિ.
૪. મમત કરશો તો પસ્તાવું પડશે.
૫. તમારી કીર્તિ વિશ્વભરમાં ફેલાશે.

જુદા જુદા કાળનાં રૂપાખ્યાન

વર્તમાનકાળ–[બંને રૂપ] 'હસ' ધાતુ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું હસું છું–હસું.	અમે હસીએ છીએ–હસીએ.
૨ જો	તું હસે છે–હસે.	તમે હસો છો–હસો.
૩ જો	તે હસે છે–હસે.	તેઓ હસે છે–હસે.

ભૂતકાળ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું હસ્યો.	અમે હસ્યા.
૨ જો	તું હસ્યો.	તમે હસ્યા.
૩ જો	તે હસ્યો.	તેઓ હસ્યા.

ભવિષ્યકાળ

પુરુષ	એકવચન	બહુવચન
૧ લો	હું હસીશ.	અમે હસીશું.
૨ જો	તું હસીશ–હસશે.	તમે હસશો.
૩ જો	તે હસશે.	તેઓ હસશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૧૫

કૌંસમાં ધાતુનાં નામ આપ્યાં છે. તે પરથી યોગ્ય કાળનું ક્રિયાપદ બનાવી ખાલી જગ્યાએ મૂકો—

૧. સૌ સાથે તેમનું વર્તન હમેશાં સમાન ——. (રહેવું)
૨. જ્યારે સવાર પડ્યું ત્યારે રામે મુકામ ——. (ઉઠાવવું)
૩. જેવું વાવશો તેવું ——. (લણવું)
૪. તેણે અપશબ્દ વાપર્યો, તેથી કપટે ——. (ખાવું)
૫. સુધા વાંચતી નથી, પણ રમેશ ——. (વાંચવું)
૬. જો ધીમે ધીમે ચાલશો, તો ગાડી ચૂકી ——. (જવું)
૭. જ્યાં ભ્રાતૃભાવ હોય છે ત્યાં સુખ ——. (હોવું)
૮. આ વરસે વરસાદ ખૂબ પડવાથી અનાજ સારું ——. (પાકવું)
૯. જો બેદરકાર રહેશો તો ——. (પસ્તાવું)
૧૦. જો પ્રમાણિક રહેશો તો અંતે લાભ ——. (થવું)
૧૧. મહા મહેનતે તેમણે અમારી વિનતિ ——. (સ્વીકારવું)
૧૨. તેણે ખૂબ અભ્યાસ કર્યો અને વિદ્વત્તા ——. (મેળવવું)
૧૩. બીજને દિવસે લોકો ચંદ્રનું દર્શન ——. (કરવું)
૧૪. આવતી સાલ અમે નાસિકના પ્રવાસે ——. (જવું)
૧૫. પ્રેમાળ માતા પોતાનાં બાળકોની ખૂબ સંભાળ ——. (રાખવું)

કાળના ખાસ ઉપયોગ

વર્તમાનકાળ રજા માગવાના અર્થમાં

૧. હું ઘેર જાઉં કે અહીં બેસું ?
૨. રામ બાગમાં જાય ?

અહીં ત્રણે ક્રિયાપદો વર્તમાનકાળનાં છે. રજા માગવાના અર્થમાં આ જાતનું રૂપ વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્તમાનકાળ આજ્ઞાના અર્થમાં

૧. અહીંથી સૌ ઘેર જાય.

૨. ફક્ત રામ જ બોલે, બીજો નહિ.

અહીં બંને ક્રિયાપદો વર્તમાનકાળનાં છે. ત્રીજા પુરુષમાં આજ્ઞાનો અર્થ બતાવવા આ જાતનું રૂપ વપરાય છે.

વર્તમાનકાળ આશીર્વાદના અર્થમાં

૧. પ્રભુ તમારું રક્ષણ કરે.

૨. તમારું નસીબ ઊઘડે એવી શુભેચ્છા.

અહીં આ ક્રિયાપદો વર્તમાનકાળનાં છે. આશીર્વાદનો અર્થ બતાવવા આ જાતનું રૂપ વપરાય છે.

વર્તમાનકાળ ભવિષ્યકાળના અર્થમાં

૧. હું આવતા રવિવારે ગામ જાઉં છું.

૨. આગબોટ પરમ દિવસે ઊપડે છે.

અહીં આ ક્રિયાપદો વર્તમાનકાળનાં છે, પણ એની ક્રિયા ભવિષ્યમાં બનવાની હોવાથી એ ભવિષ્યકાળનો અર્થ બતાવે છે. ભવિષ્યનો અર્થ બતાવવા આ જાતનું રૂપ વપરાય છે.

નીતિવચન કે સૂત્રો માટે વપરાતું વર્તમાનકાળનું રૂપ

૧. જેવું વાવે તેવું લણે.

૨. નેવનાં પાણી મોભે ન ચડે.

બંને વાક્યમાં જે હકીકત કહી છે તે કંઈ એક જ કાળને માટે સત્ય નથી. એ હકીકત ત્રણે કાળને લાગુ પડે છે, પણ ક્રિયાપદનું રૂપ તો વર્તમાનકાળનું જ વપરાય.

ભૂતકાળ નજીકના ભવિષ્યના અર્થમાં

૧. તમે રમવાનું શરૂ કરો : આ હું આવ્યો.

૨. તમે રજા આપો તો આ હું ચાલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં ક્રિયાપદનાં રૂપો ભૂતકાળમાં છે, પણ એની ક્રિયા હજી નજીકના ભવિષ્યકાળમાં બનવાની છે એવો એનો અર્થ છે. આમ નજીકના ભવિષ્યકાળના અર્થમાં ભૂતકાળનું રૂપ આ રીતે વપરાય છે.

અનોયત્ન : ૧૬

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં ક્રિયાપદો કયા કાળનાં છે, અને તે કયા ખાસ અર્થ બતાવે છે તે કહો—

૧. અમે અત્યારે બાગમાં ફરવા જઈએ ?
૨. હું આવું ત્યાં સુધી બધા ચૂપ બેસો.
૩. હું ઇચ્છું છું કે તમારી મુસાફરી સુખરૂપ બને.
૪. આવતા રવિવારે આફ્રિકાની આગબોટ ઊપડે છે.
૫. અમે પરમ દિવસે મુંબઈ જઈએ છીએ.
૬. જે બોદ્દે તે પડે.
૭. જે ફરે તે ચરે.
૮. જરા થોભો : આ હું દવા લાવ્યો.
૯. તમે હુકમ કરો કે હું દોડયો.
૧૦. હવે બધા જમવાનું શરૂ કરે ?

●

પ્રકરણ ૧૦

ક્રિયાપદના અર્થ

૧. હેમંત જરૂર ગયો હશે.
૨. હેમંત કદાચ ગયો પણ હોય.

ઉપરનાં બંને વાક્યોમાં હેમંતની જવાની ક્રિયા વિશે વિધાન કરવામાં આવ્યું છે. પરંતુ એ બંને વાક્યો એક જ અર્થ સૂચવતાં નથી : ઊલટું, બંને વાક્યો જુદો જુદો અર્થ સૂચવે છે. પહેલા વાક્યમાં જવાની ક્રિયા જરૂર થઈ હશે; એમાં શંકા નથી એવો અર્થ રહેલો છે. બીજામાં એવો નિશ્ચયનો અર્થ નથી, પણ ક્રિયા કદાચ થઈ હોય કે ન પણ બની હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો શંકાનો અર્થ રહેલો છે. આ અર્થભેદ દર્શાવવા બંને ક્રિયાપદનું રૂપ જુદું જુદું વપરાયું છે. આમ ક્રિયાપદ કાળ બતાવવા ઉપરાંત પોતાનો ખાસ અર્થ પણ બતાવે છે. **ગયો હશે** ક્રિયાપદ નિશ્ચયનો અર્થ બતાવે છે; **ગયો હોય** ક્રિયાપદ શંકાનો અર્થ દર્શાવે છે. ક્રિયાપદના અર્થના આવા જુદા જુદા પ્રકારો છે.

અર્થના પ્રકાર

ક્રિયાપદના અર્થના છ પ્રકાર છે : (૧) નિશ્ચયાર્થ (૨) સંશયાર્થ (૩) આજ્ઞાર્થ (૪) વિધ્યર્થ (૫) સંકેતાર્થ (૬) ક્રિયાની નિષ્ફળતાનો અર્થ—ક્રિયાતિપત્ત્યર્થ.

(૧) નિશ્ચયાર્થ (નિશ્ચયનો અર્થ)

૧. વરસાદ **પડે** છે.
૨. સૂર્ય રોજ **ઊગે** છે.
૩. રોહિત ત્યાં **જતો નથી.**
૪. રમેશ **પાસ થયો.**

ઉપરનાં ક્રિયાપદો ક્રિયા ચોક્કસ બને છે અથવા તો બનતી નથી એવો અર્થ સૂચવે છે. એ વાક્યોમાં કોઈ પણ જાતની શંકાનો અર્થ નથી. પરંતુ એ ક્રિયા બને છે અથવા નથી બનતી એમ નિશ્ચયપૂર્વક કહેવામાં આવ્યું છે. એ ક્રિયાપદોનો અર્થ નિશ્ચયાર્થ છે.

ક્રિયાપદ જ્યારે નિશ્ચય કે નક્કીપણાનો અર્થ સૂચવે, ત્યારે તે **નિશ્ચયાર્થનું** કહેવાય છે.

૧. તમે ત્યાં **જશો ?**
૨. મગન બાગમાં **જાય છે ?**

ઉપરનાં વાક્યમાં પ્રશ્ન પૂછવામાં આવ્યા છે. એ દરેક પ્રશ્નમાં નિશ્ચયનો અર્થ રહેલો છે, અને એનો જવાબ પણ **હા** કે **ના** એમ નિશ્ચયાર્થમાં આવે છે. આ ક્રિયાપદો પણ નિશ્ચયાર્થનાં છે.

(૨) સંશયાર્થ (શંકાનો અર્થ)

૧. રમણ કદાચ ઘરે **આવ્યો હોય.**
૨. મગન બાગમાં **હોય** પણ ખરો.
૩. કાળ જતાં આ વાત કદાચ **ભુલાય.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો હોય એ ક્રિયાપદ રમણ આવ્યો જ હશે એવો નિશ્ચયનો અર્થ બતાવતું નથી. રમણ આવ્યો હોય કે ન પણ આવ્યો હોય એવો શંકાનો કે સંશયનો અર્થ એ ક્રિયાપદ બતાવે છે. એજ રીતે બીજાં બંને ક્રિયાપદો ક્રિયા વિશે સંશયનો અર્થ દર્શાવે છે. આથી આ ક્રિયાપદોનો અર્થ સંશયાર્થ છે.

ક્રિયાપદ જ્યારે સંશય કે શંકાનો અર્થ દર્શાવે છે, ત્યારે તે **સંશયાર્થનું** કહેવાય છે.

(૩) આજ્ઞાર્થ (આજ્ઞાનો અર્થ)

૧. પેલી પેટી **લાવ.** ૩. મહેરબાની કરી પેલી ચોપડી **લાવો.**
૨. સાદડી પર નીચે **બેસ.** ૪. સહુ શાંતિ **જાળવો.**

લાવ, બેસ, લાવો અને **જાળવો** એ ક્રિયાપદોમાં ક્રિયા કરવા માટે આજ્ઞાનો અર્થ રહેલો છે. એ ક્રિયાપદોનો અર્થ આજ્ઞાર્થ છે.

જ્યારે ક્રિયાપદો આજ્ઞાનો અર્થ સૂચવે, ત્યારે તે ક્રિયાપદ **આજ્ઞાર્થનું** કહેવાય છે.

આજ્ઞાર્થમાં રહેલા પેટા અર્થો

ક્રિયાપદ આજ્ઞાર્થ સૂચવે ત્યારે તેમાં જુદા જુદા પેટા અર્થો પણ રહેલા હોય છે. પહેલા વાક્યમાં સ્પષ્ટ હુકમ સૂચવતી આજ્ઞા છે. પરંતુ ત્રીજા વાક્યમાં આજ્ઞાનું રૂપ વિનતિનો પેટા અર્થ સૂચવે છે. આવા જુદા જુદા પેટા અર્થો નીચે આપ્યા છે.

૧. આ ઓરડો સાફ **કર.** (**કર**–આજ્ઞાનો અર્થ)
૨. જૂઠું **બોલો નહિ.** (**બોલો નહિ**–નિષેધની આજ્ઞાનો અર્થ)
૩. જરાક પાણી **આપો.** (**આપો**–વિનતિ રૂપ આજ્ઞાર્થ)
૪. ઈશ્વરકૃપાથી સુખી **રહો.** (**રહો**–આશીર્વાદ રૂપ આજ્ઞાર્થ)
૫. પરીક્ષા માટે નિયમિત **વાંચજો.** (**વાંચજો**–શિખામણ રૂપ આજ્ઞાર્થ)
૬. તેનું નખ્ખોદ **જજો.** (**જજો**–શાપ બતાવે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ આજ્ઞાના મુખ્ય અર્થના પેટામાં વિવિધ અર્થ દર્શાવતાં રૂપો આવે છે. વાક્યનો અર્થ ધ્યાનમાં લેતાં એ પેટા અર્થ આપણે કહી શકીએ.

(૪) વિધ્યર્થ (વિધિનો અર્થ)

૧. હમેશાં સત્ય **બોલવું**.
૨. કદી કડવી વાણી ન **બોલવી**.
૩. નિયમિત **વાંચવું** ને **રમવું**.
૪. પ્રાણી પ્રત્યે પ્રેમ **રાખવો જોઈએ**.
૫. પ્રાણી પ્રત્યે દયા **રાખવી જોઈએ**.
૬. તમારે ત્યાં **જવું જોઈએ**.

બોલવું એ ક્રિયાપદ સત્ય બોલવાની આપણી ફરજ છે એવો ફરજનો અર્થ બતાવે છે. એજ રીતે બીજાં ક્રિયાપદો દરેક વાક્યમાં સૂચવેલી ક્રિયા કરવાની કે ન કરવાની આપણી ફરજ છે એવો અર્થ દર્શાવે છે.

ફરજને સંસ્કૃતમાં **વિધિ** કહે છે. તેથી આ ક્રિયાપદો (વિધિ+અર્થ) વિધ્યર્થ (ફરજના અર્થમાં) વપરાયાં છે.

ક્રિયાપદ જ્યારે વિધિ એટલે ફરજનો અર્થ સૂચવે, ત્યારે તેનો અર્થ **વિધ્યર્થ** કહેવાય છે.

નોંધ : વિધ્યર્થમાં સામાન્ય કૃદંતનું રૂપ અથવા તો સહાયકારી ક્રિયાપદ સાથે થયેલું રૂપ વપરાય છે.

દાખલા : બોલવું, વાંચવું, રમવું, રાખવો જોઇએ, રાખવી જોઈએ, જવું જોઇએ.

(૫) સંકેતાર્થ (શરતનો અર્થ)

૧. જો મહેનત કરો તો જરૂર ફળ મળે.
૨. વરસાદ ન **થાય** તો જરૂર દુકાળ પડશે.

પહેલા વાક્યમાં **જરૂર ફળ મળે** એમ કહ્યું છે, પણ એ ફળ મળવાનો આધાર એક શરત પૂરી કરવા પર રહેલો છે. એ શરત 'જો મહેનત કરો' એ ઉપવાક્ય દ્વારા સૂચવાઈ છે. અહીં **કરો** એ ક્રિયાપદ એક પ્રકારની શરતનો અર્થ સૂચવે છે.

એજ પ્રમાણે બીજા વાક્યમાં **વરસાદ ન થાય** એ શરત પૂરી પડે તો જ દુકાળ પડે એવો અર્થ છે. તેથી **થાય** ક્રિયાપદ શરતનો અર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચવે છે. (શરત માટે બીજો શબ્દ **સંકેત** છે.) આમ એ બંને ક્રિયાપદો સંકેતનો અર્થ સૂચવે છે.

ક્રિયાપદ જ્યારે શરત કે **સંકેત**નો અર્થ સૂચવે, ત્યારે તે શરતના અર્થમાં કે **સંકેતાર્થ**માં વપરાયેલું કહેવાય છે.

(૬) **ક્રિયાતિપત્ત્યર્થ** (ક્રિયાની નિષ્ફળતાનો અર્થ)

૧. ગયે વરસે વરસાદ પડ્યો હોત, તો પાક સારો થાત.

૨. તમે જલદી આવ્યા હોત, તો કાકાને મળી શકત.

૩. તમે વખતસર લખ્યત, તો આવું પરિણામ ન આવત.

પહેલા વાક્યમાં બોલનાર એમ કહેવા માગે છે કે વરસાદ પડવાની શરત પૂરી થઈ હોત, તો પાક જરૂર સારો થાત. પરંતુ એ શરત પૂરી થઈ નહિ, તેથી પાક પણ નિષ્ફળ ગયો. આમ એ વાક્યનો એવો અર્થ છે કે વરસાદ પડ્યો નહિ, (એટલે કે વરસાદ પડવાની ક્રિયા નિષ્ફળ ગઈ) **તેથી પાક થયો નહિ.** આવી રીતે શરતની નિષ્ફળતાને લઈને પરિણામની નિષ્ફળતા બતાવવી હોય, ત્યારે ક્રિયાપદનું આ પ્રકારનું રૂપ વપરાય છે.

એજ પ્રમાણે બીજા અને ત્રીજા વાક્યમાં, શરત પૂરી કરવાની ક્રિયા નિષ્ફળ ગઇ, એટલે પરિણામની ક્રિયા પણ નિષ્ફળ ગઈ એવો અર્થ ક્રિયાપદનું રૂપ દર્શાવે છે.

આ ક્રિયાપદો **ક્રિયાતિપત્ત્યર્થ** કે **ક્રિયાની નિષ્ફળતાનો અર્થ** દર્શાવે છે.

[ક્રિયાતિપત્ત્યર્થ = ક્રિયા + અતિપત્તિ + અર્થ. અતિપત્તિ એટલે નિષ્ફળતા. ક્રિયાતિપત્ત્યર્થ એટલે ક્રિયાની નિષ્ફળતાનો અર્થ.]

નોંધ : સંકેતાર્થ અને ક્રિયાની નિષ્ફળતાનો અર્થ એમ બંને અર્થમાં ક્રિયાપદ શરત સૂચવે છે. પરંતુ સંકેતાર્થમાં શરતનો અર્થ સીધો હોય છે, જ્યારે ક્રિયાની નિષ્ફળતાના અર્થમાં ક્રિયાપદ આડકતરી રીતે શરતની નિષ્ફળતાનો અર્થ સૂચવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૧૭

નીચેનાં વાકયેામાં મેાટા અક્ષરે છાપેલાં ક્રિયાપદેાના અર્થ કહેા—

૧. સિદ્ધાર્થને મેાજશેાખના વાતાવરણમાં ઉછેરવામાં આવ્યેા.
૨. મારા માર્ગમાંથી ખસી જાએા. ૩. કેાઈની હિંસા ન કરવી.
૪. મિથ્યાદૃષ્ટિ એટલે નાસ્તિકતા રાખવી નહિ.
૫. સ્ત્રીએા માટે પણ ભગવાન બુદ્ધે એક જુદેા સંઘ સ્થાપ્યેા હતેા.
૬. માદક પદાર્થોનું સેવન ન કરવું જોઈ એ.
૭. જો યાત્રા ધર્મદૃષ્ટિથી થાય તેા તે સફળ બને છે.
૮. વાદળાં પુષ્કળ હેાવાથી, સૂર્ય ન યે દેખાય.
૯. સેનાપતિએ હુકમ કર્યો, "જલદી કૂચ કરેા."
૧૦. જો તમારી દલીલ સાચી હેાય, તેા મારે કશું કહેવાનું નથી.
૧૧. મહેરબાની કરી આ વાતમાં વચ્ચે ન પડેા.
૧૨. તમારી સફર સફળ થાએા.
૧૩. જો મેાટી સત્તાએાએ નાની પ્રજાને ન કચડી હેાત, તેા વિશ્વયુદ્ધો ન થયાં હેાત.
૧૪. જેવેા સૂર્ય આથમ્યેા કે તારાએાએ ડેાકિયું કર્યું.
૧૫. બસરા બંદરેથી ખજૂર પરદેશ જાય છે.
૧૬. ઉતાવળે દેાડેા, ગાડી મળે પણ ખરી.

●

પ્રકરણ ૧૧

પ્રયેાગ

(૧) કર્તરિ પ્રયેાગ

૧. હરિ સાંજે રમતેા હતેા. ૩. છેાકરાએા મેદાનમાં રમતા હતા.
૨. સુધા સાંજે રમતી હતી. ૪. પંખી ત્યાં ઊડતું હતું.

ઉપરનાં બધાં વાકયેામાં ક્રિયાપદેા પેાતપેાતાના કર્તા સાથે સંબંધ રાખી રૂપ લે છે. હરિ એ પદ નરજાતિ ત્રીજા પુરુષ એકવચનમાં છે, તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની સાથે સંબંધ રાખનારું 'રમતો હતો' એ ક્રિયાપદ પણ નરજાતિ ત્રીજા પુરુષ એકવચનનું બન્યું છે. સુધા એ નામ નારીજાતિનું હોવાથી **રમતી હતી** એ ક્રિયાપદ પણ નારીજાતિનું બન્યું છે. ત્રીજા વાક્યમાં કર્તા **છોકરાઓ** બહુવચનમાં હોવાથી, ક્રિયાપદ પણ બહુવચનનું બન્યું છે. ચોથા વાક્યમાં **પંખી** એ નામ નાન્યતરજાતિ એકવચનમાં છે, તેથી એનું ક્રિયાપદ નાન્યતરજાતિ એકવચનનું બન્યું છે.

આમ અહીં આ બધાં ક્રિયાપદોએ કર્તાનાં જાતિવચન અને પુરુષ પ્રમાણે પોતાનાં રૂપ લીધાં છે. આમ થાય છે ત્યારે ક્રિયાપદનો વપરાશ કે પ્રયોગ કર્તા સાથે સંબંધ રાખે છે. ક્રિયાપદનો આવો પ્રયોગ કર્તરિ પ્રયોગ કહેવાય છે. [કર્તરિ પ્રયોગ = કર્તામાં એટલે કે કર્તાના સંબંધે પ્રયોગ]

જ્યારે ક્રિયાપદનો પ્રયોગ કર્તાના સંબંધમાં થાય છે, ત્યારે તે **કર્તરિ પ્રયોગ** કહેવાય છે.

નોંધ —(૧) કર્તરિ પ્રયોગમાં કર્તા પહેલી વિભક્તિમાં જ રહે છે.
(૨) ક્રિયાપદ અકર્મક કે સકર્મક હોય છે.

(૨) કર્મણિ પ્રયોગ

૧. ગોવિંદે **ચોપડી લખી.**
૨. મેં રામને **પુસ્તક આપ્યું.**
૩. રવીન્દ્રને **રોટલી ખાવી છે.**
૪. હરિએ શરમના માર્યા તે **વાત કહી નહિ.**
૫. હરિથી શરમના માર્યા તે **વાત કહેવાઈ નહિ.**

અહીં બધાં ક્રિયાપદોએ પોતપોતાનાં કર્મનાં જાતિવચન અને પુરુષ પ્રમાણે રૂપ લીધાં છે. એટલે ક્રિયાપદનો પ્રયોગ અહીં કર્મ સંબંધે થયો છે. આથી આ બધાં ક્રિયાપદો કર્મણિ પ્રયોગમાં છે. [કર્મણિ પ્રયોગ=કર્મમાં એટલે કે કર્મના સંબંધે પ્રયોગ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે ક્રિયાપદનો પ્રયોગ કર્મના સંબંધમાં થાય છે, ત્યારે તે **કર્મણિ પ્રયોગ** કહેવાય છે.

નોંધ—(૧) ક્રિયાપદ સકર્મક હોવું જોઇએ.

(૨) કર્તા ત્રીજી, ચોથી અથવા પાંચમી વિભક્તિમાં હોય છે.

(૩) ભાવે પ્રયોગ

૧.	સીતાથી જરા પણ **ચલાયું નહિ.**	[ચાલવાનું]	અકર્મક
૨.	છોકરાથી **હસાઇ ગયું.**	[હસવાનું]	
૩.	મગનને શહેરમાં **ગમ્યું નહિ.**	[ગમવાનું]	
૪.	મને પગમાં **દુખે છે.**	[દુખવાનું]	
૫.	મેં **વાંચ્યું છે.**	[વાંચવાનું]	સકર્મક
૬.	મારે **વાંચવું નથી.**	[વાંચવાનું]	અકર્મક તરીકે
૭.	મહંતથી **વંચાયું નહિ.**	[વાંચવાનું]	

'**ચલાયું**' એ ક્રિયાપદ નાન્યતરજાતિ એકવચનમાં છે. ત્યારે એ કોની સાથે સંબંધ રાખી પોતાનું રૂપ લે છે ? **સીતા** એ નામ નારીજાતિનું છે, એટલે અહીં પ્રયોગ કર્તરિ નથી. વળી વાક્યમાં કર્મ પણ નથી, એટલે પ્રયોગ કર્મણિ પણ નથી. ત્યારે આ પ્રયોગ કયો છે ?

પહેલા વાક્યને વિસ્તારીને નીચે પ્રમાણે લખી શકાય :

૧. સીતાથી જરા પણ (ચાલવાનું) ચલાયું નહિ. અહીં '**ચાલવાનું**' અધ્યાહાર પદ નાન્યતરજાતિ એકવચનમાં છે. એ ચાલવાની ક્રિયાનું નામ છે. ક્રિયાપદનું રૂપ પણ નાન્યતરજાતિ એકવચનનું છે. આથી ક્રિયાપદ આ અધ્યાહાર પદ સાથે જ સંબંધ રાખી અહીં પોતાનું રૂપ લે છે.

'**ચાલવાનું**' એ નામ ક્રિયાપદની ક્રિયાનું નામ છે. આમ ચાલવાનું એ નામ ક્રિયાપદના ભાવનું નામ છે. અહીં ક્રિયાપદના ભાવના નામ સાથે સંબંધ રાખી ક્રિયાપદ પોતાનું રૂપ લે છે, તેથી આ ક્રિયાપદનો પ્રયોગ **ભાવે** પ્રયોગ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એજ રીતે બીજાં બધાં વાક્યોમાં ક્રિયાપદો પોતપોતાનાં ભાવનાં નામ 'હસવાનું,' 'ગમવાનું,' 'દુખવાનું' વગેરે સાથે સંબંધ રાખી પોતાનું રૂપ લે છે, તેથી એ બધાં ક્રિયાપદો **ભાવે પ્રયોગમાં** છે.

જ્યારે ક્રિયાપદનો પ્રયોગ ક્રિયાપદમાં રહેલા ભાવના સંબંધમાં થાય છે, ત્યારે તે **ભાવે પ્રયોગ** કહેવાય છે.

નોંધ—(૧) ક્રિયાપદ મોટે ભાગે અકર્મક જ હોય છે. કોઈ વાર સકર્મક ક્રિયાપદ અકર્મક તરીકે ક્રિયાના ભાવને ઉદ્દેશીને વપરાય છે..

(૨) અકર્મક ક્રિયાપદના ભાવે પ્રયોગમાં કર્તા ચોથી કે પાંચમી વિભક્તિમાં હોય છે.

(૩) સકર્મક ક્રિયાપદના ભાવે પ્રયોગમાં કર્તા ત્રીજી, ચોથી કે પાંચમી વિભક્તિમાં હોય છે.

(૪) ક્રિયાપદના ભાવનું નામ નાન્યતરજાતિ એકવચનનું હોય છે, તેથી ક્રિયાપદ પણ નાન્યતરજાતિ એકવચનમાં હોય છે.

કર્મણિ પ્રયોગમાં રચનાભેદ

૧. તેણે **કાગળ લખ્યો નહિ.**

૨. તેનાથી જવાની ઉતાવળમાં **કાગળ લખાયો નહિ.**

પહેલા વાક્યમાં 'તેણે' એ પદ કર્તા છે, અને ત્રીજી વિભક્તિમાં છે. આ વાક્યની રચનામાં ક્રિયા કરવામાં કર્તા સ્વતંત્ર અને ક્રિયાશીલ છે એવો અર્થ છે.

બીજા વાક્યમાં કર્તા પાંચમી વિભક્તિમાં છે. આ રચનામાં 'લખાયો નહિ' એટલે 'લખી શકાયો નહિ' એવો અર્થ રહેલો છે. અહીં કર્તા ક્રિયાશીલ નહિ, પણ ક્રિયા કરવામાં નિમિત્ત કે સાધન માત્ર હોય એવો અર્થ રહેલો છે.

આમ કર્મણિ પ્રયોગમાં કર્તાના અર્થનો ભેદ બતાવતી બે રચના હોય છે. બીજા વાક્યની રચનાને કર્તૃ–કરણ રચના કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૧૮

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદો કયા પ્રયોગમાં છે તે કહો—

૧. રાજાએ યુદ્ધ કર્યું, પણ છેવટે તે હારી ગયો.
૨. હરિએ કાશ્મીરના સુંદર દેખાવો જોયા, પણ આંખો ધરાઈ નહિ.
૩. બાબરને ઉતાવળે કાબુલ પાછા ફરવું પડ્યું.
૪. તેણે દૂરથી જોયું કે હું એની ઇશારત સમજ્યો હતો.
૫. તેને લાગ્યું કે મારે મિસરની સૂબાગીરી જોઈતી નથી.
૬. અમે ઊંચે તારાઓ દીઠા તો તે હસતા હતા.
૭. ભૂવાએ ચલમના દમ તાણ્યા અને જૂના વળગાડનાં બેચાર ગપ્પાં માર્યાં.
૮. રાજા બોલ્યો, "મારે શાંતિ જોઈતી હતી."
૯. શિકારીએ બાણ છોડ્યું, પણ તેનાથી હરણ વીંધાયું નહિ.
૧૦. પવન ખૂબ ફૂંકાયો; તેનાથી વૃક્ષો તૂટી પડ્યાં.

પ્રકરણ ૧૨

સમાસ

તેણે તેનાં **ભાઈબહેનને** બોલાવ્યાં.

આ વાક્યમાં ભાઈબહેનને એ શબ્દનો અર્થ **ભાઈને** અને **બહેનને** એવો થાય છે. આમ એ શબ્દ બે શબ્દનો બનેલો છે, પણ વાક્યમાં એક જ પદ તરીકે વપરાયો છે, અને તેથી જ એ આખા સંયુક્ત શબ્દને વિભક્તિનો પ્રત્ય **ને** લાગ્યો છે. આવા સંયુક્ત શબ્દ સમાસ કહેવાય છે. જ્યારે બે કે તેથી વધારે શબ્દો સાથે આવે અને અર્થની દૃષ્ટિએ એક શબ્દ તરીકે વપરાય ત્યારે એ શબ્દોનો સમાસ થયો કહેવાય છે. સમાસ શબ્દ **સમ્** એ ઉપસર્ગ અને **આસ્** ધાતુના યોગે બનેલો છે. સમ્ એટલે સાથે અને આસ્ એટલે બેસવું તે. આમ **બે** કે તેથી વધુ શબ્દોનું એક શબ્દ રૂપે સાથે હોવું તે **સમાસ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાસનો વિગ્રહ

સમાસમાં આવેલાં પદોને છૂટાં પાડીને જ્યારે તેમની વચ્ચેનો સંબંધ બતાવાય, ત્યારે સમાસનો વિગ્રહ કર્યો કહેવાય છે. દા. ત. ભાઈબહેન = ભાઈ અને બહેન.

સમાસના પ્રકાર

૧. દ્વંદ્વ

સમાસ	વિગ્રહ
માતાપિતા	માતા અને પિતા
સીતારામ	સીતા અને રામ
હારજીત	હાર અને જીત
રામલક્ષ્મણભરતશત્રુઘ્ન	રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન

ઉપર આપેલા સમાસો પૈકી કેટલાકનાં પદો **અને** ના સંબંધે જોડાયેલાં છે, તો કેટલાકનાં પદો વચ્ચે **અથવા**નો સંબંધ છે. આમ **અને, કે, અથવા**ના સંબંધે સમાસમાં પદો આવે, ત્યારે તે સમાસ **દ્વંદ્વ સમાસ** કહેવાય છે. દ્વંદ્વ સમાસમાં બધાં પદો એક જ વિભક્તિનાં હોય છે; તેમને સમાન કક્ષાનાં છે એમ કહી શકાય.

એ સમાસમાં કોઈ એક પદ પ્રધાનપદે નથી, પરંતુ તેમની વચ્ચેનો સંબંધ "અને–અથવા" એ પ્રધાન છે એમ કહી શકાય.

જે દ્વંદ્વ સમાસમાં **અને** ના સંબંધે પદો આવેલાં હોય છે તે દ્વંદ્વને ઇતરેતર દ્વંદ્વ કહે છે, અને જે સમાસમાં **અથવા** ના સંબંધે પદો આવેલાં હોય તે દ્વંદ્વ વૈકલ્પિક દ્વંદ્વ કહેવાય છે.

૨. તત્પુરુષ

સમાસ	વિગ્રહ	વિભક્તિનો પ્રત્યય
દેવસ્થાન	દેવનું સ્થાન	છઠ્ઠીનો નું
રસપૂર્ણ	રસ વડે પૂર્ણ	ત્રીજીનો વડે
ઋણમુક્ત	ઋણથી મુક્ત	પાંચમીનો થી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવસ્થાન એ સમાસમાં બે પદો છે : દેવ તથા સ્થાન. આ બે પદોમાં આગલું પદ પાછલા પદ સાથે છઠ્ઠી વિભક્તિના સંબંધે જોડાયેલું છે. એથી દેવસ્થાન એટલે દેવનું સ્થાન એવો અર્થ થાય. **રસપૂર્ણ** એ સમાસમાં આગલું એટલે પૂર્વપદ, પાછલા એટલે ઉત્તરપદ સાથે ત્રીજીના સંબંધે આવેલું છે. તેથી રસપૂર્ણનો અર્થ રસ વડે પૂર્ણ એવો થાય છે. તેવી જ રીતે, **ઋણમુક્ત** એ સમાસમાં પૂર્વપદ ઉત્તરપદ સાથે પાંચમી વિભક્તિના સંબંધે આવેલું છે, અને તેનો અર્થ ઋણથી મુક્ત એવો થાય છે.

ઉપરના બધા સમાસોમાં પૂર્વપદ ઉત્તરપદ સાથે કોઇને કોઈ વિભક્તિના સંબંધે આવેલું છે. એ વિભક્તિના પ્રત્યયનો એમાં ઉલ્લેખ કરેલો નથી; એનો લોપ થયેલો છે. જે સમાસનાં બંને પદો પહેલી સિવાયની (બીજીથી તે સાતમી વિભક્તિ સુધીની) કોઇ પણ વિભક્તિના સંબંધે જોડાયેલાં હોય, તે સમાસ **તત્પુરુષ સમાસ** કહેવાય છે. તત્પુરુષ એ શબ્દ પોતે જ તત્પુરુષ સમાસનો દાખલો છે. તત્પુરુષ એટલે (**તસ્ય પુરુષઃ**) તેનો પુરુષ એવો અર્થ થાય છે.

તત્પુરુષ સમાસનાં બંને પદો સમાન કક્ષાનાં નથી હોતાં. એમાં ઉત્તરપદને ઉદ્દેશીને પૂર્વપદને વિભક્તિનો પ્રત્યય લાગે છે, તેથી તત્પુરુષ સમાસ એ ઉત્તરપદ-પ્રધાન સમાસ કહી શકાય. જે વિભક્તિના સંબંધે એનાં પદો જોડાયેલાં હોય, તે વિભક્તિનો એ તત્પુરુષ કહેવાય છે.

જુદી જુદી વિભક્તિના તત્પુરુષો

દ્વિતીયા તત્પુરુષ

સમાસ	પ્રત્યય	વિગ્રહ
પરવશ	ને	પરને વશ
દૈવાશ્રિત	ને	દૈવને આશ્રિત
સ્નેહાધીન	ને	સ્નેહને અધીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં 'પર,' 'દેવ,' અને 'સ્નેહ' એ પદોનો બીજી વિભક્તિનો પ્રત્યય સમાસમાં અધ્યાહાર રહે છે. સમાસનો વિગ્રહ કરતી વખતે એ પ્રત્યય એ પદોને લગાડવામાં આવે છે. અહીં પૂર્વપદ પાછલા પદ સાથે બીજી વિભક્તિના સંબંધે જોડાયેલું છે. આથી આ દ્વિતીયા તત્પુરુષ સમાસ છે.

તૃતીયા તત્પુરુષ

સમાસ	પ્રત્યય	વિગ્રહ
હસ્તલિખિત	વડે	હસ્ત વડે લિખિત
રસપૂર્ણ	વડે	રસ વડે પૂર્ણ
હસ્તકૃત	વડે	હસ્ત વડે કૃત
વિષમિશ્રિત	વડે	વિષ વડે મિશ્રિત
લોકમાન્ય	વડે	લોક વડે માન્ય

અહીં 'હસ્ત,' 'રસ,' 'વિષ' અને 'લોક' એ પૂર્વપદોનો ત્રીજી વિભક્તિનો પ્રત્યય સમાસમાં અધ્યાહાર રહે છે. સમાસનો વિગ્રહ કરતી વખતે એ પ્રત્યય એ પદોને લગાડવામાં આવે છે. અહીં પૂર્વપદ પાછલા પદ સાથે ત્રીજી વિભક્તિના સંબંધે જોડાયેલું છે, તેથી એ તૃતીયા તત્પુરુષ સમાસ છે.

ચતુર્થી તત્પુરુષ

સમાસ	પ્રત્યય	વિગ્રહ
અનાથાશ્રમ	માટે	અનાથ માટે આશ્રમ
બ્રહ્મભોજન	માટે	બ્રાહ્મણ માટે ભોજન
સૂર્યવંદન	ને	સૂર્યને વંદન
કૃષ્ણાર્પિત	ને	કૃષ્ણને અર્પિત

અહીં 'અનાથ,' 'બ્રહ્મ,' 'સૂર્ય' અને 'કૃષ્ણ' એ પૂર્વપદોનો ચોથી વિભક્તિનો પ્રત્યય સમાસમાં અધ્યાહાર રહે છે. સમાસનો વિગ્રહ કરતી વખતે એ પ્રત્યય એ પદોને લગાડવામાં આવે છે. અહીં પૂર્વપદ પાછલા પદ સાથે ચોથી વિભક્તિના સંબંધે જોડાયેલું છે, તેથી એ ચતુર્થી તત્પુરુષ સમાસ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંચમી તત્પુરુષ

સમાસ	પ્રત્યય	વિગ્રહ
ચિંતામુક્ત	થી	ચિંતાથી મુક્ત
આકાશપતિત	થી	આકાશથી પતિત (પડેલું)
વચનભ્રષ્ટ	થી	વચનથી ભ્રષ્ટ
જૈનેતર	થી	જૈનથી ઇતર (જુદા)
ભયમુક્ત	થી	ભયથી મુક્ત

અહીં પૂર્વપદ પાછલા પદ સાથે પાંચમી વિભક્તિના સંબંધથી જોડાયેલું છે, તેથી એ પંચમી તત્પુરુષ સમાસ છે.

ષષ્ઠી તત્પુરુષ

સમાસ	પ્રત્યય	વિગ્રહ
લોકરાજ	નું	લોકોનું રાજ
જ્ઞાનપ્રાપ્તિ	ની	જ્ઞાનની પ્રાપ્તિ
રાજ્યાશ્રય	નો	રાજ્યનો આશ્રય
તીર્થયાત્રા	ની	તીર્થની યાત્રા
જનસેવા	ની	જનોની સેવા

અહીં પૂર્વપદ ઉત્તરપદ સાથે છઠ્ઠી વિભક્તિના સંબંધથી જોડાયેલું છે, તેથી એ ષષ્ઠી તત્પુરુષ સમાસ છે.

સપ્તમી તત્પુરુષ

સમાસ	પ્રત્યય	વિગ્રહ
લોકપ્રિય	માં	લોકોમાં પ્રિય
વ્યવહારકુશળ	માં	વ્યવહારમાં કુશળ
કલાનિપુણ	માં	કલામાં નિપુણ
ચિંતામગ્ન	માં	ચિંતામાં મગ્ન
વનવાસ	માં	વનમાં વાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં પૂર્વપદ પાછલા પદ સાથે સાતમી વિભક્તિના સંબંધથી જોડાયેલું છે, તેથી એ સપ્તમી તત્પુરુષ સમાસ છે.

નોંધ : આટલા સમાસો જ તમારે અભ્યાસક્રમ પ્રમાણે અહીં શીખવાના છે. બીજા આગળ ઉપર શીખશો.

મનોયત્ન : ૧૯

નીચેના સમાસોના પ્રકાર કહો અને તેનો વિગ્રહ કરો—

કાકાકાકી	લોકશાળા	સ્થાનભ્રષ્ટ	રોગગ્રસ્ત
લોકગીત	દ્વેષમુક્ત	દર્શીદ્વંદ્વ	જપમાળા
શત્રુમિત્ર	રામરાજ્ય	દાસદાસી	કુળકલંક
ભયમુક્ત	પશુપંખી	સર્વશ્રેષ્ઠ	દેશપરદેશ
બાલજીવન	ગાયભેંસ	સ્નેહભીનું	જરજમીન
શાકભાજી	મનપસંદ	રોગયુક્ત	સુખમમ્મ
મરીમસાલો	શૂરવીર	રાગદ્વેષ	મતિભ્રષ્ટ
કાર્યકુશળ	મામામામી	પૃથ્વીપતિ	મેનાપોપટ
સુખદુઃખ	વનવાસ	ગ્રામસેવા	બારીબારણાં
અતિથિસત્કાર	કુટુંબક્લેશ	નરસિંહ	કવિતાપાઠ
ગુરુભક્તિ	સત્યાસત્ય	ઝાડપાન	જપતપ
નીતિભ્રષ્ટ	સંસારસુખ	આનંદમગ્ન	દૈવાધીન
પ્રેમભીનું	પુત્રવિયોગ	દેશપ્રેમ	આશાદીપ
પદભ્રષ્ટ	વૃક્ષપતિત	ખડિયોકલમ	રામભક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૩

શબ્દસિદ્ધિ

ધર્મ	અ + ધર્મ = અધર્મ
ઇચ્છા	અન્ + ઇચ્છા = અનિચ્છા
જય	પરા + જય = પરાજય

ધર્મ એ શબ્દની આગળ 'અ' ઉમેરતાં 'અધર્મ' શબ્દ બને છે, અને એનો અર્થ 'ધર્મથી ઊલટું' એવો થાય છે.

'ઇચ્છા' શબ્દની આગળ 'અન્' આવી એનાથી વિરુદ્ધ અર્થનો 'અનિચ્છા' એ શબ્દ બનાવે છે.

'જય' થી વિરુદ્ધ અર્થનો શબ્દ 'પરાજય' છે. અહીં 'જય' શબ્દની આગળ 'પરા' ઉમેરવામાં આવ્યું છે.

આમ પદની આગળ આવી જે અક્ષર કે અક્ષરો મૂળ શબ્દના અર્થમાં કંઈ ફેરફાર કરે છે, તેને **પૂર્વગ** કહેવામાં આવે છે. પૂર્વગ એટલે પદની આગળ આવનાર અક્ષર કે અક્ષરો.

અભ્યાસ

નીચે મૂળ શબ્દો, પૂર્વગો અને તે પરથી બનેલા નવા શબ્દો આપ્યા છે. પૂર્વગો અર્થમાં શો ફેરફાર કરે છે તેનો અભ્યાસ કરો :

શબ્દ	પૂર્વગ	નવો શબ્દ	અર્થમાં ફેરફાર
જય	પરા	પરાજય	ઊલટો અર્થ
જિત	અ	અજિત	,,
હિંસા	અ	અહિંસા	,,
યોગ્ય	અ	અયોગ્ય	,,
આચાર	અન્	અનાચાર	,,
અંત	અન્	અનંત	,,
આયાસ	અન્	અનાયાસ	,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દ	પૂર્વગ	નવો શબ્દ	અર્થમાં ફેરફાર
ઉચિત	અન્	અનુચિત	ઊલટો અર્થ
એક	અન્	અનેક	,,
વીંધ્યું	અણ	અણવીંધ્યું	,,
વિશ્વાસ	અણ	અણવિશ્વાસ	,,
ધાર્યું	અણ	અણધાર્યું	,,
આસ્તિક	ન	નાસ્તિક	,,
તકરારી	બિન	બિનતકરારી	,,
ગુનેગાર	બિન	બિનગુનેગાર	,,
અનુભવી	બિન	બિનઅનુભવી	,,
વિચાર્યું	વણ	વણવિચાર્યું	,,
નોતર્યું	વણ	વણનોતર્યું	,,
હાજર	ગેર	ગેરહાજર	,,
કાયદેસર	ગેર	ગેરકાયદેસર	,,

મનોયત્ન : ૨૦

નીચેના શબ્દો આગળ યોગ્ય પૂર્વગ મૂકી ઊલટા અર્થના શબ્દો બનાવો—

પ્રિય	આવૃષ્ટિ	આરંભ	સહકાર	સંતોષ
એક	સ્વચ્છ	ચિંતવ્યું	ઇચ્છા	આદિ
ન્યાય	અવસ્થા	પૂર્ણ	વિશ્વાસ	ખીલ્યું
લૂણું	ઉત્તર	સમજ	શરતી	ક્રૂર
એકધા	વ્યવસ્થા	અનુભવી	શાંતિ	સાર
આદર	ઉપયોગી	જ્ઞાન	કથ્યું	માગ્યું
હિત	શક્તિ	ખેડેલી	માન્ય	ઉદાર
આર્ષ	નિદ્રા	ભેદ	ન્યાય	ઇન્સાફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે વિરોધી પૂર્વગથી

ગુણ	સદ્‌ગુણ	[સારો ગુણ]	દુર્ગુણ	[ખરાબ ગુણ]
કૃત્ય	સત્‌કૃત્ય	[સારું કૃત્ય]	અપકૃત્ય	[ખરાબ કૃત્ય]

કેટલીક વાર મૂળ શબ્દને ઉપર બતાવ્યા પ્રમાણે એકમેકથી ઊલટા અર્થના પૂર્વગો લાગે છે, અને પરસ્પર વિરોધી અર્થના શબ્દો બનાવે છે.

ગુણ શબ્દને બે પૂર્વગો લાગ્યા છે: એક 'સત્' અને બીજો 'દુસ્'. એ પૂર્વગોની મદદથી બનેલા એ બંને શબ્દો અર્થની દૃષ્ટિએ પરસ્પર વિરોધી છે.

બીજા શબ્દમાં 'સત્' અને 'અપ' એ બે પૂર્વગો છે. 'સત્કૃત્ય' અને 'અપકૃત્ય' એ બે પરસ્પર વિરોધી અર્થના શબ્દો બન્યા છે.

અભ્યાસ

નીચે પૂર્વગો લાગીને પરસ્પર વિરોધી અર્થના બનેલા શબ્દો આપ્યા છે. સત્ – અપ; સત્ – અવ; સ – નિસ્; સુ – દુસ્.

સત્કીર્તિ	અપકીર્તિ	સુકાળ	દુષ્કાળ
સદ્‌ગુણ	અવગુણ	સુવચન	દુર્વચન
સફળ	નિષ્ફળ	સુજ્જન	દુર્જન
સચેતન	નિશ્ચેતન	સુગમ	દુર્ગમ

મનોયત્ન : ૨૧

નીચે આપેલા શબ્દોના ઊલટા અર્થના શબ્દ આપો—

સદ્‌ગતિ	દુર્બુદ્ધિ	સુપાત્ર	કુવિચાર
સકલંક	કુવાક્ય	દુષ્પ્રાપ્ય	સક્રિય
સજ્જન	દુર્ગુણ	સદ્‌બોધ	સુકૃત્ય
સુમતિ	સુગંધ	દુર્વર્તન	સુપરિણામ
સન્મતિ	કુકર્મ	સકારણ	સપ્રયોજન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યયથી શબ્દસિદ્ધિ

નામ	વિશેષણ	શું ઉમેર્યું ?
રસ	રસિક	ઇક
સંસાર	સાંસારિક	ઇક
ધન	ધનવાન	વાન

ઉપર ' રસ ', ' સંસાર ' અને ' ધન ' એ શબ્દો નામ છે. એને છેડે ' ઇક ' અને ' વાન ' ઉમેરી એમાંથી નવા શબ્દો બનાવ્યા છે. ' સંસાર ' શબ્દને ' ઇક ' લાગતાં, એમાંના ' સં 'નો ' સાં ' થયો છે તે ધ્યાનમાં લો.

આ શબ્દને છેડે ઉમેરેલા અક્ષરો **પ્રત્યય** કહેવાય છે. આ પ્રત્યય ઉમેરવાથી એક શબ્દમાંથી બીજો નવો શબ્દ બનાવાય છે, અને એના અર્થમાં ફેર પડે છે.

ઉપરનાં નામોમાં પ્રત્યય ઉમેરવાથી તેનું વિશેષણમાં રૂપાંતર થયું છે. આમ પ્રત્યયો પદના અર્થમાં ફેર કરે છે એટલું જ નહિ, પણ ઘણી વાર એક પદનું બીજા પદમાં રૂપાંતર કરે છે.

વિશેષણમાંથી	નામ	પ્રત્યય
એક	એકતા	તા
મધુર	મધુરતા	તા

અહીં પ્રત્યયો લાગવાથી વિશેષણનું નામમાં રૂપાંતર થયું છે.

અભ્યાસ

પ્રત્યય	નામમાંથી	વિશેષણ
ઇય	રાષ્ટ્ર	રાષ્ટ્રીય
ઇય	પુસ્તક	પુસ્તકીય
ઇક	ધન	ધનિક
ઇક	પખવાડિયું	પખવાડિક
વાન	ગુણ	ગુણવાન
મંત	શ્રી	શ્રીમંત
વંત	રૂપ	રૂપવંત
ઈ	ગુજરાત	ગુજરાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યય	વિશેષણમાંથી	ભાવવાચક નામ
તા	રસાળ	રસાળતા
તા	મૃદુ	મૃદુતા
ત્વ	એક	એકત્વ
પણ	ડાહ્યું	ડહાપણ
પણ	ગાંડું	ગાંડપણ
આણ	ઊંડું	ઊંડાણ
આઈ	ઊંચું	ઊંચાઈ
પ્રત્યય	**નામમાંથી**	**ભાવવાચક નામ**
ત્વ	બ્રાહ્મણ	બ્રાહ્મણત્વ
ત્વ	દાસ	દાસત્વ
આઈ	શેઠ	શેઠાઈ

મનોયત્ન : ૨૨

યોગ્ય પ્રત્યય ઉમેરી વિશેષણ બનાવો—

ધર્મ	અઠવાડિયું	શાસ્ત્ર	લક્ષ્મી	માંસ
સ્વર્ગ	વેગ	સ્વભાવ	શ્રી	બંગાળ
અર્થ	સમાજ	પ્રાંત	વર્ષ	પાપ
સુરત	દેશ	ગરજ	બુદ્ધિ	આકાશ
રૂપ	દિન	સોરઠ	અર્થ	રસાયણ

મનોયત્ન : ૨૩

યોગ્ય પ્રત્યય ઉમેરી ભાવવાચક નામ બનાવો—

બળ્યું	દયાળુ	સાચું	નાનું	લાંબું	રસિક
કરુણ	ક્ષત્રિય	બાળ	ખંધું	ભોળું	ગંભીર
નીચું	પોલું	વૃદ્ધ	બરડું	નફટ	વીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૪

જોડણીના નિયમો

તત્સમ શબ્દો

આપણી ભાષામાં જે સંસ્કૃત શબ્દો વપરાય છે તેની જોડણી સંસ્કૃતની માફક થાય છે. જેમકે, નીતિ, વિજય, કીર્તિ, પૂર્ણિમા, ચંદ્ર. એ શબ્દો મૂળ રૂપે વપરાતા હોવાથી એને **તત્સમ** શબ્દો કહે છે. તત્સમ એટલે તેના સમાન, મૂળ શબ્દના જેવા.

તદ્ભવ શબ્દો

આપણી ભાષામાં કેટલાક શબ્દો સંસ્કૃત વગેરે ભાષામાંથી ઊતરી આવેલા છે, પણ તેની જોડણી અસલના જેવી રહી નથી; તે ફેરફાર પામી છે. આવા મૂળ શબ્દ ઉપરથી બનેલા શબ્દો **તદ્ભવ** શબ્દો છે. તદ્ભવ એટલે તે ઉપરથી અથવા મૂળ શબ્દ ઉપરથી બનેલો.

તદ્ભવના દાખલા—ઉષ્ણકાળ ઉપરથી ઉનાળો, મયૂર ઉપરથી મોર, ચંદ્ર ઉપરથી ચાંદો, અશ્રુ ઉપરથી આંસુ એમ શબ્દો બન્યા છે.

કેટલાક શબ્દોનું તત્સમ તથા તદ્ભવ એમ બંને રૂપ ભાષામાં વપરાય છે. ઉપર જણાવ્યા પ્રમાણે મયૂર અને મોર એ બંને રૂપો ગુજરાતીમાં વપરાય છે.

જોડણીના નિયમો

ઉપર કહ્યું તેમ તત્સમ શબ્દો મૂળ ભાષાની જોડણી પ્રમાણે લખાય છે. તદ્ભવ શબ્દો તેમ લખાતા નથી. આથી ગુજરાતીમાં તદ્ભવ શબ્દોની જોડણીના જુદા નિયમો છે. એમાંના કેટલાક અગત્યના નિયમો આપણે અહીં શીખીશું. આ નિયમોનો ઉપયોગ તત્સમ શબ્દો લખતી વખતે કરવાનો હોતો નથી. તત્સમ શબ્દોને એ નિયમો લાગુ પડતા નથી, કારણ કે તેમની જોડણી તો મૂળ શબ્દ પ્રમાણે જ કરવાની હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તદ્ભવ શબ્દોની જોડણીના નિયમો

૧. તદ્ભવ શબ્દને છેડે અનુસ્વાર સાથે કે અનુસ્વાર વિના ઈ આવે, તો તે દીર્ઘ લખાય છે. જેમકે,

લીટી, હિંદી, ચૂંટણી, ઘી, નહીં, કીડી, ઠંડી, ગરમી, પી, દહીં, દેશી, ચિઠ્ઠી, હરણી, જી, કહીં.

૨. કેટલાક અપવાદ સિવાય, તદ્ભવ શબ્દોને છેડે અનુસ્વાર સાથે કે તેના વિના ઉ આવે, તો તે હ્રસ્વ લખાય છે. જેમકે,

જૂનું, લાડુ, કંકુ, ફરવું, કુમળું, શું, નવું, આંસુ, ઝાડુ, ચરવું, સુંવાળું, હું, તસુ, બાબુ, જાળું, તળિયું, ઢાંકણું, તું.

અપવાદ—

અનુસ્વાર વિનાના એક અક્ષરના શબ્દને છેડે ઊ હોય, તો તે ઊ દીર્ઘ લખાય છે. જેમકે, જૂ, લૂ, છૂ, બૂ, થૂ.

૩. બે અક્ષરના શબ્દમાં પ્રથમ અક્ષરમાં જો ઈ આવે, તો તે દીર્ઘ લખાય છે. જેમકે,

ખીણ, ખીલો, વીણ, પીડા, બીક, મીઠું, લીલ, હીણું.

૪. કેટલાક અપવાદ સિવાય બે અક્ષરના શબ્દમાં પ્રથમ અક્ષરમાં જો ઊ આવે, તો તે દીર્ઘ લખાય છે. જેમકે,

કૂજો, ચૂપ, છૂપી, જૂઠું, ટૂક, તૂત, દૂલ, પૂછ, બૂઠું, ભૂલ, લૂલું, કૂચો, ચૂડ, છૂરી, ઝૂલ, ઠૂંશ, તૂરું, ધૂળ, ફૂગ, બૂરું, મૂળ, શૂળ.

અપવાદ—સુધી, દુઃખ, જુઓ, જુદું.

૫. શબ્દમાં ઇ પછી તરત જ ઙ્, ઞ્, ણ્, ન્, મ્નો ઉચ્ચાર સ્પષ્ટ હોય તો ઇ હ્રસ્વ લખાય છે, અને એ ઉચ્ચાર અનુસ્વારથી બતાવાય છે. જેમકે,

પિંડી, બિંદી, શિંગું, ઠિંગુજી, ડિંગ, ડિંગલું, ડિંગો. દિંગ, ધિંગાઈ, ભિંગારો, ધતિંગ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. શબ્દમાં ઈ પછી તરત જ ઙ્, ઞ્ વગેરે જેવો નહિ, પરંતુ કોમળ કે પોચો અનુસ્વારનો ઉચ્ચાર હોય તો ઈ દીર્ઘ લખાય છે. જેમકે,

ખીંટી, ચીંધવું, ચીંદરડી, ચીંથરું, છીંટ, જીંડવું, ઝીંકવું, ઠીંગણું, ઠીંડવું, ઢીંચણ, થીંગડું, નીંદણ, પીંછી, પીંજણ, ભીંડો.

૭. શબ્દમાં ઉ પછી ઙ્, ઞ્, ણ્, ન્, મનો ઉચ્ચાર સ્પષ્ટ હોય તો ઉ હ્રસ્વ લખાય છે. જેમકે,

દુંદ, ચુંદર, ડુંગર, તુંડમિજાજ, ઝુંડ, ઝુંદ, ઝુંગળ, ઝુંડ, મુંબઈ, લુંગી.

૮. શબ્દમાં છેલ્લા અક્ષર સિવાય ઉ પછી અનુસ્વારનો ઉચ્ચાર પોચો હોય તો ઊ દીર્ઘ લખાય છે. જેમકે,

કૂંચી, ખૂંખારો, ગૂંચ, ગૂંથણ, ઘૂંટણ, ચૂંટણી, છૂંદો, ઝૂંપડી, ટૂંડી, ઠૂંઠી, ડૂંગો, ઢૂંઢી, ચૂંક, ચૂંદડી, ઝૂંટ, ઝૂંસરી.

અપવાદ—કુંભાર, કુંવારું, સુંવાળું.

૯. શબ્દના બંધારણમાં ઇ કે ઈ પછી સ્વર આવે તો ઇ કે ઈ હ્રસ્વ લખાય છે, અને તેની પછી ય્ ઉમેરીને જોડણી કરવામાં આવે છે. જેમકે, ઘડી + આળ = ઘડિ + ય્ + આળ = ઘડિયાળ.

બીજી રીતે કહીએ તો શબ્દમાં જ્યાં જ્યાં ય્ હોય ત્યાં ત્યાં તેની આગળ હ્રસ્વ ઇ લખવી. જેમકે,

ફળિયું, ખડિયો, ઘડિયાળ, દિયર, ઘોતિયું,
દુનિયા, કડિયો, કાડિયાવાડી, વેદિયું, જાળિયું.

નોંધ : શબ્દને પ્રત્યયો લગાડવામાં આવે ત્યારે આ નિયમ તેને લાગુ પડતો નથી. માત્ર મૂળ શબ્દની જોડણીમાં જ આ નિયમ લાગુ પડે છે. જેમકે,

નદી + ઓ = નદીઓ. સ્ત્રી + એ = સ્ત્રીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્સમ શબ્દોની જોડણીનો અભ્યાસ

(૧) સંસ્કૃતમાં ભાવવાચક નારીજાતિનાં નામોને છેડેની ઇ હ્રસ્વ હોય છે તે જુઓ :

કીર્તિ, ભીતિ, ગતિ, મુક્તિ, મતિ,
રીતિ, નીતિ, ભક્તિ, સ્થિતિ

(૨) શબ્દોને છેડે ત્વ લાગેલા શબ્દો જુઓ :

વીર + ત્વ = વીરત્વ, જડ + ત્વ = જડત્વ.
વ્યક્તિ + ત્વ = વ્યક્તિત્વ. બ્રાહ્મણ + ત્વ = બ્રાહ્મણત્વ.

(૩) જેને છેડે ખોડો ત્ છે એવા શબ્દોને અહીં ત્વ લાગ્યો છે, તેથી ત્ એવડાયો છે તે જુઓ :

મહત્ + ત્વ = મહત્ત્વ, તત્ + ત્વ = તત્ત્વ,
સત્ + ત્વ = સત્ત્વ, વિદ્વત્ + ત્વ = વિદ્વત્ત્વ.

(૪) કયા શબ્દને છેડે ષ્ટ અને ષ્ઠ છે તે ધ્યાનમાં રાખો :

બલિષ્ઠ	વરિષ્ઠ	ઇષ્ટ,	નિશ્રેષ્ટ
શ્રેષ્ઠ	જ્યેષ્ઠ	અનિષ્ટ	ચેષ્ટા

(૫) જ્યારે નામને ઇક પ્રત્યય લાગે છે, ત્યારે તેનું વિશેષણ બને છે. આ ઇક માંનો ઇ હ્રસ્વ હોય છે.

સમાજ + ઇક = સામાજિક, સંસાર + ઇક = સાંસારિક, શારીરિક, માનસિક, કાયિક, ધાર્મિક, વાચિક.

(૬) શબ્દને છેડે જે ઇય અને અનીય પ્રત્યય આવે છે તેનો ઇ દીર્ઘ હોય છે તે ધ્યાનમાં રાખો :

વંદન + ઇય = વંદનીય, માનનીય, રમણીય, રાષ્ટ્રીય, પૂજનીય.

(૭) કેટલીક વાર કેટલાક શબ્દોમાં હ્રસ્વને સ્થાને દીર્ઘ સ્વર લખતાં અર્થમાં ફેરફાર થઈ જાય છે. એવા શબ્દો નીચે આપ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિન – દિવસ, દીન – ગરીબ; વધુ – વધારે, વધૂ – વહુ; પુરી – નગરી, પૂરી – ખાવાની પૂરી; સુર – દેવ, સૂર – અવાજ; સુણવું – સાંભળવું, સૂણવું – સૂજી જવું; કુલ – કુળ. ફૂલ – કાંઠો; વિગત – ગયેલું, વીગત – હકીકત.

અભ્યાસ : ૨૪

નીચેના શબ્દોમાં મોટા અક્ષર સાથે ખૂટતી ઇ કે ઈ ઉમેરો, અને તેની શુદ્ધ જોડણી કરો. —

હરો	સ્થાનક	મંદુ	વર્ણનય
પડા	રાજકય	દંગ	ફાળાયું
ફળાયું	ભીત	પૂજનય	નીત
બંદુ	કહયો	નૈતક	દુનયા
વંછી	લંપણ	ઢંચણ	થંગડું

નીચેના શબ્દોમાં મોટા અક્ષર સાથે ખૂટતું ઉ કે ઊ ઉમેરો, અને તેની શુદ્ધ જોડણી કરો. —

બરું	ઝંડ	ભંગળ	જદું
લખું	ખંટી	કંવારું	ડંગર
સખ	તંબડી	છરી	ઘંટણ

પ્રકરણ ૧૫

શબ્દસમૂહ

ક	ખ
૧. **સાંજે** હું ફરવા જાઉં છું.	**સાંજને પહોર** હું ફરવા જાઉં છું.
૨. **કૂવામાં** ઘડો ડૂબી ગયો.	**કૂવાની અંદર** ઘડો ડૂબી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કનું પહેલું વાક્ય વાંચો અને કહો :
હું ક્યારે ફરવા જાઉં છું ?—**સાંજે.**
ફરવા જવાનો વખત કેટલા શબ્દો વડે સૂચવાયો છે ?
—માત્ર **સાંજે** એ એક શબ્દ વડે.
હવે **ખ**નું પહેલું વાક્ય વાંચો.
ફરવા જવાનો વખત કેટલા શબ્દો વડે સૂચવાયો છે ?
—**સાંજને પહોર** એ બે શબ્દો વડે સૂચવાયો છે.

એ વાક્યમાં ફરવા જવાનો વખત **સાંજને** એમ એક જ શબ્દથી સમજાય ખરો ?—**ના, નહિ સમજાય.**

એજ રીતે **પહોર** એ શબ્દથી ફરવા જવાનો વખત સમજાય ખરો ?—**ના.**

ત્યારે એ વાક્યમાં ફરવા જવાનો વખત જાણવો હોય તો **સાંજને** અને **પહોર** એ બે શબ્દોને સાથે જ વાંચવા કે બોલવા પડે.

આ ઉપરથી જણાશે કે ફરવા જવાનો વખત જણાવવાનું કામ **ક**ના પહેલા વાક્યમાં **સાંજે** એ એક જ શબ્દ કરી શકે છે; જ્યારે **ખ**ના પહેલા વાક્યમાં એનું એજ કામ **સાંજને પહોર** એ બે શબ્દો ભેગા મળીને, એટલે કે સમૂહમાં આવીને કરે છે. એજ રીતે **કૂવામાં** એ શબ્દનો અર્થ **કૂવાની અંદર** એ શબ્દસમૂહ વડે દર્શાવાય છે.

આ ઉપરથી જણાશે કે વાક્યમાં જે વિચાર એક જ શબ્દ વડે બતાવી શકાય, તે વિચાર ઘણી વાર શબ્દોના જથ્થા કે સમૂહ વડે બતાવી શકાય છે.

વાક્યમાં તેના ભાગ તરીકે જે શબ્દો સમૂહમાં આવીને કંઈ અર્થ બતાવે, તે શબ્દોનો સમૂહ **શબ્દસમૂહ** કહેવાય છે.

નોંધ : શબ્દસમૂહ વાક્યમાં કેટલીક વાર **નામનું, વિશેષણનું** કે **ક્રિયાવિશેષણનું** કાર્ય કરે છે તે જુઓ.

શબ્દસમૂહના પ્રકાર

૧. **નિયમિત ફરવા જવું** ફાયદાકારક છે. [ઉદ્દેશ્ય, નામનું કામ કરે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. હું મિત્રે આપેલી ભેટ કેમ ન સાચવું? [વિશેષણનું કામ કરે છે.]
૩. મારા વાડામાં ગાય ઊભી છે. [ક્રિયાવિશેષણનું કામ કરે છે.]

વાક્યમાં શબ્દસમૂહ નામ, વિશેષણ કે ક્રિયાવિશેષણનું કાર્ય કરે છે, તેથી શબ્દસમૂહના જુદા જુદા પ્રકાર બને છે.

ક્રિયાવિશેષણ શબ્દસમૂહ

૧. ચોમાસાની ઋતુમાં વરસાદ પડે છે. [કાળવાચક]
૨. મારા બાગમાં ગુલાબનો છોડ છે. [સ્થળવાચક]
૩. ઉદ્યમ કરવાથી સફળ થવાય છે. [કારણવાચક]
૪. રમેશ હળવે હળવે ચાલીને ત્યાં ગયો. [રીતવાચક]
૫. પંખીઓ રહેવાને માટે માળા બાંધે છે. [હેતુવાચક]
૬. સૈનિકો ઢાલ વડે પોતાનું રક્ષણ કરે છે. [સાધનવાચક]
૭. દસ માઇલ સુધી અમે પગે ચાલ્યા. [મર્યાદા કે માપવાચક]

ઉપરનાં વાક્યોમાં આવેલા શબ્દસમૂહો પોતપોતાના ક્રિયાપદના અર્થમાં વધારો કરી ક્રિયાવિશેષણનું કાર્ય કરે છે, તેથી એ બધા જુદી જુદી રીતે અર્થમાં વધારો કરનારા ક્રિયાવિશેષણ શબ્દસમૂહો છે.

જે શબ્દસમૂહ ક્રિયાવિશેષણનું કાર્ય કરે, તે **ક્રિયાવિશેષણ શબ્દસમૂહ** કહેવાય છે.

મનોયત્ન : ૨૫

નીચેનાં વાક્યોમાં ક્રિયાવિશેષણ શબ્દસમૂહ શોધો અને તેનો પ્રકાર કહો—

૧. શિયાળાના દિવસોમાં લોકો સગડીએ તાપે છે.
૨. અમારા ગામને નાકે એક સુંદર તળાવ છે.
૩. નમસ્કાર કરીને મેં મહેમાનોને આવકાર આપ્યો.
૪. આ વીંટી ભેટ આપવા માટે કરાવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. રોગ વધી જવાથી દર્દી મૃત્યુ પામ્યો.

૬. પંખીઓ ચાંચ વડે તણખલાં ભેગાં કરે છે.

૭. ઠંડી લાગવાથી પદાર્થ સંકોચાય છે.

૮. છ મહિના સુધી ઘેરો લંબાયો.

૯. તે અતિશય ઝડપથી ભાષણ વાંચી ગયો.

૧૦. હિમાલયનાં શિખરો પર નિરંતર બરફ રહે છે.

સ્વતંત્ર શબ્દસમૂહ

૧. **નસીબનું પાંદડું ફરતાં,** ગરીબ તવંગર બને છે.

૨. **વખત વીતતાં,** ગમે તેવું દુઃખ ભુલાય છે.

૩. **વરસાદ પડતાં છતાં,** સૈનિકો આગળ વધ્યા.

'નસીબનું પાંદડું ફરતાં' એ શબ્દસમૂહને 'ગરીબ તવંગર બને છે' એ વાક્યવિભાગ સાથે વ્યાકરણની દૃષ્ટિએ સંબંધ નથી, પરંતુ અર્થની દૃષ્ટિએ તેને સંબંધ છે. વ્યાકરણની દૃષ્ટિએ સ્વતંત્ર રીતે એ શબ્દસમૂહ વાક્ય સાથે આવેલો છે, તેથી એને સ્વતંત્ર શબ્દસમૂહ કહી શકાય. બીજા અને ત્રીજા વાક્યમાં સ્વતંત્ર શબ્દસમૂહો એજ પ્રમાણે સ્વતંત્ર રીતે પોતપોતાના વાક્ય સાથે આવેલા છે.

વિશેષણ શબ્દસમૂહ

૧. અમે **રંગીન પીછાંવાળાં** પંખીઓ જોયાં.

૨. **બરફથી છવાયેલો** હિમાલય ભવ્ય લાગતો હતો.

ઉપરનાં વાક્યોમાં આવેલા શબ્દસમૂહો અનુક્રમે **પંખીઓ** અને **હિમાલય** એ નામના અર્થમાં વધારો કરી વિશેષણનું કાર્ય કરે છે.

જે શબ્દસમૂહ વિશેષણનું કાર્ય કરે, તે **વિશેષણ શબ્દસમૂહ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસ

નીચેનાં વાક્યોમાં વિશેષણ શબ્દસમૂહો જુદી જુદી રીતે આવ્યા છે તેનો અભ્યાસ કરો.

૧. સત્યને ચાહનારા લોકો સર્વત્ર માન પામે છે. [ઉદ્દેશ્યવર્ધક]

૨. અમે પવનથી ડોલતાં વૃક્ષો દીઠાં. [કર્મવર્ધક]

૩. તે ફૂલ ભૂરા રંગનું છે. [ઉદ્દેશ્ય સંબંધી ક્રિયાપૂરક વિશેષણ]

૪. મેં તેને સાચો જિજ્ઞાસુ બનાવ્યો. [કર્મ સંબંધી ક્રિયાપૂરક વિશેષણ]

મનોયત્ન : ૨૬

નીચેનાં વાક્યોમાં વિશેષણ શબ્દસમૂહો શોધો, અને તે કયા નામના અર્થમાં વધારો કરે છે તે કહો—

૧. રંગબેરંગી ફૂલોથી ઝૂકતું ઝાડ કોને નથી ગમતું?

૨. તમે કદીયે પડાવ નાખેલા સૈન્યને જોયું છે?

૩. ભિન્નભિન્ન રંગોની કમાનવાળું મેઘધનુષ પહેલી જ વાર અમે જોયું.

૪. પર્વતની તળેટીમાં આવેલું ગામ નાનું હતું.

૫. અમે મુસાફરીનું વર્ણન કરતો પત્ર ઘરે લખ્યો.

૬. સાચો હિંદી દેશપ્રેમથી ધબકતું જીવન જીવે છે.

૭. વિચિત્ર અંગવાળો માણસ સામે ઊભો રહ્યો.

૮. નદીના પટ પર સરકતી હોડી અમે જોઈ રહ્યા.

૯. અમારા ગુરુ ઉદાર હૃદયના છે.

૧૦. અમે પીગળી જતા બરફને જોયો.

નામ શબ્દસમૂહ

૧. દરેકનું ભલું ઇચ્છવું એ સદ્‌ગુણ છે. [ઉદ્દેશ્ય તરીકે]

૨. નિયમિત કાંતવું હું પસંદ કરું છું. [કર્મ તરીકે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનાં વાક્યોમાં આવેલા શબ્દસમૂહ ઉદ્દેશ્ય તરીકે અથવા કર્મ તરીકે આવી નામનું કામ કરે છે.

જે શબ્દસમૂહ વાક્યમાં નામનું કામ કરે, તેને **નામ શબ્દસમૂહ** કહે છે.

અભ્યાસ

નીચેનાં વાક્યોમાં નામ શબ્દસમૂહો જુદી જુદી રીતે આવ્યા છે તે જુઓ :

૧. **ખૂબ ખાવું** હાનિકર્તા છે. [ઉદ્દેશ્ય તરીકે]

૨. ડૉક્ટરે મને **સવારે ફરવાનું** કહ્યું. [કર્મ તરીકે]

૩. **મનને જીતવું** એ કામ સહેલું નથી.

[કામના સમાનાધિકરણમાં]

મનોયત્ન : ૨૭

નીચેનાં વાક્યોમાં નામ શબ્દસમૂહો શોધો, અને તે કેવી રીતે આવ્યા છે તે કહો—

૧. પ્રાણીમાત્રનું કલ્યાણ ઇચ્છવું એ સંતોનો ઉપદેશ છે.

૨. અમારા શિક્ષકે ઝાડને પાણી પાવાનું કહ્યું.

૩. ખાવામાં સાવચેતી રાખવી એ જરૂરનું છે.

૪. યુદ્ધમાંથી નાસી છૂટવું એ કાયરતા છે.

૫. સવારના કસરત કરવી એ વાત અગત્યની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૬

વાક્યપૃથક્કરણ–સાદું વાક્ય

૧. સુમન ગીત ગાય છે.

૨. હેમંતે યુરોપની મુસાફરી કરી છે.

૩. આપણે વડીલોને માન આપવું જોઇએ.

૪. મારે તમારી કોઈ વસ્તુ જોઈતી નથી.

૫. મેં આ પુસ્તક વાંચ્યું છે.

૬. ત્યાં આજે જ જાઓ.

ઉપરના દરેક વાક્યને નીચે બતાવ્યા પ્રમાણે ઉદ્દેશ્ય અને વિધેય એવા બે વિભાગમાં વહેંચી શકાય.

જેને ઉદ્દેશીને કંઈ હકીકત કહેવાઈ હોય, તે પદ વાક્યનું **ઉદ્દેશ્ય** કહેવાય છે.

જે કંઈ હકીકત (કે વિધાન) ઉદ્દેશ્યને વિશે કહેવામાં આવી હોય, તે વાક્યનું **વિધેય** કહેવાય છે.

વાક્ય	ઉદ્દેશ્ય	વિધેય
૧	સુમન	ગીત ગાય છે.
૨	હેમંતે	યુરોપની મુસાફરી કરી છે.
૩	આપણે	વડીલોને માન આપવું જોઇએ.
૪	મારે	તમારી કોઈ વસ્તુ જોઈતી નથી.
૫	મેં	આ પુસ્તક વાંચ્યું છે.
૬	(તમે)	ત્યાં આજે જ જાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્તૃકરણ–રચનામાં ઉદ્દેશ્ય

(૧) [સકર્મક ક્રિયાપદની]

ક	ખ
૧. હું પૈસો નહિ આપું.	મારાથી પૈસો નહિ અપાય.
૨. મેં દેવું ચૂકવ્યું.	મારાથી દેવું ચૂકવાયું.

ક નાં વાક્યોમાં, 'હું' અને 'મેં' એ ક્રિયાના કર્તા છે, અને ઉદ્દેશ્ય તરીકે આવેલાં છે. 'પૈસો' અને 'દેવું' એ કર્મ તરીકે આવેલાં છે.

ખ નાં વાક્યોમાં, **ક** નાં વાક્યોનાં કર્મ 'પૈસો' અને 'દેવું' એ ઉદ્દેશ્ય બને છે; અને 'હું' અને 'મેં' એ પદો પાંચમી વિભક્તિનું 'મારાથી' એવું રૂપ ધારણ કરી સાધન કે કરણના અર્થમાં આવે છે.

આવી રચનામાં કર્તા ઉદ્દેશ્ય બનીને કરણ કે સાધનના અર્થમાં આવે છે, તેથી એ રચના કર્તૃકરણ–રચના કહેવાય છે. સકર્મક ક્રિયાપદની કર્તૃકરણ–રચનામાં કર્મ ઉદ્દેશ્ય બને છે.

નોંધ : સાધન સૂચવનાર શબ્દનો, ઉદ્દેશ્ય વિશેની કહેલી હકીકતમાં સમાવેશ થાય છે, તેથી તેને વિધેયપક્ષમાં ક્રિયાવર્ધક તરીકે મૂકવામાં આવે છે.

(૨) [અકર્મક ક્રિયાપદની]

ક	ખ
૧. હું હસું છું.	મારાથી (હસવાનું) હસાય છે.
૨. તે ગામ જશે ?	તેનાથી ગામ (જવાનું) જવાશે ?

ઉપરનાં વાક્યો સરખાવતાં માલૂમ પડશે કે અકર્મક ક્રિયાપદની પણ કર્તૃકરણ–રચના હોય છે.

ક ની રચનામાં જે ઉદ્દેશ્ય છે તે **ખ** ની રચનામાં સાધન કે કરણના અર્થમા આવ્યા છે.

અકર્મક ક્રિયાપદને કર્મ હોતું નથી, એટલે અકર્મક ક્રિયાપદની કર્તૃ–કરણ રચનામાં ક્રિયાપદનો ભાવ ઉદ્દેશ્ય બને છે, અને મૂળ ઉદ્દેશ્ય કરણના અર્થમાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસ

૧. તેનાથી આ કામ થયું નહિ.
૨. મારાથી હવે રમાય છે.
૩. તેને માથામાં દુખે છે.

વાક્ય	ઉદ્દેશ્ય	વિધેય
૧	આ કામ	તેનાથી થયું નહિ.
૨	(રમવાનું)	મારાથી હવે રમાય છે.
૩	(દુખવાનું)	તેને માથામાં દુખે છે.

નોંધ : ૧. હું તેને ગમું છું. ૨. આ ફળ તેને ગમે છે.

ઉપરનાં વાક્યોમાં 'ગમવું' એ ધાતુનું ક્રિયાપદ અકર્મક છે. પહેલા વાક્યનો અર્થ હું ગમવાની ક્રિયા તેના પ્રતિ કરું છું એવો છે. તેવી જ રીતે, આ ફળ ગમવાની ક્રિયા તેના પ્રતિ કરે છે એવો બીજા વાક્યનો અર્થ છે. આથી 'હું' અને 'આ ફળ' એ બંને ઉદ્દેશ્ય છે. તેને એ પદ ક્રિયાવર્ધક તરીકે આવેલું છે.

મનોયત્ન : ૨૮

નીચેનાં વાક્યોનાં ઉદ્દેશ્ય અને વિધેય એવા બે વિભાગ પાડો, અને કયું વાક્ય કર્તૃકરણ–રચનામાં છે તે કહો—

૧. નલિની ઉનાળાની રજામાં આબુ જવાની છે.
૨. નોકરથી આવું કામ થઈ શકશે નહિ.
૩. તેં કવિતાના પુસ્તકોનું અધ્યયન કર્યું છે ?
૪. વીર સૈનિકોથી જ એ હલ્લો થઈ શકશે.
૫. તેનાથી આ રમતમાં રમાયું નહિ.
૬. સૂરજ બપોરે માથા પર આવ્યો હતો.
૭. સાચા માણસથી આવું વચન બોલાય જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. બાગમાં જઈને ફૂલ ચૂંટી લાવજો.
૯. તમારાથી આ નોકરીમાં ટકાવાનું નથી.
૧૦. ગામડાંનાં બાળકોને શહેરની નિશાળોમાં ગમતું નથી.

ઉદ્દેશ્યવર્ધક

૧. **ધોળું** પંખી ઊડે છે.
૨. **લાલ રંગની** પેટી ત્યાં પડી છે.
૩. મારા કાકા, **વસંતલાલ** આજે આવ્યા છે.
૪. **રમણની** બહેન વિનયી છે.
૫. **દોડતી** ગાડી પાટા પરથી ઊતરી પડી.

ઉપર મોટા અક્ષરે છાપેલા શબ્દો તેના ઉદ્દેશ્ય વિશે કંઈ હકીકત પૂરી પાડીને તેના અર્થમાં વધારો કરે છે. 'ધોળું' એ પદ 'પંખી' ના અર્થમાં વધારો કરે છે. તેવી જ રીતે 'લાલ રંગની' એ શબ્દસમૂહ 'પેટી' ના અર્થમાં વધારો કરે છે.

જે પદો કે શબ્દસમૂહ ઉદ્દેશ્યના અર્થમાં વધારો કરે છે, તે ઉદ્દેશ્યવર્ધક કહેવાય છે.

કર્મવર્ધક

૧. મેં **સુગંધીદાર** ફૂલ તોડ્યું.
૨. તેણે **સુગંધ વિનાનું** ફૂલ તોડ્યું.
૩. અમે **મહારાજા** અશોકને જોયા.
૪. અમે **મેળામાં ફરતી** ચગડોળ જોઈ.
૫. મેં **નાનાં** બાળકોને **રસભરી** વાતો કહી.

ઉપરનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં પદો કે શબ્દસમૂહો કર્મવર્ધક છે.

જે પદ કે શબ્દસમૂહ કર્મના અર્થમાં વધારો કરે છે, તે કર્મવર્ધક કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોંધ : જેટલા પ્રકારે ઉદ્દેશ્યના અર્થમાં વધારો થાય છે, તેટલા પ્રકારે કર્મના અર્થમાં પણ વધારો થાય છે.

મનોયત્ન : ૨૯

નીચેનાં વાક્યોમાંથી ઉદ્દેશ્યવર્ધક અને કર્મવર્ધક શોધો—

૧. ઝાડ પર બેઠેલાં પંખીઓ કલ્લોલ કરતાં હતાં.
૨. અમે અમારા મિત્રની વાડી જોઈ.
૩. પાર્વતીએ લંગડા ભિખારીને અડધો રોટલો આપ્યો.
૪. ખાંડની બનાવેલી વસ્તુઓ તબિયતને હાનિકર્તા છે ?
૫. ઝાડ પર પાકેલું ફળ તમે કદી ખાધું છે ?
૬. ઈશ્વરમાં શ્રદ્ધાવાળા લોકો દુઃખને સહન કરી શકે છે.
૭. મેરીનો પુત્ર ઈસુ સત્યનો પરમ ઉપાસક હતો.
૮. રાજાએ આશ્રમમાંથી આવતા હરણને સ્નેહથી પંપાળ્યું.
૯. ઝીણા ઝીણા તારાઓએ ભૂરા આકાશને સૌંદર્યથી ભરી દીધું.
૧૦. પર્વતમાંથી પડતો ધોધ શક્તિનો અવતાર ગણાય છે.

ક્રિયાવર્ધક

૧. ગામમાં ચોખ્ખું દૂધ મળે છે. [સ્થળવાચક]
૨. સવારમાં પંખીઓ કલ્લોલ કરે છે. [કાળવાચક]
૩. અજિતા ધીમેથી ગાય છે. [રીતવાચક]
તે બહુ મોટેથી ઘૂમ પાડે છે. [રીતવાચક]
૪. બાળકો ભણવાને માટે નિશાળે જાય છે. [હેતુવાચક]
૫. થાકી જવાથી તે આરામ લે છે. [કારણવાચક]
કેમ દિલગીર જણાઓ છો ? [કારણ માટે પ્રશ્ન]
૬. તમારાથી આ કામ થશે ? [કર્તા–કરણ તરીકે]
લાકડીથી તેણે કૂતરાને માર્યો. [કરણ કે સાધનવાચક]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. તમે **પાદર સુધી** જજો. [મર્યાદાવાચક]
૮. તેણે **પેટ ભરીને** ખાધું. [માપવાચક]

ઉપર મોટા અક્ષરે છાપેલાં પદ કે શબ્દસમૂહો ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે; કારણ કે ક્રિયા કેવી રીતે બની, ક્યાં બની, શા માટે બની, કોના દ્વારા બની વગેરે હકીકત એ પદો જણાવે છે. એવાં પદો ક્રિયાવર્ધકનું કાર્ય કરે છે.

જે પદ કે શબ્દસમૂહ ક્રિયાપદના અર્થમાં વધારો કરે, તે **ક્રિયાવર્ધક** કહેવાય છે.

મનોયત્ન : ૩૦

નીચેનાં વાક્યોમાંથી ક્રિયાવર્ધક શોધો—

૧. નદીને કાંઠે એક મોટું વડનું ઝાડ છે.
૨. ઘડપણની અવસ્થામાં માણસ ધાર્મિક વૃત્તિનો બને છે.
૩. અરવિંદે હાથ પકડીને ભિખારીને રસ્તો બતાવ્યો.
૪. મોક્ષ મેળવવા માટે તપસ્વીઓ તપ કરે છે.
૫. અમે નવા હળ વડે આ ખેતર ખેડ્યું છે.
૬. તમારા મિત્રથી આ કામ થઈ શકશે.
૭. પ્રાર્થના કરવાથી તેના દિલને શાંતિ વળી.
૮. ધર્મને આચરવાથી ધર્મ પામશો.
૯. તેણે ખોબો ભરીને બોર ખાધાં.
૧૦. પેલો છોકરો ત્રણ માઈલ સુધી દોડી શકે છે.

ક્રિયાપૂરક [અકર્મક ક્રિયાપદનું]

ક	ખ
૧. હરિ ઊંઘે છે.	૧. રામ ભાસે છે.
૨. સૂર્ય ઊગે છે.	૨. બાળક નીવડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. તારાઓ ચળકે છે.	૩. મહેશ થશે.
૪. નદી વહે છે.	૪. ગુલાબ છે.

ક નાં વાક્યોમાં ક્રિયાપદો અકર્મક છે, અને તે પોતપોતાના ઉદ્દેશ્ય વિશે પૂર્ણ અર્થ કહી વિધાન કરી શકે છે. આથી દરેક વાક્યનો અર્થ પૂરો સમજાય છે.

ખ નાં વાક્યોમાં બધાં ક્રિયાપદો અકર્મક છે. પરંતુ અહીં દરેક ક્રિયાપદ પોતાના ઉદ્દેશ્ય વિશે પૂરો અર્થ કહી શકતું નથી, તેથી વાક્યમાં પૂર્ણ વિધાન થતું નથી.

એજ (ખ નાં) વાક્યો નીચે પ્રમાણે લખવાથી અર્થમાં પૂર્ણ બને છે :

૧. રામ આંદો બાસે છે	૨. બાળક ઘણું ડાહ્યું નીવડશે.
૩. મહેશ ડૉક્ટર થશે.	૪. ગુલાબ રાતું છે.

આ વાક્યોમાં 'આંદો' 'ઘણું ડાહ્યું' 'ડૉક્ટર' અને 'રાતું' એ શબ્દો ક્રિયાપદને પોતાના ઉદ્દેશ્ય વિશે પૂરો અર્થ કહેવામાં એટલે કે પૂર્ણ વિધાન કરવામાં મદદ કરે છે. આવાં પદો કે શબ્દસમૂહો ક્રિયાપૂરક કહેવાય છે.

જે પદ કે શબ્દસમૂહ ક્રિયાપદને તેના ઉદ્દેશ્ય વિશે પૂરો અર્થ કહેવામાં મદદ કરે છે, તે **ક્રિયાપૂરક** કહેવાય છે.

ક્રિયાપૂરક [સકર્મક ક્રિયાપદનું]

ક	ખ
૧. દિનેશે ગાયને પંપાળી.	૧. રાજાએ સૈનિકને બનાવ્યો.
૨. મેં તેઓને બોલાવ્યાં.	૨. સભાએ તેને ગણ્યો.
૩. તેણે પંખીને ઉડાડી મૂક્યાં.	૩. મેં રામને ધાર્યો હતો.

ક નાં વાક્યોમાં બધાં ક્રિયાપદો સકર્મક છે, અને તે ઉદ્દેશ્ય ઉપરાંત પોતાનાં કર્મ વિશે પણ પૂર્ણ અર્થ કહે છે. આથી એ વાક્યો પૂર્ણ અર્થવાળાં લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ख નાં વાક્યોમાં પણ બધાં ક્રિયાપદો સકર્મક છે. પરંતુ અહીં દરેક ક્રિયાપદ પોતાના કર્મ વિશે પૂર્ણ અર્થ કહી શકતું નથી. આથી એ વાક્યો અધૂરા અર્થવાળાં લાગે છે.

એ૯ (ख નાં) વાક્યો નીચે પ્રમાણે લખવાથી પૂર્ણ અર્થવાળાં બને છે:

૧. રાજાએ સૈનિકને **સરદાર** બનાવ્યો.
૨. સભાએ તેને **મૂર્ખ** ગણ્યો.
૩. મેં રામને **વિવેકી** ધાર્યો હતો.

મોટા અક્ષરે છાપેલા શબ્દો પોતપોતાના ક્રિયાપદને તેના કર્મ વિશે પૂરો અર્થ કહેવામાં એટલે કે પૂર્ણ વિધાન કરવામાં મદદ કરે છે. આ પદો પણ ક્રિયાપૂરક છે.

નોંધ : અપૂર્ણ ક્રિયાવાચક અકર્મક ક્રિયાપદનું ક્રિયાપૂરક ઉદ્દેશ્ય સાથે સંબંધ ધરાવે છે, અને અપૂર્ણ ક્રિયાવાચક સકર્મક ક્રિયાપદનું ક્રિયાપૂરક કર્મ સાથે સંબંધ ધરાવે છે. દા. ત. ડૉક્ટર એ પદ **મહેશ** એ ઉદ્દેશ્ય સાથે સંબંધ ધરાવે છે, જ્યારે **સરદાર** એ પદ **સૈનિક**ને એ કર્મ સાથે સંબંધ ધારાવે છે.

આમ ક્રિયાપૂરક બે પ્રકારનાં હોય છે : (૧) ઉદ્દેશ્યને લગતાં ક્રિયાપૂરક (૨) કર્મને લગતાં ક્રિયાપૂરક.

મનોયત્ન : ૩૧

નીચેનાં વાક્યોમાંથી ક્રિયાપૂરક શોધો—

૧. મારો મિત્ર તંદુરસ્ત દેખાય છે.
૨. મોસંબી ઉત્તમ ફળ છે.
૩. મારો મિત્ર છેવટે સેનાપતિ થયો.
૪. અમે નિરાશ થઈશું નહિ.
૫. અમે તેને ઉદાર ધારતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. સત્તાએ તેને તુમાખી બનાવ્યો.

૭. સંકુચિત દેશપ્રેમ એ મોટો દુર્ગુણ છે.

૮. ખાંડ નાખી સુધીરે દૂધને ગળ્યું બનાવ્યું.

સાદું વાક્ય – તેનું પૃથક્કરણ

૧. મુંબઈ મોટું શહેર છે. ૩. હરિ—"પેલું ફૂલ કોણ લાવશે?"

૨. કેવો સુંદર બાગ! ૪. રમેશ—"હું."

પહેલા વાક્યમાં એક જ ક્રિયાપદ અને તેનો ઉદ્દેશ્ય છે. બીજા વાક્યમાં 'છે' એ ક્રિયાપદ આખ્યાત નથી, એટલે કે એનો પ્રયોગ થયો નથી. ચોથા વાક્યમાં 'લાવીશ' એ ક્રિયાપદ અધ્યાહાર છે, અને તે ત્રીજા વાક્યના ક્રિયાપદના આધારે પૂર્વાપર સંબંધથી સમજી લેવાનું છે. આમ એ દરેક વાક્યમાં ઉદ્દેશ્ય અને એક જ ક્રિયાપદ છે.

જે વાક્યમાં એક ક્રિયાપદ અને તેનો ઉદ્દેશ્ય (આખ્યાત હોય કે અધ્યાહાર હોય) હોય, તે **સાદું વાક્ય** કહેવાય છે.

૧. મગન જતો હતો અને સીતા પણ જતી હતી.

૨. મગન અને સીતા જતાં હતાં.

પહેલા વાક્યમાં બે ક્રિયાપદો છે. એ બંનેના ઉદ્દેશ્યો પણ છે. આથી એ વાક્ય સાદું નથી.

પરંતુ એજ વાક્યોને બીજા વાક્ય પ્રમાણે લખીએ તો તે સાદું વાક્ય બને છે. બીજું વાક્ય સાદું વાક્ય છે, કારણ કે એમાં એક જ ક્રિયાપદ છે. એમાં બે નામો ઉદ્દેશ્ય તરીકે આવ્યાં છે, પણ તે બંનેને ઉદ્દેશ્ય તરીકે સાથે જ ગણવાનાં છે.

• પૃથક્કરણનો અભ્યાસ •

સાદાં વાક્યોનું પૃથક્કરણ કોષ્ટકમાં કર્યું છે, તેનો અભ્યાસ કરો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નં.	ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધક	ક્રિયાપદ	કર્મ	કર્મવર્ધક	ક્રિયાપૂરક	ક્રિયાવર્ધક
૧	પંખીઓ	બાગનાં	ગાય છે	ગીત	મધુર	—	સવારના પહોરમાં
૨	દીકરો	મારા ભાઈનો	બનશે	—	—	ન્યાયાધીશ	પાંચ વરસ રહીને
૩	રાજાએ	—	બનાવ્યો	બલદેવ-સિંહને	—	સેનાપતિ	બીજે દિવસે; દરબારીઓની વચ્ચે
૪	મારે	—	કહેવી છે	તેને, વાત	ગઈ કાલે સાંભળેલી	—	—
૫	જામફળ	—	ગમતું નથી	—	—	—	મારા નાના ભાઈને
૬	(દુખવાનું)	—	દુખે છે	—	—	—	મને; કાલે રાતથી; ડાબા પગમાં; ખૂબ
૭	છોકરો	—	(છે)	—	—	કેવો નઠોર	—
૮	ખ્યાલ	આ નગરની રચનાનો	છે	—	—	—	તમને
૯	(તમે)	—	આપજો	શિખામણ, તેને	યોગ્ય	—	મારો ભાઈ તમને મળતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાક્યો

૧. આગમાં પંખીઓ સવારના પહોરમાં મધુર ગીત ગાય છે.
૨. પાંચ વરસ રહીને મારા ભાઈનો દીકરો ન્યાયાધીશ બનશે.
૩. બીજે દિવસે દરબારીઓની વચ્ચે રાજાએ બલદેવસિંહને સેનાપતિ બનાવ્યો.
૪. મારે તેને ગઈ કાલે સાંભળેલી વાત કહેવી છે.
૫. મારા નાના ભાઇને જામફળ ગમતું નથી.
૬. મને કાલે રાતથી ડાબા પગમાં ખૂબ દુખે છે.
૭. કેવો નકોર છોકરો!
૮. ભાઈ, આ નગરની રચનાનો તમને ખ્યાલ છે?
૯. મારો ભાઈ તમને મળતાં, તેને યોગ્ય શિખામણ આપજો.

મનોયત્ન : ૩૨

નીચેનાં સાદાં વાક્યોનું પૃથક્કરણ કરો—

૧. મેળામાં જઈને નાનાં બાળકો રમકડાં ખરીદી લાવ્યાં.
૨. અમે મેળામાં જાતજાતની દુકાનો જોઈ.
૩. હું આ સાહસકાર્યમાં વગર વિચારે આગળ વધી શકું નહિ.
૪. સત્ય ખાતર ઈસુ ખ્રિસ્તે જીવનનું બલિદાન આપ્યું.
૫. મારી બહેન સુધાથી ભેટમાં મળેલું પુસ્તક ખોવાઈ ગયું.
૬. પૂનમની રાતે ચારેક મહોલ્લાની છોકરીઓએ ભેગાં મળીને ગરબા ગાયા.
૭. સમયને અનુકૂળ ભાષણ કરીને, વક્તાએ સભાને મંત્રમુગ્ધ કરી.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૭

ઉપવાક્ય–તેના પ્રકાર

૧. જ્યારે સૂર્ય ઊગે છે ત્યારે કમળ ખીલે છે.

૨. હેમંતે કહ્યું કે હું કાલે જરૂર આવીશ.

ઉપરના પહેલા વાક્યમાં બે વાક્યો આવેલાં છે : (ક) જ્યારે સૂર્ય ઊગે છે. (ખ) ત્યારે કમળ ખીલે છે.

એ દરેક વાક્ય એકએક વિચાર જણાવે છે. આ બે વિચાર પૈકી બોલનાર 'કમળ ખીલે છે' એ હકીકત મુખ્યત્વે જણાવવા માગે છે, અને 'જ્યારે સૂર્ય ઊગે છે' એ વાક્ય કમળના ખીલવાનો કાળ બતાવવા માટે જ બોલાયું છે.

આ જોતાં માલૂમ પડશે કે 'કમળ ખીલે છે' એ વાક્યમાં બનતી ક્રિયાનો સમય જણાવવા બીજું વાક્ય વપરાયું છે, તેથી એમાંનો વિચાર મુખ્ય વિચારને અંગેનો પેટા વિચાર છે.

જેમાં મુખ્ય વિચાર દર્શાવાય તે મુખ્ય વાક્ય કહેવાય છે, અને જેમાં પેટા વિચાર જણાવાયો હોય તે ઉપવાક્ય કહેવાય છે.

ત્યારે કમળ ખીલે છે–મુખ્ય વાક્ય; જ્યારે સૂર્ય ઊગે છે–ઉપવાક્ય.
બીજા વાક્યમાં, હેમંતે કહ્યું–મુખ્ય વાક્ય; હું કાલે આવીશ–ઉપવાક્ય.

ઉપવાક્યના પ્રકાર

વાક્યમાં ઉપવાક્ય નામનું, વિશેષણનું અને ક્રિયાવિશેષણનું કાર્ય કરે છે. આથી એના ત્રણ પ્રકાર પડે છે : (૧) નામનું કાર્ય કરનાર ઉપવાક્ય–**નામ વાક્ય**, (૨) વિશેષણનું કાર્ય કરનાર ઉપવાક્ય–**વિશેષણ વાક્ય**, (૩) ક્રિયાવિશેષણનું કાર્ય કરનાર ઉપવાક્ય–**ક્રિયાવિશેષણ વાક્ય**.

ક્રિયાવિશેષણ વાક્ય

૧. **જ્યારે આગગાડી આવી**, ત્યારે લોકો ઊભા થઈ ગયા.

૨. **જ્યાં અમે ગયા ત્યાં** આવકાર પામ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલા વાક્યમાં ઉપવાક્ય ઊભા થવાની ક્રિયાનો કાળ બતાવે છે. એ કાળવાચક ક્રિયાવિશેષણનું કાર્ય કરે છે.

બીજા વાક્યમાં ઉપવાક્ય સ્થળવાચક ક્રિયાવિશેષણનું કાર્ય કરે છે, તેથી એ ઉપવાક્ય ક્રિયાવિશેષણ વાક્ય છે.

વાક્યમાં જે ઉપવાક્ય ક્રિયાવિશેષણનું કાર્ય કરે છે, તે **ક્રિયાવિશેષણ વાક્ય** કહેવાય છે.

ક્રિયાવિશેષણ વાક્યના પ્રકાર

૧. **જ્યારે વસંત ઋતુ બેસે** છે ત્યારે લોકો ઉત્સાહી બને છે. [કાળવાચક]
જેવી સાંજ પડી કે પંખીઓ માળા તરફ વળ્યાં. [કાળવાચક]
૨. **જ્યાં સ્નેહ હોય** છે ત્યાં લોકો સુખી થાય છે. [સ્થળવાચક]
૩. **જો હું ત્યાં જઈશ** તો તમારો સંદેશો કહીશ. [શરતવાચક]
૪. હું ઉતાવળે ચાલ્યો **કારણ કે મને મોડું થયું હતું.** [કારણવાચક]
૫. **જેમ તમે વર્તશો** તેમ દુનિયા તમારી સાથે વર્તશે. [રીતવાચક]
૬. **જો કે તે તવંગર** છે તોપણ લોભી છે. [વિરોધવાચક]

મનોયત્ન : ૩૩

નીચેનાં વાક્યોમાંથી ક્રિયાવિશેષણ વાક્ય શોધો અને તેનો પ્રકાર કહો—

૧. જ્યારે લોકો સત્યને અનુસરે છે, ત્યારે તેમની ઉન્નતિ થાય છે.
૨. જ્યાં તણખલાં વેરાયાં હોય, ત્યાં ચકલી હાજર જ હોય.
૩. જો તમે પ્રમાણિક થશો, તો લોકો તમારો વિશ્વાસ કરશે.
૪. હું લગ્નમાં જવાનો નથી, કારણ કે મને તેડું જ નથી.
૫. કુમળા ઝાડને જેમ વાળીએ તેમ વળે છે.
૬. જો કે યુદ્ધ લંબાયું, તોપણ સૈનિકોનો ઉત્સાહ ઓસર્યો નહિ.
૭. જેમ તમે બોલશો, તેમ તમારાં બાળકો બોલશે.
૮. જેવું અંધારું થયું કે નોકરે દીવો સળગાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષણ વાક્ય

૧. જે નર સંતોષી છે તે સદાય સુખી હોય છે.
૨. જેને પ્રસાદ જોઈએ તે છોકરાઓ અહીં આવે.
૩. જેમાં ગમ્મત પડે તે રમત રમો.
૪. જ્યાંથી આ નદી નીકળે છે તે સ્થળ ઘણું રમણીય છે.
૫. આ ચોપડી જેની છે તેને આપી દેજો.
૬. જેણે આ કર્યું છે તેને બોલાવો.

પહેલા વાક્યમાં મોટા અક્ષરે છાપેલું ઉપવાક્ય 'તે' એ સર્વનામના અર્થમાં વધારો કરે છે. આથી એ ઉપવાક્ય વિશેષણનું કાર્ય કરે છે.

તેવી જ રીતે બીજાં ઉપવાક્યો નામના કે સર્વનામના અર્થમાં વધારો કરી વિશેષણનું કાર્ય કરે છે, આથી એ બધાં ઉપવાક્યો વિશેષણ વાક્ય છે.

વાક્યમાં જે ઉપવાક્ય વિશેષણનું કાર્ય કરે, તે **વિશેષણ વાક્ય** કહેવાય છે.

મનોયત્ન : ૩૪

નીચેનાં વાક્યોમાંથી વિશેષણ વાક્યો શોધો—

૧. જે વાજું તમે લાવ્યા હતા તે બગડી ગયું છે.
૨. જેમાંથી શીખવાનું મળે એવાં પુસ્તકો લાવજો.
૩. જેણે કંઈ કાર્ય કરવું છે તે માણસ ખાલી બકવાટ કરતો નથી.
૪. જ્યાંથી આ રેશમ આવ્યું છે તે કારખાનું જાણીતું છે.
૫. જે રાજા પ્રજાને ચાહે છે તેને પ્રજા પિતા સમાન લેખે છે.
૬. જેનાથી દેશનું કાર્ય નહિ બને તેનું જીવન વ્યર્થ છે.
૭. જેમાં ઘણાં પુસ્તકો રહે એવું કબાટ બનાવવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ વાક્ય

૧. બાળકોને રમત મુખ્ય ગમે છે એ ખરું છે.
૨. રાણીએ કહ્યું કે આવતી કાલે પૂજા કરીશું.
૩. મારા ભાઈએ મને પૂછયું "તમે રમેશને ત્યાં જાઓ છો?"
૪. વિદ્વાન સર્વત્ર પૂજાય છે એ વાત સાચી છે.

પહેલા વાક્યમાં મોટા અક્ષરે છાપેલું ઉપવાક્ય 'છે' ક્રિયાપદનું ઉદ્દેશ્ય છે, એથી એ ઉપવાક્ય નામનું કાર્ય કરે છે.

બીજા વાક્યનું ઉપવાક્ય 'કહ્યું' એ ક્રિયાપદનું કર્મ છે. એથી એ પણ નામનું કાર્ય કરે છે. ત્રીજા વાક્યનું ઉપવાક્ય 'પૂછયું' ક્રિયાપદનું કર્મ હોઈ નામનું કાર્ય કરે છે.

ચોથા વાક્યમાં **વાત** એ પદ મુખ્ય વાક્યનું ઉદ્દેશ્ય છે. **વાત** એટલે શું? **વાત** એટલે 'વિદ્વાન સર્વત્ર પૂજાય છે' એ હકીકત. આમ આ ઉપવાક્ય **વાત** એ પદ સાથે સમાનાધિકરણમાં આવેલું છે, એટલે કે એ ઉપવાક્ય ઉદ્દેશ્યની સાથે સમાન વિભક્તિમાં છે. આથી એ ઉપવાક્ય નામનું કાર્ય કરે છે.

ઉપરનાં બધાં ઉપવાક્યો નામનું કાર્ય કરતાં હોવાથી નામ વાક્ય છે. જે ઉપવાક્ય નામનું કાર્ય કરે છે તે **નામ વાક્ય** કહેવાય છે.

નામ વાક્ય કેટલી રીતે આવે?

૧. આપણે મંગલ સંસ્કૃતિના વારસદાર છીએ એ સાચી વાત છે. [ઉદ્દેશ્ય તરીકે]
૨. તમે બાળામાંથી બહાર જશો નહિ એમ ચકલીએ બચ્ચાંને કહ્યું. [કર્મ તરીકે]
૩. મારા પિતાએ કહ્યું કે તું કોઈની નિંદા કરીશ નહિ. [કર્મ તરીકે]
૪. મોટી આફત છે કે ચાલુ સાલે વરસાદ પડશે નહિ. [ક્રિયાપૂરક તરીકે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. આપણું સૈન્ય જીત્યું છે એ હકીકત ખરી છે.
[હકીકત સાથે સમાનાધિકરણમાં]

૬. કઈ બાજુ ખરી છે એનો નિર્ણય મારે કરવો જોઇએ.
['એ' સર્વનામ સાથે સમાનાધિકરણમાં]

૭. એ ખરું છે કે તેની કંઈ કસૂર નથી.
['એ' સાથે સમાનાધિકરણમાં]

મનોયત્ન : ૩૫

નીચે આપેલાં વાકયોમાંથી નામ વાકયો શોધો—

૧. શ્રીકાંતે ગંભીર મુખે કહ્યું, "તમે વિનયથી વર્તજો."

૨. આપણા તહેવારો આનંદ પ્રગટાવવા માટે છે એ વાત ભૂલવી ન જોઇએ.

૩. રાણીએ કહ્યું કે હું રાજમાતા તરીકે હુકમ કરું છું.

૪. અકબર બાદશાહ એક પ્રજાનું સ્વપ્ન સેવતા એ સાચું છે.

૫. તમે કંઈ રચનાત્મક કાર્ય કરો એમ નેતાએ બાળકોને કહ્યું.

૬. મને ખ્યાલ છે કે એ વાત અહીં જ થઈ હતી.

૭. એ સાચું છે કે હું કંઈ બોલ્યો નહોતો.

૮. વિપ્રદાસ બોલ્યો, "બહેન, દીવો કંઈ એકલા માલિકને પ્રકાશ નથી આપતો."

મનોયત્ન : ૩૬

નીચેનાં વાકયોમાં મુખ્ય વાકય અને જુદા જુદા પ્રકારનાં ઉપવાકયો ઓળખો-

૧. જ્યારે તારાઓ આભમાં ફૂટે છે, ત્યારે પૃથ્વી પર શાંતિ છવાય છે.

૨. નલિની દોડતી આવીને કહેવા લાગી, "વરસાદ કેવો વરસે છે!"

૩. જે હાથ ન્યાય ખાતર શસ્ત્ર ધારણ કરે છે, તે જ હાથ આશીર્વાદ આપી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. જે હૈયામાં દેશદાઝ નથી, તે હૈયાને શું કહેવું ?

૫. જેમ અમે આગળ વધતા ગયા તેમ રણનો પ્રદેશ દેખાવા લાગ્યો.

૬. આ યુદ્ધમાં કોણ જીતશે તેનું તેણે ભવિષ્ય ભાખ્યું છે.

૭. તમારે ગરીબોની દાઝ જાણવી જોઈએ એમ તે કહ્યું.

૮. જેવું અન્ન ખાઈએ છીએ તેવો ઓડકાર આવે છે.

૯. મારી માતાએ કહ્યું. "તું યુરોપ જઈને તારી માને ભૂલી ના જતો."

૧૦. "તને અને માતૃભૂમિને કેમ ભૂલી શકું ?" મેં જવાબ આપ્યો.

૧૧. દરેક ક્ષેત્રના બળવાખોરો પાછળથી વીર તરીકે પૂજાય છે, એ હકીકત ઇતિહાસપ્રસિદ્ધ છે.

૧૨. જે સુખથી છકી જતો નથી, તે જ દુઃખથી હાલી ઊઠતો નથી.

પ્રકરણ ૧૮

મિશ્ર વાક્ય

૧. જ્યારે રમત પૂરી થઈ ત્યારે બાળકો ઘેર ગયાં.

૨. પ્રતિમાએ કહ્યું કે હું રજામાં ગામ જઈશ.

૩. જ્યાં આદર નથી, જ્યાં પ્રેમ નથી, ત્યાં કોણ હોંસથી જાય ?

૪. જ્યારે વરસાદ પડ્યો ત્યારે મહેશે તેના ભાઈને કહ્યું,
"આપણે કાગળની હોડી બનાવીએ."

ઉપરનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં ઉપવાક્યો છે. પહેલા અને બીજા વાક્યમાં એક એક ઉપવાક્ય છે. ત્રીજા અને ચોથામાં અગત્યે ઉપવાક્યો છે.

એ દરેક વાક્યમાં મુખ્ય વાક્ય માત્ર એક જ છે, તેથી એ દરેક વાક્ય મિશ્ર વાક્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે વાક્યમાં માત્ર એક મુખ્ય વાક્ય હોય અને એક કે એકથી વધારે ઉપવાક્ય હોય, તે મિશ્ર વાક્ય કહેવાય છે.

ઉપવાક્ય અને તેને અવલંબીને આવેલું ઉપવાક્ય

કેટલાંક વાક્યોમાં મુખ્ય વાક્ય ઉપર સીધો આધાર રાખતાં ઉપવાક્યો હોય છે. પરંતુ કેટલીક વાર વાક્યમાં કોઈ એક ઉપવાક્ય, મુખ્ય વાક્ય સાથે સંબંધ રાખી તેની ઉપર આધાર રાખીને આવે છે, જ્યારે કેટલાંક ઉપવાક્યો બીજાં ઉપવાક્ય પર આધાર રાખીને આવેલાં હોય છે. આ બાબત નીચેના દાખલાઓ ઉપરથી જણાશે.

અભ્યાસ

૧. જ્યારે પવન જોરથી વાયો, જ્યારે વાદળમાં ગડગડાટ થવા લાગ્યો, ત્યારે ખલાસીઓએ સઢ સંકેલી લીધા. ૧.

૨. જ્યારે ટપાલીએ કહ્યું કે તમારો કાગળ છે, ત્યારે હું આનંદમાં આવી ગયો. ૨.

પહેલા વાક્યમાં બંને ઉપવાક્યો મુખ્ય વાક્યની ક્રિયા ક્યારે બની તેનો કાળ દર્શાવે છે; એટલે એ બંને મુખ્ય વાક્ય સાથે સીધો સંબંધ રાખીને આવ્યાં છે. ૩.

બીજા વાક્યમાં 'જ્યારે ટપાલીએ કહ્યું' એ ઉપવાક્ય મુખ્ય વાક્યના ક્રિયાપદની ક્રિયા ક્યારે બની તેનો કાળ દર્શાવે છે અને તેની સાથે સીધો સંબંધ રાખે છે. પરંતુ 'તમારો કાગળ છે' એ નામ વાક્ય 'જ્યારે ટપાલીએ કહ્યું' એ ઉપવાક્ય પર આધાર રાખે છે. એ નામ વાક્ય 'કહ્યું' એ ક્રિયાપદના કર્મ તરીકે આવેલું છે. આમ એ નામ વાક્ય અહીં ઉપવાક્યનું પણ ઉપવાક્ય બનીને આવેલું છે. ૪.

આ રીતે વાક્યમાં ઉપવાક્ય પર અવલંબતાં ઉપવાક્યો પણ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસ

નીચેનાં વાકયોનું પૃથક્કરણ કોષ્ટકમાં કર્યું છે તેનો અભ્યાસ કરો—

૧. તે વૃદ્ધે કહ્યું, "જેણે અનુભવ્યું હશે તે આ દુઃખ સમજશે."

૨. પ્રધાન બોલ્યો, "આ બાબતમાં હું તપાસ કરીશ. તમે નચિંત રહેજો."

૩. જ્યારે મેં કહ્યું કે હું ખાઈશ, ત્યારે તે કંઈ બોલ્યો નહિ.

૪. આજે વરસાદ પડશે એ શંકાભરેલું છે, કારણ કે પવન ખૂબ વાય છે.

૧. (ક) તે વૃદ્ધે કહ્યું—મુખ્ય વાકય.

(ખ) તે આ દુઃખ સમજશે—નામ વાકય, 'કહ્યું' નું કર્મ.

(ગ) જેણે અનુભવ્યું હશે—વિશેષણ વાકય 'તે' નું ઉદ્દેશ્યવર્ધક.

૨. (ક) પ્રધાન બોલ્યો—મુખ્ય વાકય.

(ખ) આ બાબતમાં હું તપાસ કરીશ—નામ વાકય, 'બોલ્યો'નું કર્મ.

(ગ) તમે નચિંત રહેજો—નામ વાકય, 'બોલ્યો' નું કર્મ.

૩. (ક) ત્યારે તે કંઈ બોલ્યો નહિ—મુખ્ય વાકય.

(ખ) જ્યારે મેં કહ્યું—ક્રિયાવિશેષણ વાકય, કાળવાચક, 'બોલ્યો' નું ક્રિયાવર્ધક.

(ગ) કે હું ખાઈશ—નામ વાકય, 'કહ્યું' નું કર્મ.

૪. (ક) શંકાભરેલું છે—મુખ્ય વાકય.

(ખ) આજે વરસાદ પડશે એ—નામ વાકય, 'છે' નું ઉદ્દેશ્ય.

(ગ) કારણ કે પવન ખૂબ વાય છે—ક્રિયાવિશેષણ વાકય, કારણ-વાચક, 'છે' નું ક્રિયાવર્ધક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાક્ય	સંયોજક	ઉદ્દેશ્યવર્ધક	ઉદ્દેશ્ય	ક્રિયાપદ	કર્મવર્ધક	કર્મ	ક્રિયાપૂરક	ક્રિયાવર્ધક
૧. (ક)	—	તે	જૂઠ્ઠું	કહ્યું	—	—	—	—
(ખ)	—	—	તે	સમજશે	આ	દુઃખ	—	—
(ગ)	જેણે	—	—	અનુભવ્યું હશે	—	—	—	—
૨. (ક)	—	—	પ્રધાન	બોલ્યો	—	—	—	આ બાબતમાં
(ખ)	—	—	હું	કરીશ	—	તપાસ	—	—
(ગ)	—	—	તમે	રહેજો	—	—	નમ્રતા	—
૩. (ક)	—	—	તે	બોલ્યો(નહિ)	—	કંઈ	—	ત્યારે, નહિ
(ખ)	જ્યારે	—	મેં	કહ્યું	—	—	—	—
(ગ)	?	—	હું	બોલીશ	—	—	—	—
૪. (ક)	—	—	(મેં)	ફોન	—	—	શાંતાબહેનને	—
(ખ)	—	—	વરસાદ	પડશે	—	—	—	આજે
(ગ)	—	—	પવન	વાય છે	—	—	—	ધીમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૩૭

નીચેનાં મિશ્ર વાકયોનું પૃથક્કરણ કરો—

૧. જ્યારે અરુણ બીજી નિશાળે ગયો, ત્યારે તેણે નવા મિત્રોની શોધ કરવા માંડી.

૨. જ્યાં એક વખત વેરાન રણ હતું અને જ્યાં ઝરામાંથી પાણી પીનાર ન હતું, ત્યાં આજે કેવા ભવ્ય આશ્રમો ઊભા છે!

૩. ચેગંબરે ગંભીર વાણીમાં કહ્યું, "હું આશા રાખું છું કે તમે મારો સંદેશો નહિ ભૂલો."

૪. જેનાં ફળો નાનપણમાં વારંવાર ખાધાં છે અને જેની ડાળે ડાળે અમે રમ્યા છીએ, તે વૃક્ષો હજી તળાવને કાંઠે છે.

૫. જેવું વાવે તેવું લણે એ કહેવત સાચી છે.

૬. મેં ધર્મશાળાના રક્ષકને કહ્યું, "મને એક ઓરડી બતાવો. હું ત્યાં પડી રહીશ."

૭. જ્યાં સંપ છે, જ્યાં સહકાર છે, ત્યાં શું સ્વર્ગ નથી?

૮. જ્યારે સ્વતંત્રતાનો પહેલો દિન ઊજવાયો, ત્યારે લોકોએ અનુભવ્યું કે અમે હવે પંખીની માફક સ્વાધીન છીએ.

૯. દરવાજા પર મોટા અક્ષરોથી લખ્યું હતું, "જે કાન કાપશે તેને માટે આ બારી ઊઘડશે."

૧૦. મુસાફર આ સઘળું જોતાં છક થઈ ગયો, કારણ કે ત્યાં તેણે અખૂટ સમૃદ્ધિ જોઈ, અદ્‌ભુત સૌંદર્ય જોયું, અનુપમ કલા જોઈ.

૧૧. જ્યારે હું વિચાર કરું છું કે આ સ્થાપત્ય અને ચિત્રો દોઢ હજાર વર્ષોથી આમ અવિકારી રહ્યાં છે, ત્યારે મારું માથું તે ગત કાલને આપોઆપ નમે છે.

૧૨. એવામાં અંદરથી એક અવાજ આવ્યો, "ત્યાગ કરવો સહેલો છે, પણ કરેલા ત્યાગને લાયક બનવું એમાં જ પુરુષાર્થ છે.

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૯

સંયુક્ત વાક્ય

૧. ગાડી આવીને ઊભી રહી અને મુસાફરો ઊતરચડ કરવા લાગ્યા.

૨. તમે આ ફૂલ લઈ શકો છો અથવા બાગમાંથી નવું તોડી શકો છો.

૩. અમે ધર્મશાળામાં ગયા, સાધુને મળ્યા અને થોડી વાતચીત કરી આરામ કરવા લાગ્યા.

૪. પેલું બાળક દુકાન પાસે ગયું અને તેણે દુકાનદારને કહ્યું, "**મારે આ રમકડું જોઈએ છે.**"

૫. **જ્યારે સૈનિકો** લડવા લાગ્યા, ત્યારે સેનાપતિ તેમની પાસે ગયો અને તેમને કહ્યું, "**જીવને જોખમે પણ આપણે લડાઈ જીતવી જોઈએ.**"

પહેલા અને બીજા વાક્યમાં બે સ્વતંત્ર વાક્યો આવેલાં છે. ત્રીજા વાક્યમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આવેલાં છે. ચોથા વાક્યમાં બે મુખ્ય વાક્યો છે, અને એક ઉપવાક્ય છે. પાંચમા વાક્યમાં બે મુખ્ય વાક્યો છે, અને મોટા અક્ષરે છાપેલાં બે ઉપવાક્યો છે.

આ બધાં વાક્યો સંયુક્ત વાક્યો છે.

જે વાક્યમાં બે કે બેથી વધારે સ્વતંત્ર વાક્યો (ઉપવાક્ય વિનાનાં કે ઉપવાક્ય સહિત) આવેલાં હોય, તે વાક્ય **સંયુક્ત વાક્ય** કહેવાય છે.

સાદા, મિશ્ર અને સંયુક્ત વાક્ય વચ્ચે તફાવત

(૧) **સાદા** વાક્યમાં માત્ર એક જ ક્રિયાપદ અને તેનો ઉદ્દેશ્ય હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) મિશ્ર વાક્યમાં માત્ર એક જ મુખ્ય વાક્ય હોય, અને એક કે એકથી વધારે ઉપવાક્ય હોય.

(૩) સંયુક્ત વાક્યમાં બે કે બેથી વધારે સ્વતંત્ર કે મુખ્ય વાક્યો હોય છે. એમાં મુખ્ય વાક્યને અવલંબીને એક કે એકથી વધારે ઉપવાક્ય આવી શકે છે.

અભ્યાસ

નીચે આપેલાં સંયુક્ત વાક્યોનું પૃથક્કરણ કોષ્ટકમાં કર્યું છે તેનો અભ્યાસ કરો.

૧. ઉનાળામાં અહીં પ્રવાસીઓ ડુંગરોનાં શિખરો ચડે છે, સરોવરમાં સહેલગાહે જાય છે કે બરફની ઉપર સરકવાની મોજ માણે છે.

૨. જ્યારે મહારાજને અમે નમસ્કાર કર્યા અને તેમની રજા માગી, ત્યારે તેમણે પ્રેમથી ખભા પર હાથ મૂક્યો અને અમને કહ્યું, "બધે પરમાત્મા છે."

કોષ્ટક

૧. (ક) ઉનાળામાં અહીં પ્રવાસીઓ ડુંગરોનાં શિખરો ચડે છે—સ્વતંત્ર વાક્ય.

(ખ) (તેઓ) સરોવરમાં સહેલગાહે જાય છે—સ્વતંત્ર વાક્ય.

(ગ) (તેઓ) બરફની ઉપર સરકવાની મોજ માણે છે—સ્વતંત્ર વાક્ય.

૨. (ક) ત્યારે તેમણે પ્રેમથી ખભા પર હાથ મૂક્યો—મુખ્ય વાક્ય.

(ખ) અને (તેમણે) અમને કહ્યું—મુખ્ય વાક્ય.

(ગ) કે બધે પરમાત્મા છે—નામ વાક્ય, કહ્યું 'નું કર્મ.

(ઘ) જ્યારે મહારાજને અમે નમસ્કાર કર્યા—ક્રિયાવિશેષણ વાક્ય, કાળવાચક, 'મૂક્યો 'નું ક્રિયાવર્ધક.

(ઙ) અને (જ્યારે અમે) તેમની રજા માગી—ક્રિયાવિશેષણ વાક્ય, કાળવાચક, 'મૂક્યો 'નું ક્રિયાવર્ધક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

વાક્ય	સંયોજક	ઉદ્દેશ્યવર્ધક	ઉદ્દેશ્ય	ક્રિયાપદ	કર્મવર્ધક	કર્મ	ક્રિયાપૂરક	ક્રિયાવર્ધક
૧. (ક)	—	—	પ્રવાસીઓ	ચડે છે	ડુંગરોનાં	શિખરો	—	ઉનાળામાં, અહીં
(ખ)	—	—	(તેઓ)	જાય છે	—	—	—	સહેલગાહે, સરોવરમાં
(ગ)	કે	—	(તેઓ)	માણે છે	બરફ ઉપર સરકવાની	મોજ	—	—
૨. (ક)	ત્યારે	—	તેમણે	મૂક્યો	—	હાથ	—	બાળા પર, પ્રેમથી
(ખ)	અને	—	(તેમણે)	કહ્યું	—	અમને	—	—
(ગ)	કે	—	પરમાત્મા	છે	—	—	—	બધે
(ઘ)	જ્યારે	—	અમે	કર્યાં	—	મહારાજને નમસ્કાર	—	—
(ઙ)	અને (જ્યારે)	—	(અમે)	માગી	તેમની	રજા	—	—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૩૮

નીચેનાં સંયુક્ત વાક્યોનું પૃથક્કરણ કરો—

૧. તેમને કીર્તિ મળે કે ન મળે, પણ સંત પુરુષો ન્યાયના પંથ પરથી ચલિત થતા નથી.

૨. તે સજ્જન મહેતાને ઘેર ગયો, ત્યાં તેણે કૃષ્ણદેવની તપાસ કરી અને તે ત્યાં જ હોવાની ખબર સાંભળી તેને ઘણો હરખ થયો.

૩. સ્ત્રીઓનાં યશોગાન કોઈ કરતું નથી, તેમના નામે કીર્તિસ્થંભ રોપાતા નથી, છતાં તેમની શક્તિ ભૂમિમાં છુપાયેલા ઝરણની માફક જીવનમાં કાર્ય કરે છે.

૪. જે તને અન્યાય કરે તેને તું ક્ષમા આપ, અને હમેશાં સત્ય બોલ, પછી ભલે તે તારી વિરુદ્ધ જતું હોય.

૫. જેમ જેમ અમે આગળ વધતા ગયા, તેમ તેમ જંગલની બંને બાજુની ઝાડી ગીચ થતી ગઈ, અંધારું ગાઢ થતું ગયું અને વિકરાળ પશુઓની ગર્જના સંભળાવા લાગી.

૬. તમને જે મહેલ બાંધવાની હોંશ છે તે તમે ભલે બાંધો, પણ હું તો મારી મઢૂલી જ સંભાળીશ.

૭. પણ ડોન આમતેમ ઘોડી કુદાવીને ભાલાને ફેરવવા લાગ્યો અને બોલ્યો, "અરે! સેનાપતિ ક્યાં છે? સામી છાતીએ આવ!"

૮. પતંગિયું જેમ એક ફૂલ ઉપરથી બીજા ફૂલ ઉપર બેસી ઝાડોને ફલિત કરે છે, તેમ સાધુઓ એક દેશમાંથી બીજા દેશમાં વિચરીને સંસ્કૃતિની આપલેના વણજારા બને છે અને દેશેદેશ સંસ્કૃતિની પેઢી ઉઘાડે છે.

૯. જે માબાપો પોતાનાં બાળકોને સુંદર તન આપે તેઓ મહાન નથી, પણ જે તેમને સુંદર મન આપે તેઓ જ મહાન છે.

૧૦. તમે ઈશ્વરને અર્પણ કરો અને તેને નામે સંકલ્પ કરો કે તેની મરજી હશે તો તે સંસ્થા ચલાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૦

અલંકાર

૧. અતિશય ઠંડો વાયુ વાતો હતો.

૨. વાયુ વહે શીતળ હિમ જેવો.

બંને વાક્યોમાં બોલનાર એક જ વસ્તુ કહેવા માગે છે કે વાતો વાયુ બહુ ઠંડો હતો. પહેલા વાક્યમાં આ અર્થ સામાન્ય વાતચીતની ભાષામાં કહ્યો છે, જ્યારે બીજા વાક્યમાં વાયુને હિમ સાથે સરખાવી, વાયુના ઠંડાપણાનો ખ્યાલ આપણને બહુ સચોટપણે આપ્યો છે. વાયુ જાણે બરફ જેવો ઠંડો ન હોય તેવું આપણને ભાન થાય છે,

કહેવાની આ બંને રીતમાં, બીજી રીત આપણને વધારે ચોટદાર અને કલામય લાગે છે. એ ભાષા કવિની ભાષા છે. આવી ચોટભરેલી અને કલામય ભાષા આપણને કાવ્યમાં વધારે જોવાની મળે છે. અહીં જે ચમત્કૃતિ છે તે અર્થને લગતી છે.

લંક લીલા જ લંગૂર લખ લૂંટશે,
મેલ મૂરખ મન માન મટકાં.

આ પંક્તિમાં 'લ' વર્ણ અને 'મ' વર્ણ વારંવાર આવીને કર્ણને મધુર એવો ધ્વનિ ઉત્પન્ન કરે છે. આથી આ પંક્તિની કહેવાની રીત ચમત્કૃતિ ભરેલી લાગે છે. અહીં આ ચમત્કૃતિ અર્થની દૃષ્ટિએ સાધેલી નથી, પણ શબ્દમાં આવેલા વર્ણની ચમત્કૃતિ સાધેલી છે.

આમ ભાષાની ચમત્કૃતિ બે રીતે સધાય છે :

(૧) અર્થની દૃષ્ટિએ (૨) શબ્દની દૃષ્ટિએ.

આવી અર્થની કે શબ્દની ચમત્કૃતિ કે ચોટ ભરેલી ભાષાની રચનાને **અલંકાર** કહે છે.

આ અલંકાર બે પ્રકારના છે :

(૧) અર્થની દૃષ્ટિએ ચમત્કૃતિ બતાવનાર અલંકાર **અર્થાલંકાર** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) શબ્દ અને તેના વર્ણની દૃષ્ટિએ ચમત્કૃતિ બતાવનાર અલંકાર **શબ્દાલંકાર** કહેવાય છે.

અલંકારના જ્ઞાનથી આપણે કાવ્યનો કે બીજા અલંકારમયી સાહિત્યનો આસ્વાદ વધારે સારી રીતે કરી શકીએ છીએ.

અર્થાલંકાર

૧. ઉપમા

૧. હીરાની કણિકા સમાન ઝગકે તારા, ઝમારે ગ્રહો.

અહીં તારા તથા ગ્રહોને હીરાની સાથે સરખાવવામાં આવ્યા છે. હીરા એ ઉપમાન એટલે કે સરખામણીનું ધોરણ છે; અને તારા તથા ગ્રહો એ ઉપમેય એટલે કે સરખાવવામાં આવેલા પદાર્થ છે. એ ઉપમાન તથા ઉપમેયની વચ્ચે તેમનો ચકચકાટ એ સરખાપણું કે સાદૃશ્ય છે. સાદૃશ્યને સમાન ધર્મ પણ કહે છે.

તારા તથા હીરા એ એકબીજાથી ભિન્ન હોવા છતાં એમની વચ્ચે રહેલા ચકચકાટના સમાન ધર્મને લીધે તેમની સરખામણી થઈ શકી છે. એ બંને વસ્તુઓ એકબીજાથી આત્યંતિક રીતે ભિન્ન નથી, પરંતુ તેઓ ભિન્ન હોવા છતાં અંશતઃ સમાન પણ છે. આવી રીતે ભિન્ન પ્રકારની વસ્તુઓને તેમની વચ્ચેના સમાન ધર્મને લીધે એકબીજી સાથે સરખાવવામાં આવે, ત્યારે **ઉપમા અલંકાર** બને છે.

ઉપમામાં શું શું હોય ?

ઉપમામાં નીચેની વસ્તુઓનો સમાવેશ થાય છે :

(૧) ઉપમાન, (૨) ઉપમેય, (૩) સમાન ધર્મ કે ગુણ, (૪) આ ઉપરાંત, જેવું, શો, સમાન, માફક, સદૃશ, જેમ—આવા સરખામણીસૂચક શબ્દોનો ઉલ્લેખ વાક્યમાં આવશ્યક હોય છે.

કેટલીક વાર સમાન ધર્મનો ઉલ્લેખ વાક્યમાં હોય છે અને કોઈ વાર હોતો પણ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસ

૧. આંબાની મંજરીઓ ખાતી કોયલ રે,
વસંતની વાંસલડી સરીખી બોલશે.
૨. ઝૂમે જ્યમ યોદ્ધો રણમાં, ઘૂમે ઘન ત્યમ ગગનાંગણમાં.
૩. દિવસે તારા જેવાં ચકચકિત શાં સ્નિગ્ધ નયનો.
૪. સમરાંગણમાં પ્રતાપ સિંહની જેમ લડ્યો.
(અહીં સમાન ધર્મનો ઉલ્લેખ નથી.)
૫. ચાંદનીના ઢગલા જેવું શ્વેત નાનકડું હરણ.

૨. રૂપક

૧. આ યોદ્ધો સિંહ જેવો વીર છે. (ઉપમા)
૨. આ યોદ્ધો સિંહ જેવો છે. (ઉપમા)
૩. આ યોદ્ધો તો સિંહ છે. (રૂપક)

ત્રીજા વાક્યમાં યોદ્ધો એ ઉપમેયને સિંહ એ ઉપમાન સાથે સરખાવ્યું છે એટલું જ નહિ, પણ યોદ્ધો તેજ સિંહ છે એમ કહ્યું છે. ઉપમેય તેજ સર્વાંશે ઉપમાન છે એમ કહીને યોદ્ધા અને સિંહ વચ્ચે અભેદ કલ્પવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો યોદ્ધાને સિંહનું રૂપ આપ્યું છે.

આ રીતે જ્યારે ઉપમાન અને ઉપમેય વચ્ચે અભેદ કે એકતા કલ્પીને ઉપમેયને ઉપમાનનું રૂપ આપવામાં આવે, ત્યારે **રૂપક** અલંકાર બને છે. રૂપકમાં ઉપમાવાચક શબ્દો—જેવું, સમાન, માફક વગેરેનો ઉપયોગ થતો નથી.

અભ્યાસ

૧. **દિશાની ગુફાઓ,** પૃથ્વી ઊંડું આકાશ ભરતો.
(દિશા રૂપી ગુફા)
૨. જીવનમાંથી **આશા અસ્ત પામી.**
(અહીં આશાને સૂર્ય રૂપ કલ્પી છે.)
૩. **નયનનીકથી** નીર છલાવિયાં. (નયન રૂપી નીક)
૪. પ્રભાતમાં ઘાસ ઉપર **મોતીઓ** ઝગઝગી રહ્યાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં, ઝાકળબિંદુઓને મોતી કલ્પ્યાં છે. ઝાકળનો અહીં ઉલ્લેખ કર્યો નથી, પણ તેનું સૂચન છે.

૩. ઉત્પ્રેક્ષા

ખાળકો ટળવળતાં હતાં, જાણે ગાય વિનાનાં વાછરડાં !

ઉપરના વાક્યમાં બાળકો ઉપમેય છે; વાછરડાં ઉપમાન છે. અહીં રૂપકની માફક બાળકો વાછરડાં છે એમ કહ્યું નથી. અહીં તો બાળકો જાણે વાછરડાં હોય એવો તર્ક કે કલ્પના કરી છે. આ રીતે જ્યારે ઉપમેય જાણે કે ઉપમાન હોય એવો તર્ક કે સંભાવના કરવામાં આવે ત્યારે **ઉત્પ્રેક્ષા** અલંકાર બને છે. ઉત્પ્રેક્ષામાં જાણે, શકે, રખે, હશે, શું, માનું, જેવા સંભાવનાસૂચક કે તર્કસૂચક શબ્દો વપરાય છે.

નોંધ—(૧) ઉપમામાં નિશ્ચયપૂર્વક સરખામણી જ હોય છે અને સરખામણીસૂચક શબ્દ આવે છે.

(૨) રૂપકમાં ઉપમાન અને ઉપમેય વચ્ચે અભેદ કલ્પવામાં આવે છે.

(૩) ઉત્પ્રેક્ષામાં ઉપમેય તે જાણે કે ઉપમાન હોય એવી સંભાવના કરવામાં આવે છે. એમાં નિશ્ચયનો અર્થ હોતો નથી.

અભ્યાસ

૧. જાણે રવિને જીતવા લડીને, આવ્યું શશીસૈન્ય રણે ચઢીને.

૨. વિદ્યાર્થી પાઠ ઊંડો કરે છે, જાણે રવિના જશ ઊચરે છે,
પરોઢિયે ઝાકળ તો પડે છે, ભીનાં થયેલાં તરુ તે વડે છે.

૩. જાણે નિશાસુંદરી છાંડી ધીરે, રોઈ ધરાવે નિજ નેણ નીર.

૪. કૂકૂસ્વરો કુકકુટ તો કરે છે, સર્વત્ર જેના સ્વર સંચરે છે;
જાણે રવિરાય પધારનારો, તેના છડીદાર તણા ઉચારો.

૪. અન્યોક્તિ (અપ્રસ્તુત પ્રશંસા)

૧. સિંહ કદી ઘાસ ખાતો નથી.

અહીં, સિંહનું વર્ણન કરવાનો ઉદ્દેશ નથી, પરંતુ સિંહના વર્ણન દ્વારા કોઇ અટંકી વીરનું વર્ણન કરવાનો ઉદ્દેશ છે. સિંહ મરી જાય પણ ઘાસ ન ખાય, તેમ વીર પ્રાણ આપે પણ પોતાની ટેક કદી છોડે નહિ એવો અર્થ અભિપ્રેત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે જ્યારે જે પદાર્થનું વર્ણન કરવાનો ઉદ્દેશ હોય, તેનું સીધું વર્ણન ન કરતાં તેના જેવા અન્ય સમાન ગુણવાળા પદાર્થનું વર્ણન કરવામાં આવે, ત્યારે **અન્યોક્તિ કે અપ્રસ્તુત પ્રશંસા** નામનો અલંકાર બને છે.

[અપ્રસ્તુત એટલે જે પદાર્થનું વર્ણન કર્યું નથી પણ કરવાનો ઉદ્દેશ હોય તે પદાર્થ, અહીં વીર; અને પ્રશંસા એટલે વર્ણન. અન્યોક્તિ એટલે એકને બદલે બીજાને ઉદ્દેશીને કરેલું વર્ણન.]

અભ્યાસ

૧. ગાજ્યા (તેટલા) મેહ વરસે નહિ. ૨. ભસતા કૂતરા ભાગ્યે કરડે.
૩. મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે. ૪. ગરીબ ગાય દોરે ત્યાં જાય.

શબ્દાલંકાર

૧. **બન્યા બંગલા ને બન્યાં ત્યાં બજરો, રૂડા રોજગારી કરે રોજગારો.**

પહેલી લીટીમાં 'બ' વર્ણનો ધ્વનિ વારંવાર સંભળાય છે, અને બીજી લીટીમાં 'ર' વર્ણનો ધ્વનિ વારંવાર સંભળાય છે. આથી પંક્તિઓના પઠનમાં એક પ્રકારની ધ્વનિની મધુરતા ઉત્પન્ન થાય છે.

૨. **જલધિજલ દલ ઉપર દામિની દમકતી.**

આ પંક્તિઓમાં જોશો તો 'જ', 'લ' અને 'દ' એ વર્ણો વારંવાર સંભળાય છે. આથી આ પંક્તિમાં સંગીતમાધુર્ય સધાયું છે.

આમ જ્યારે એકના એક વર્ણો વાકયમાં વારંવાર આવે અને ધ્વનિની મધુરતા ઉત્પન્ન કરી કર્ણપ્રિય બને, ત્યારે એ વર્ણનો અનુપ્રાસ થયો કહેવાય છે. આવા અનુપ્રાસને વર્ણસગાઈ પણ કહે છે.

વર્ણના અનુપ્રાસને **વર્ણાનુપ્રાસ** અલંકાર કહે છે.

૧. શબ્દાનુપ્રાસ કે યમક

કદી રમા રમણી રમણીયતા
મળી ગઈ યદિ જો વિધિયોગથી;
પણ યદિ ન મળી કવિતા સુધા
રસિકતા સિકતા સમ તેહને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના વાક્યમાં, **રમણી** અને રમણીયતા એ શબ્દમાંના **રમણ** એ શબ્દખંડ વચ્ચે અનુપ્રાસ છે. તેવી જ રીતે રસિકતામાંના **સિકતા** એ ખંડ સાથે **સિકતા** શબ્દનો અનુપ્રાસ છે.

કેટલીક વાર સમાન ધ્વનિવાળા આખા શબ્દો વચ્ચે પણ અનુપ્રાસ હોય છે. આમ સમાન ધ્વનિવાળા શબ્દો જ્યારે વારંવાર વાક્યમાં વપરાય અને શ્રુતિચમત્કાર ઊભો કરે, ત્યારે **શબ્દાનુપ્રાસ** નામનો અલંકાર બને છે. એને **યમક** પણ કહે છે.

૨. અંત્યાનુપ્રાસ

(૧) વહ્નિ-શિખામાં કેણો **માંડી**,
નાગણી ડોલે કોટિક **ગાંડી**.

(૨) સ્નેહના સાથિયા પૂરે ઉષા બ્રહ્માંડને **પટે**,
સત્યના જય ગાજે છે ગંભીર વિશ્વને **તટે**.

પહેલા દાખલામાં બંને પંક્તિને અંતે આવેલા શબ્દો **માંડી** અને **ગાંડી** વચ્ચે અનુપ્રાસ છે. તેવી જ રીતે બીજા દાખલામાં બંને પાદને છેડે આવેલા **પટે** અને **તટે** એ શબ્દો વચ્ચે અનુપ્રાસ છે. પંક્તિને અંતે આવેલા વર્ણોના આ પ્રકારના અનુપ્રાસને **અંત્યાનુપ્રાસ** કહે છે. ઘણી વાર અંતના એકેક વર્ણ સાથે જ અનુપ્રાસ હોય છે. જેમકે,

સુપંથે કો દીયે વિચરીશું અમે પાપ-કાટકો,
અહા આશે એ તો નિશદિન નભે દીપ ધરતો.

અહીં **કો** અને **તો** માંના ઓકારનો જ પ્રાસ છે. આને મંદ અંત્યાનુપ્રાસ ગણી શકાય.

મનોયત્ન : ૩૯

નીચેનાં વાક્યોમાં અલંકારો ઓળખો અને તેના પ્રકાર કહો—

૧. તેનાં વેણ મારા હૃદયમાં કાંટાની માફક ભોંકાયાં.
૨. તેની આશાનો સૂર્ય ઉદય પામતો દેખાયો.
૩. એની દશા પાંજરામાંના પોપટ જેવી બની.
૪. ઈશ્વરનો ઝળહળતો દીવો, પશ્ચિમમાં આથમતો સૂરજ.
૫. મારું હૃદય રણ જેવું ઉજ્જડ થઈ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. ઉન્નડ ગામમાં એરંડો પ્રધાન.
૭. જાણે તારાની મશાલ હાથે ધરી, રાણી રાતની આકાશે ચાલી રહી.
૮. વીજળી સમી ઘૂમી તલવાર બે ત્યાં વીરની.
૯. દીવા પાછળ અંધારું.
૧૦. એનાં કીર્તિસિંહાસન ડોલી રહ્યાં !
૧૧. તેના જીવનની લીલી વાડી સુકાઇ ગઇ.
૧૨. એના આનંદનો નવ પાર રહ્યો, જાણે અંતર અમૃત ઘોળી રહ્યો.

મનોયત્ન : ૪૦

નીચેની પંક્તિઓમાં કયા પ્રકારનો પ્રાસ છે તે કહો—

૧. સઘન ગગન ઘન ગંભીર ગાજે, ડમક ડમક જગ ડમરુ બાજે.
૨. ભર ભર મારું ખપ્પર ભૈયા ઓ ભારતના વાસી.
૩. ઘૂઘરીએ ઘમઘમતા આવ્યા ઘોડલા,
આજ ફળી અંતરની એકલ આશ જો.
૪. ભળે ગંગામાં નીર તેહ પણ થાયે ગંગા,
મલયાગર ને પવન કાષ્ટચંદન શુભ અંગા.
૫. તે સાંજે દરિયાખોળે જઈ શંખ-છીપલાં મેલ્યાં,
છીપનયનમાં ફરી હર્ષનાં આંસુ રેલમછેલ્યાં.

પ્રકરણ ૨૧

વાર્તા

વાંચેલી કે સાંભળેલી વાર્તાને કહી બતાવવામાં, સાંભળેલી વાર્તાને પોતાની ભાષામાં લખી બતાવવામાં કે રૂપરેખા ઉપરથી નવી વાર્તા રચવામાં બાળકને સર્જનનો આનંદ મળે છે. વાર્તા લખવામાં એને વર્ણન કરવું પડે છે એટલું જ નહિ, પણ વાર્તાલાપ કે સંવાદની રચના પણ કરવી પડે છે. આજેતાં વાર્તાલેખન એ બાળકની સર્જનશક્તિ કેળવવાનું એક સુંદર સાધન છે. વળી આપણો અનુભવ છે કે એ બાળકોને બહુ પ્રિય થઈ પડે એવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્તાલેખન બે રીતે થઈ શકે : એક તો લેખક પોતે પોતાની વાર્તા ઉપજાવી કાઢે. આ પ્રકારની મૌલિક વાર્તાનું સર્જન એ મુશ્કેલ વસ્તુ છે. બીજી રીત એ છે કે બાળક કોઈ વાર્તા વાંચે કે સાંભળે અને તેને પોતાના શબ્દોમાં લખી બતાવે, અથવા કોઈ વાર્તાની રૂપરેખા પરથી વાર્તા બનાવી લખે.

શરૂઆતમાં, વાંચેલી કે સાંભળેલી વાર્તા ઉપરથી વાર્તા લખવાનો મહાવરો બાળકોને પાડવો જોઈએ. એ મહાવરો વધે એટલે વાર્તાની ટૂંકી રૂપરેખા ઉપરથી વાર્તા લખતાં શીખવવું જોઈએ. અહીં રૂપરેખા પરથી વાર્તાની યોજના કરવાનું રાખ્યું છે.

વાર્તાલેખન માટેની સૂચનાઓ

૧. વાર્તાના પ્રસંગોમાં કેટલાક પ્રસંગો મુખ્ય હોય છે, અને કેટલાક પેટા પ્રસંગો મુખ્ય પ્રસંગને વિકસાવવાને માટે આવ્યા હોય છે. પ્રસંગોને વિસ્તારપૂર્વક, ધ્યાન ખેંચાય તેવી રીતે રજૂ કરવા જોઈએ. અન્ય વીગતોની રચના એવી રીતે કરવી જોઈએ કે એનાથી મુખ્ય પ્રસંગને અહેલાવી શકાય. એ વીગતોને મુખ્ય બનાવને પોષે એવી રીતે સ્થાન આપવું.

૨. વાર્તાની રૂપરેખામાં પ્રસંગો ક્રમસર આપ્યા હોય તો ક્રમ જાળવીને જ વાર્તા લખવી. આમ કરવાથી વાર્તાનો પ્રવાહ એકધારો વહેતો જાય છે અને તેનો વિકાસ પણ સધાતો જાય છે.

૩. વાર્તામાં સંવાદની રચના વાર્તાને રોચક બનાવે છે, પણ વાર્તામાં આવેલાં પાત્રોના સંવાદો કુદરતી પાત્રોના જીવનને બંધબેસતા અને મુદ્દાસરના હોવા જોઈએ; એટલે કે જેવું પાત્ર તેવી ભાષા હોવી જોઈએ. જો રાજાનું પાત્ર હોય તો તેની ભાષા રાજાના જેવી હોવી જોઈએ; પાત્ર નોકરનું હોય તો નોકર બોલે તેવી સંવાદની ભાષા હોવી જોઈએ.

· નીચેની વાર્તાઓનો અભ્યાસ કરો ·

(૧) જેવી ભાવના તેવું ફળ

રામપુરનો રાજા ખૂબ દયાળુ અને ન્યાયી હતો. પોતાની પ્રજા સુખી કે દુઃખી છે તેની માહિતી તે પોતે કોઈ વાર છૂપા વેશે નગરચર્યા કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળવતો. આમ કરવાથી તેના રાજ્યના અધિકારીઓ પણ પ્રજાની કનડગત કરતાં પહેલાં હજાર વાર વિચાર કરતા.

એક વાર રાજા ગરીબ મુસાફરના વેશે એક ગામમાં જઈ પહોંચ્યો. એક ખેતરમાં જઈને તે બોલ્યો, "સાંજ પડવા આવી છે અને મારે હજી દૂર જવાનું છે. મને કયાંય રાતવાસો કરવાનું મળશે?" આ ખેતરનો માલિક લોભી, ઈર્ષાળુ અને નાના મનનો હતો. તેણે કહ્યું, "ગામને નાકે તળાવ છે. તેને કાંઠે એક ધર્મશાળા છે તેમાં તમને રહેવાનું ઠીક પડશે."

આ વાત ચાલતી હતી, એટલામાં પાડોશના ખેતરનો માલિક ત્યાં આવી લાગ્યો. તેણે વાત જાણી એટલે બોલી ઊઠ્યો, "ધર્મશાળામાં રહેવાનું તો ઠીક છે, પણ આ ઠંડીના દિવસોમાં પૂરી સગવડ નહિ મળે." પછી તેણે મુસાફરને આગ્રહ કર્યો, "ભાઈ, તમે મારે ત્યાં સુખેથી આવો." મુસાફર તેને ત્યાં રાતવાસો રહ્યો. ખેડૂતે તેની પ્રેમપૂર્વક આગતાસ્વાગતા કરી.

સવાર પડી ત્યાં રાજાના સૈનિકો ખેડૂતને ત્યાં આવ્યા અને પેલા મુસાફરને નમસ્કાર કરીને ઊભા રહ્યા. ખેડૂતને છેક ત્યારે ખબર પડી કે એ મુસાફર નહોતો, પણ એ તેનો રાજા હતો. ગામના ખેડૂતો ભેગા થયા અને રાજાનું સન્માન કર્યું.

પછી તો રાજા કોઈ કોઈ વાર આ ખેડૂતને ત્યાં આવતો અને તેની મહેમાનગીરી ચાખી સંતોષ વ્યક્ત કરતો. એક વખત કેરીની મોસમમાં રાજા આવ્યો. ખેડૂતે એક સુંદરમાં સુંદર કેરીના ફળનો નમૂનો રાજાને ભેટ ધર્યો. આનંદપૂર્વક એનો સ્વીકાર કરી રાજાએ ખેડૂતને એના બદલામાં સો રૂપિયા આપ્યા.

આ સમયે પેલો ઈર્ષાળુ ખેડૂત ત્યાં હાજર હતો. તેના મનમાં થયું કે એક કેરીના બદલામાં જો રાજાએ આટલા બધા રૂપિયા આપ્યા, તો કોઈ કીમતી ભેટના બદલામાં જરૂર વધારે રૂપિયા આપે. લાવને મારો પાણીદાર ઘોડો જ ભેટમાં ધરું. આવો વિચાર કરીને તેણે રાજાને પોતાને ખેતરે પધારવાની વિનતિ કરી. રાજા ત્યાં ગયો એટલે ખેડૂતે તેને ઘોડાની ભેટ ધરી. ચતુર રાજા આ અદેખા ખેડૂતનું મન સમજી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે તરત હસીને પેલી સુંદર કેરી એડૂતને આપતાં કહ્યું, "આ બહુ અમૂલ્ય કેરી છે. એની સો રૂપિયા તો કિંમત છે. તને તારી ભેટના બદલામાં એ આપું છું." કેરી આપીને રાજાએ ત્યાંથી નવા ઘોડા પર બેસી પ્રયાણ કર્યું.

અદેખા એડૂતના હાથમાંથી કેરી સરી પડી અને કયાંય સુધી તેણે પોતાના જતા ઘોડા તરફ જોયા જ કર્યું.

(૨) આનું નામ તે ન્યાય

બગદાદમાં એક ધનાઢ્ય વેપારી હતો. તેને વારંવાર પોતાનો માલ વેચવાને દમાસ્કસ જવું પડતું. એ દિવસોમાં ઊંટો પર માલ લાદીને વણજારાની પેઠે એક શહેરથી બીજે શહેર જતી.

એક વખત આ વેપારીએ એક પોઠની સાથે જવાની તૈયારી કરી. એણે પોતાનો કીમતી માલ એક ભાડૂતી ઊંટ પર લદાવ્યો, અને પોઠ ઊપડવાની ઘડી આવી પહોંચી ત્યાં એ માંદો પડ્યો. તેણે ઊંટના માલિકને બોલાવ્યો અને કહ્યું, "મારો આ માલ તું આ પોઠની સાથે જ લઈ જા, પણ દમાસ્કસમાં મારી રાહ જોજે. હું જરા સારો થતાં અહીંથી તરત નીકળીશ." પોઠ ઊપડી.

દમાસ્કસ શહેરમાં આ ઊંટવાળો વેપારીની રાહ જોવા લાગ્યો. એમ કરતાં કરતાં થોડો સમય વીતી ગયો, એટલે ઊંટવાળાની દાનત બગડી. તેણે પેલા કીમતી માલને વેચી દીધો, અને ઊપજેલા પૈસામાંથી મોજશોખ કરવા લાગ્યો. સૌથી પહેલાં તેણે પોતાની દાઢી બોડાવી નાખી અને વાળને રંગાવી દીધા. પછી ભપકાદાર વસ્ત્રોમાં સજ્જ થઈ જાણે કોઈ મોટો વેપારી હોય એવો ડોળદમામથી રહેવા લાગ્યો.

થોડા સમય બાદ પેલો ધનાઢ્ય વેપારી દમાસ્કસમાં આવ્યો અને ઊંટવાળાની શોધ કરવા લાગ્યો. તે ઊંટની પોઠોમાં ફરી વળ્યો, પણ ત્યાં ઊંટવાળાનો કયાંથી પત્તો લાગે? અચાનક એક દિવસ બજારમાં આ બંનેનો ભેટો થઈ ગયો. વેપારીએ ઊંટવાળાને ઓળખી કાઢ્યો. પછી ધીમે રહીને તેને પૂછ્યું, "મારા માલનું શું થયું?" પેલો બોલી ઊઠ્યો, "શું હું ઊંટવાળો છું કે તમારા માલની પૂછપરછ કરો છો? હું તો પરદેશી વેપારી છું." ઝઘડો વધી પડતાં વેપારી તેને ન્યાયાધીશ પાસે ખેંચી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્યાયાધીશે કેસની વીગત સાંભળી કહ્યું, "આ બાબતમાં કોઇ સાક્ષી નથી એટલે હું શું કરી શકું?" વેપારી નિરાશ થઇ ગયો. કૃષ્ણ વસ્ત્રોમાં સજ્જ થયેલા ઊંટવાળાના હર્ષનો પાર રહ્યો નહિ. તે બોલ્યો, "આનું નામ તે ન્યાય?" ન્યાયાધીશ હસવા લાગ્યો.

પેલો ઊંટવાળો થોડે દૂર ગયો એટલે ન્યાયાધીશે બૂમ મારી, "અરે ઊંટવાળા!" તરત જ ઊંટવાળાએ પાછું ફરીને જોયું. ન્યાયાધીશે તરત સિપાઇઓને હુકમ કર્યો, "આને કેદ કરો." પછી તેમણે ઊંટવાળાને કહ્યું, "તું તો વેપારી છે. મેં તો ઊંટવાળાને બૂમ મારી હતી!"

ઊંટવાળો શરમાઈ ગયો. તેણે ન્યાયાધીશની માફી માગી અને પેલા ધનાઢ્ય વેપારીને પૈસા ભરપાઈ કરી આપવાનું કબૂલ્યું.

હવે વેપારીનો વારો આવ્યો. તે આનંદથી બોલી ઊઠ્યો, "આનું નામ તે ન્યાય"

મનોયત્ન : ૪૧

નીચેની રૂપરેખા પરથી વાર્તા લખો—

૧. શ્રીમંત વેપારીને પોતાના બંગલાની ચોકી માટે ચોકીદારની જરૂર—જાહેરખબર આપી—અરજદારોને બોલાવ્યા—દરેકને પ્રશ્ન : તારી તબિયત કેમ છે?—જવાબ : સરસ—બીજો પ્રશ્ન : ઊંઘનો કંઈ વાંધો નથી?—જવાબ : ના, સાહેબ—છેવટે એક રહ્યો—નામ : ભૈરવનાથ—શેઠનો પ્રશ્ન—તેનો જવાબ : ફરજ પર હોઉં ત્યારે ઊંઘ જરાયે ન આવે—શેઠની પસંદગી.

૨. એક રાજકુંવર અને વૃદ્ધ પ્રધાન—એક દિવસ ચર્ચા—રાજકુંવર : "જેને રામ રાખે તેને કોણ મારે એ ખરું છે?" પ્રધાન : "હા"—રાજકુંવર હસ્યો—પ્રધાન : "એ તો અનુભવે સમજાય."—એક યુદ્ધમાં રાજકુંવર ગયો—હારી જતાં મિત્રો સાથે નાસી છૂટ્યા—દુશ્મનોએ પૂંઠ પકડી—રાત પડતાં એક ગુફામાં સંતાયો—કરોળિયાએ ગુફાના મોં પર જાળું બાંધ્યું—દુશ્મનો ત્યાં આવ્યા—એક બોલ્યો : "આ જાળું જુઓ, અહીં એ નહીં હોય"—દુશ્મનો જતા રહ્યા—રાજકુંવરને પ્રધાન યાદ આવ્યો.

૩. એક વેપારીને હરિ નામનો પુત્ર—તેને ખરાબ સોબતી મળ્યો—પિતાની સમજાવટ—પુત્રને મિત્ર પર ભરોસો—કહે: 'એના જેવો પ્રામાણિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયો નથી"-પિતાની યુક્તિ-પુત્રને કહ્યું: "આપણે જત્રાએ જવાનું છે"-પુત્રનો આનંદ—પિતા : "પણ ઘરેણાંની પેટી તારા મિત્રને ત્યાં રાખીશું"—પેટી મોકલી આપી—જત્રાથી પાછા આવ્યા—મિત્રે હરિને કહ્યું : "વાહ ! મારી ઠીક મશ્કરી કરી. પેટીમાં પથ્થર ભર્યા હતા?" હરિનો પિતા પર ગુસ્સો—પિતાએ શાંતિથી કહ્યું, "એ પ્રમાણિક મિત્રે પેટી ખોલ્યા વિના જાણ્યું શી રીતે?"—હરિની આંખો ખૂલી ગઈ.

૪. એક શ્રીમંતને ત્યાં મૂર્ખ નોકર—શેઠ બહુ જડા હતા—એક વખત નોકરને નાટકની બે ટિકિટ ખરીદી જગા અનામત રખાવવા કહ્યું—શેઠની ધારણા : બે જગા હશે તો નિરાંતે બેસાશે—નોકર નાટકશાળા પર ગયો—બે જગા સાથે હોય એવી ટિકિટ નહોતી—આથી તેણે બે જુદી જુદી જગાની બે ટિકિટો લીધી—શેઠે જગા જોયા વિના ટિકિટ ગજવામાં મૂકી—રાત્રે નાટકશાળામાં ગયા—ટિકિટો બતાવી—કહેવામાં આવ્યું : શેઠ, તમારી એક જગા પહેલી હારમાં; બીજી જગા ત્રીજી હારમાં—શેઠનો રકાસ.

૫. એક શ્રીમંતની આંખો બગડી—પ્રસિદ્ધ ડૉકટરને બતાવી—લોભી ડૉકટર—મોટી ફી—શ્રીમંતની કબૂલાત : આંખો સારી થાય તો ફી આપીશ—ડૉકટરે આંખે પાટા બાંધ્યા—ડૉકટરની લોભી નજર—કબાટમાં મૂકેલાં ચાંદીનાં કલામય વાસણો—રોજ એક એક ઉપાડી ગયો—છેવટે પાટા છોડ્યા—શ્રીમંતનો આનંદ—કબાટ પર નજર ગઈ—ડૉકટરની યુક્તિ સમજાઈ—પૈસા આપવા ના પાડી—કોર્ટમાં ઝઘડો—શ્રીમંતનો જવાબ : સાહેબ, આંખ બગડી તે પહેલાં કબાટમાંનાં વાસણો જોઈ શકતો હતો—હવે દેખાતાં નથી—શરત પ્રમાણે આંખો સારી કરી નથી—ન્યાય.

•

પ્રકરણ ૨૨

નિબંધ

બાળકોમાં કંઈ નવું સર્જન કે કૃતિ કરવાની વૃત્તિ સહજ રીતે જોવામાં આવે છે. પોતાની લાગણી કે કલ્પનાનો અનુભવ વ્યક્ત કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે કોઈ વાર તેઓ ચિત્ર દોરે છે, તો કોઈ વાર માટી કે રેતીની આકૃતિ ઊભી કરે છે, અને એમ કરીને તેઓ સર્જનનો આનંદ મેળવે છે.

આવો સર્જનનો આનંદ ભાષા દ્વારા પણ વાર્તા કહીને, ગીતો ગાઈને કે કોઈ દૃશ્યનું વર્ણન કરીને મેળવવાનો પ્રયત્ન તેઓ કરે છે. એમાં પણ ઉપર જણાવેલી સર્જનની વૃત્તિને સંતોષવાનો જ પ્રયત્ન હોય છે, કારણ કે લેખન એ ભાષા દ્વારા કરવામાં આવતું એક પ્રકારનું સર્જન છે.

નિબંધના પ્રકાર

નિબંધમાં બાળક કોઈ વિષય ઉપર પોતાની લાગણીઓ, કલ્પના, અનુભવ કે વિચારો દર્શાવવાનો પ્રયત્ન કરે છે. કેટલાક નિબંધમાં કોઈ દેખાવ, કોઈ પ્રાણી, કોઇ હુન્નરની રીત વગેરેનું વર્ણન કરવામાં આવે છે. જેમકે, હાથી, ચાંદની રાત, વસંતઋતુ, કાગળની બનાવટ વગેરે ઉપર નિબંધ લખવો હોય, તો તેમાં લેખકની દૃષ્ટિ ખાસ કરીને વર્ણન કરવાની હોય છે. વર્ણનાત્મક નિબંધમાં કોઇ પ્રાણી કે પદાર્થની બાહ્ય આકૃતિ, રૂપરંગ, ઉપયોગ વગેરેનું વર્ણન હોય છે. એટલે એ પ્રકારના નિબંધને વર્ણનાત્મક નિબંધ કહે છે.

આ ઉપરાંત, કથનાત્મક નિબંધમાં કોઇ ઐતિહાસિક બનાવ, કોઈ જાહેર પ્રસંગ, કોઇ વ્યક્તિનું જીવન કે કોઇ પ્રવાસ વિશે લેખક પોતાના વિચારો જણાવે છે. એમાં કથા કે વાર્તાની શૈલીને મળતું લખાણ હોય છે, અને તેથી એ પ્રકારના નિબંધને કથનાત્મક નિબંધ કહે છે. આબુની મુસાફરી, શિવાજીનું બાળપણ, ગણેશોત્સવ, મહોરમ વગેરેમાં મનુષ્યજીવન તથા તેને લગતા પ્રસંગો વિશે કથન કરવામાં આવે છે, તેથી એવા નિબંધોને કથનાત્મક નિબંધો ગણી શકાય.

ઉપર જણાવેલા બે પ્રકારના નિબંધ ઉપરાંત કોઇ વાર લેખક પોતાને અન્ય વ્યક્તિ તરીકે કલ્પે છે. જેમકે, એંજિન ડ્રાઇવર, વિમાની, લશ્કરી સિપાઈ વગેરે. એમ કલ્પના કરીને તેના જીવનને લગતા વાતાવરણમાં લેખક પોતાને ધારી લે છે, અને તેના જીવનના અનુભવો લખાણમાં રજૂ કરે છે. સિંહ કે મોર જેવાં પ્રાણી, અને પવન કે કોલસા જેવા કોઇ નિર્જીવ પદાર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવંત મનુષ્યની માફક પોતાની કથા કે વાર્તા કહેતાં હોય તેમ કલ્પીને આ પ્રકારના નિબંધમાં લખવાનું હોય છે. એમાં લેખકને પોતાને થયેલા અનુભવો નહિ, પરંતુ બીજાના જીવનને લગતા કલ્પી લીધેલા અનુભવો જણાવવાના હોય છે, તેથી આ પ્રકારના નિબંધને કલ્પનાત્મક નિબંધ કહે છે. એમાં લખનાર પોતાની આત્મકથા કહેતો હોય તેમ કલ્પનાનો આશરો લઈને લખે છે, તેથી એવા પ્રકારના નિબંધને **આત્મકથા** પણ કહેવામાં આવે છે. છત્રીની આત્મકથા; હું વિમાની હોઉં તો; ઊંટની આત્મકથા; મારી પાસે લાખ રૂપિયા હોય તો: આ બધા નિબંધોનો કલ્પનાત્મક નિબંધમાં સમાવેશ થાય છે.

નિબંધ કેવી રીતે લખવો ?

વ્યવસ્થિત રીતે નિબંધ લખવા માટે નીચેની સૂચનાઓ ધ્યાનમાં લેવી જોઈએ—

(૧) જે વિષય આપ્યો હોય તેને વિષે મુદ્દાઓ ભેગા કરવા. વિષયને લગતું જરૂરી જ્ઞાન ન હોય, તો કોઈ પુસ્તક કે જાણકાર પાસેથી વિષયને લગતું જ્ઞાન મેળવી લેવું.

(૨) મુદ્દાઓ ભેગા કર્યા પછી મુખ્ય મુદ્દાઓ અને તેને લગતા પેટા મુદ્દાઓ કે વિચારો એક સાથે ગોઠવવા. આમ કરવાથી લખાણમાં વ્યવસ્થા અને ક્રમ આવે છે, અને એક વિચાર બીજા વિચાર સાથે સંકળાયેલો હોય તે રીતે રજૂ થાય છે.

(૩) દરેક મુદ્દાને માટે સ્વતંત્ર ફકરો પાડવો. તેમાં મુદ્દાને લગતા વિચારો એક સાથે રજૂ કરવાથી સમગ્ર મુદ્દાની સ્પષ્ટ ને સળંગ છાપ પડે છે.

(૪) આખું લખાણ સંબંધવાળું અને સળંગ બને તેને માટે મુખ્ય મુદ્દાઓને ચર્ચતા ફકરાઓ વચ્ચેનો સંબંધ જાળવવાનો હોય છે. જેમ એક ફકરામાં પેટા વિચારો ક્રમબદ્ધ રીતે ગોઠવાયેલા હોય છે, તેવી જ રીતે વિચારના સંબંધે જુદા જુદા ફકરાનો ક્રમ પણ સચવાવો જોઈએ. આવી ગોઠવણીથી એક ફકરો બીજા ફકરા સાથે અર્થની દૃષ્ટિએ સંકળાયેલો લાગે છે, અને આખા નિબંધના સમગ્ર અર્થની છાપ મન ઉપર ઊઠે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) જેવો વિષય તેવી ભાષા હોવી જોઈએ. લાગણીપ્રધાન વિષય હોય તો લાગણી કે આવેશ સારી પેઠે દર્શાવી શકે તેવી ભાષાશૈલીનો ઉપયોગ કરવો. વિષય સાદો અને વિચારપ્રધાન હોય તો સરળ, સાદું લખાણ કરવું. આડંબર ભરેલા કે પંડિતાઈ ભરેલા શબ્દો વાપરવાથી લખાણ સારું થાય છે એમ માનવું નહિ. જે શબ્દોનો અર્થ તમને સ્પષ્ટ ન હોય તેનો કદી ઉપયોગ ન કરવો.

[૧] અમારો જંગલનો પડાવ

આ વરસે અમારા સ્કાઉટ–મંડળે જંગલમાં એક પડાવ નાખવાનો વિચાર નક્કી કર્યો. અમે લોનાવલા તથા ખંડાલાના ઘાટમાં અમારો શિબિર નાખવાની યોજના ઘડી કાઢી, અને દિવાળીની રજા દરમ્યાન ડુંગર ઉપર અમારું શિબિરજીવન શરૂ કર્યું.

રોજ સવારે વહેલા ઊઠી, અમે શૌચવિધિ પતાવી લઈને પ્રાર્થના પછી કસરત અને કવાયત કરવા માટે ભેગા થતા. એકાદ કલાકના કાર્યક્રમ પછી ચા અને નાસ્તો કરી રસોઈની તજવીજમાં કેટલાક જણ રોકાતા, તો વળી કેટલાક લાકડાં કાપી લાવવા માટે નીકળી પડતા. રસોઈ કરવી, પીરસવું, વાસણ માંજવાં આ બધું કામ અમારે જાતે જ કરવાનું હતું, અને તેમ કરતાં અમારામાંના ઘણા સ્વાશ્રયી જીવનનો પ્રથમ પાઠ શીખ્યા.

થોડો આરામ લીધા પછી બપોરે સામાન્ય જ્ઞાન તથા સ્કાઉટિંગ અંગેના વર્ગો શરૂ થતા. નિશાળમાં જે વસ્તુ ખૂબ નીરસ જણાતી, તે અહીં બહુ રસભરી માલૂમ પડવા લાગી. અહીં અમે મુક્ત વાતાવરણમાં અને સમાન બંધુત્વની ભાવના સહિત કામ કરતા હતા, અને તેથી અહીંનું બધું કામ ઉત્સાહપ્રેરક હતું. અભ્યાસવર્ગો પૂરા થાય કે ચા અને નાસ્તા માટે છુટ્ટા મળતી. કૂંડાળું વળીને ચા અને નાસ્તો કરતા સ્કાઉટોનું દૃશ્ય ભારે આકર્ષક હોય છે. જાણે આનંદમાં કલ્લોલ કરી રહેલાં પંખીઓનો મેળો !

અમારો સાંજનો કાર્યક્રમ બહુ જ રસિક રહેતો. કોઈ દિવસ રમતગમત, કોઈ દિવસ તળાવમાં નહાવા જવાનું, તો વળી કોઈ દિવસ પાસેના જંગલમાં ટેકરીઓ ઉપર પર્યટન કરવાનું. હાથમાં લાઠી, ગળામાં સિસોટી, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સાહમાં ઊપડતા અમારા પગ સહિત અમે પર્યટનમાં એટલા બધા મસ્ત થઈ જતા કે તંબૂએ પાછા ફરવાનું મન થાય જ નહિ. કોઈ વાર અંધારું થઈ જતાં દૂરથી વાઘની ત્રાડ પણ સંભળાતી, અને અમારા મનમાં ક્ષણિક ભયનો સંચાર કરી જતી.

કેટલીક વાર અમે જુદી જુદી ટુકડીમાં વહેંચાઈ જતા, અને આગળ ગયેલી ટુકડીએ મૂકેલી નિશાની ઉપરથી અમે તેને શોધી કાઢતા. એવે વખતે ભરદરિયે નવી દુનિયા શોધી કાઢવા નીકળી પડેલા કોલંબસની મૂર્તિ અમારા મનમાં ખડી થતી.

રાતનો કાર્યક્રમ હમેશાં ગમ્મત ભરેલો અને આનંદપ્રદ રહેતો. એક ધૂણી સળગાવીને તેની આસપાસ અમે અગ્નિસંમેલન કરતા. મનોરંજક ગીતો, વાર્તાઓ, ટુચકાઓ અને અનુકરણના પ્રયોગોનો કાર્યક્રમ રજૂ થતો; અને એ અગ્નિ-સંમેલનને અંતે આખા દિવસના થાકને લીધે અમે પથારીમાં પડતા, કે તરત જ ઘસઘસાટ ઊંઘી જતા.

આમ લોનાવલાનો એ અમારો પડાવ એવો તો ફતેહમંદ નીવડ્યો હતો, કે એ આનંદપ્રમોદની ભૂમિ છોડતાં અમને જે લાગણી થઈ તે કહી શકાય તેવી ન હતી.

[૨] વસંતઋતુ

દરેક ઋતુના પોતપોતાના ઉત્સવો હોય છે અને તેથી ઋતુને પોતપોતાનું વિશિષ્ટ મહત્ત્વ મળે છે. શરદઋતુની નિર્મળ ચાંદની અને તેના સ્વચ્છ આકાશનાં ખૂબ ગુણગાન આપણે સાંભળીએ છીએ. એ ઋતુના દિવાળીના ઉત્સવોનો આનંદ અનેરો હોય છે. પરંતુ વસંતનું મહત્ત્વ અને તેનો ઉત્સવ કંઈ ઓર જ છે. વસંતઋતુ મનુષ્ય, પશુ, પંખી, ઝાડપાન એમ સર્વને સ્પર્શે છે; એના સ્પર્શે જાણે કે આખું વિશ્વ નવચેતન પામે છે. વૃક્ષ-વેલાને નવી કુંપળો ફૂટે છે અને વિવિધરંગી ફૂલો જ્યાં ત્યાં ખીલી રહે છે. હિમાલયનાં શિખરો પર ઠરી ગયેલાં ઝરણાં ઉષ્મા પામી ખળખળ કરતાં વહેવા માંડે છે. પંખીઓ કલ્લોલ કરતાં વનવગડે ઊડી રહે છે. પશુઓ પણ આળસ છોડીને સ્ફૂર્તિમાં આવી જાય છે. પંખીઓમાં કોયલના ટહુકારથી આમ્રકુંજો ગુંજી રહે છે અને તેનો ટહુકો વસંતના આગમનની જાહેરાત કરે છે, તેથી એને વસંતની દૂતી કહી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસંતનો ખાસ ઉત્સવ તે હોળીનો ઉત્સવ. એ ઉત્સવમાં મોટાં અને નાનાં લગભગ ઉન્મત્ત થઈને વર્તે છે, બાળકો હોળીના તહેવારમાં નગારાં વગાડે છે, અને હોળિયા થઈને દરેક પ્રકારની ધીંગામસ્તી કરે છે. ઉત્તર ભારતમાં તો એ ઉત્સવમાં લોકો ગુલાલ ઉરાડીને અને રંગની પિચકારીઓ એકબીજા ઉપર મારીને ઉન્મત્ત આનંદનું વાતાવરણ ખડું કરે છે. તે ઉપરાંત, તેઓ ભાલા, લાઠી, તલવાર વગેરેના દાવોની મર્દાનગી ભરેલી રમતો રમે છે અને હરીફાઈઓ ગોઠવે છે. આમ જીવનમાં શૌર્ય અને આનંદનો સમન્વય સાધીને એ લોકો વસંતઋતુનો સંદેશો ઘરઘર પહોંચાડે છે.

[૩] રેલવે-ગાર્ડનું જીવન

તમને લાગતું હશે કે હું કેટલી બધી સત્તા ધરાવું છું. હું લીલો વાવટો ન ધરું તો ગાડી સ્ટેશન છોડી શકે જ નહિ, લાલ વાવટો ધરું તો એને થંભી રહેવું પડે, અને પૂર વેગે એ જતી હોય ત્યાં હું કળ દબાવું તો એને અધવચ્ચ અટકી જવું પડે. તમને આ બધું જાણીને શું મારી અદેખાઈ આવે છે ? શું તમને ગાર્ડ થવાની ઇચ્છા થાય છે ? તો મારી વાત સાંભળો.

પ્રથમ તો આખી ગાડીના જનમાલની જવાબદારી મારે શિર હોય છે. સામાન્ય રીતે ૨૦૦ થી ૨૫૦ માઈલ સુધી મારે ગાડી લઈ જવાની હોય છે. દરમ્યાન દરેક સ્ટેશને ગાડી ઊભી રહે કે મારે ઊતરવાનું, અને વખતસર ગાડી ઊપડે તે જોવાનું હોય છે. જો કોઈ અણઘડ મુસાફર ચાલતી ગાડીએ ચડવા માંડે, તો મારે તેને અટકાવવો પડે કે તેને સાચવી લેવો પડે છે.

કોઈ વાર મુસાફરો માંહોમાંહે ઝઘડે અથવા તો કોઈની કીમતી વસ્તુ ગાડીની બહાર પડી જાય, અથવા તો કોઈ મુસાફરને કંઈ અકસ્માત નડે તો લોકો સાંકળ ખેંચીને ગાડી અટકાવે છે. એટલે મારે જ્યાં સાંકળ ખેંચી હોય ત્યાં જવું પડે છે, સાંકળ ખેંચવાનું કારણ જાણી લેવું પડે છે અને યોગ્ય પગલાં લેવાં પડે છે. આમ મુસાફરી દરમ્યાન મારી જવાબદારીનું ભાન મને સતત રહે છે, અને તેથી મારું મન ફરજ ઉપર હોઉં ત્યારે હળવું રહી શકતું નથી.

આ ઉપરાંત, મારે હમેશાં સ્થળાંતર જ કર્યા કરવાનું હોય છે. એક દિવસ હું ઘેર હોઉં, તો બીજે દિવસ મારે બીજે સ્થળે જ કાઢવાનો હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. રાતની નોકરી હોય ત્યારે તો આખી રાત ઉજાગરો જ કરવાનો હોય છે. આમ મારી અડધી જિંદગી તો ગાડીમાં જ જાય છે. સ્થાયી કૌટુંબિક જીવનનો લાભ કે આનંદ મને બહુ ઓછો મળે છે. કેટલીક વાર મારે મારી ફરજના કલાકો કરતાં વધારે સમય સુધી નોકરી ઉપર હાજર રહેવું પડે છે, અને તેવે પ્રસંગે હું થાકીને લોથપોથ થઈને ઘેર આવું છું.

શરૂઆતનાં વર્ષોમાં મારા કામમાં જે રોમાંચ હોય છે અને નવાં સ્થળો અને નિત્ય નવાં માણસોને જોવામાં જે આનંદ હોય છે, તે લાંબો સમય ટકતાં નથી. છતાં નિત્ય નવો અનુભવ લેવામાં જેને રસ હોય અને જેને રખડપટ્ટીનો શોખ હોય છે તેને મારું કામ રુચિ જાય છે એમ કહું તો ખોટું નથી.

[૪] કાગળની બનાવટ

આપણા જીવનમાં આપણે કાગળનો ખૂબ ઉપયોગ કરીએ છીએ. પુસ્તકો, દૈનિક છાપાંઓ, માસિકો વગેરે છાપવામાં એનો મોટો ઉપયોગ થાય છે. તે ઉપરાંત, કાગળના ડબ્બાઓ તથા સામાન ભરવાનાં બોખાંઓ કાગળનાં જાડાં પૂઠાંમાંથી બને છે.

કાગળ પોચાં લાકડાંમાંથી, વાંસમાંથી તથા ઘાસમાંથી પણ બને છે. કેનેડા, નૉર્વે, સ્વીડન વગેરે દેશોમાં જ્યાં પોચું લાકડું મોટા પ્રમાણમાં મળી આવે છે, ત્યાં કાગળ એ લાકડાના માવામાંથી બને છે. હિંદુસ્તાન જેવા દેશમાં વાંસ પુષ્કળ થાય છે. ત્યાં કાગળ વાંસમાંથી બનાવવામાં આવે છે.

કાગળ બનાવવા માટે લાકડાંનો કે વાંસનો ઝીણો ભૂકો કરીને તેને રસાયની દ્રવ્યો સાથે મેળવી તેનો નરમ માવો બનાવવામાં આવે છે. કારખાનામાં કાગળ બનાવવા યંત્રથી તારની ઝીણી જાળીઓ ઉપર રોલર વતી એ માવો પથરાય છે, અને તેના ઉપર તેનું પાતળું પડ જામી જાય છે. જ્યારે એ પડ સુકાઈ જાય છે ત્યારે તેને ઉખેડી લઈને ઘસીને લીસું કે સુંવાળું બનાવવામાં આવે છે. જો રંગીન કાગળ બનાવવો હોય તો તેને જુદા જુદા રંગમાં રંગવામાં આવે છે. આ રીતે યંત્રથી મોટા જથ્થામાં કાગળ બની શકે છે.

હિંદુસ્તાનમાં અસલ હાથકાગળ બનાવવાનો મોટો ઉદ્યોગ હતો. તે પરદેશથી આવતા યંત્રના સસ્તા કાગળ સામે પડી ભાંગ્યો છે. હાથકાગળ બનાવવાની રીત ઘણી સાદી છે. આપણે ગૃહઉદ્યોગ તરીકે હાથકાગળ નીચે પ્રમાણે બનાવી શકીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ તો ચીથરાં કે જૂના કાગળોના ટુકડાઓને પાણીમાં થોડા દિવસ પલાળો રાખવાના હોય છે. પછી તેને ઘૂંટી કાઢીને તેનો ઝીણો નરમ માવો બનાવાય છે. એ માવાને સારી પેઠે તૈયાર કર્યા પછી પાણીમાં ઓગાળીને તેને પ્રવાહી બનાવાય છે. પ્રવાહીમાં તારની ઝીણી જાળી ડુબાડીને ઊંચકી લઈએ તો જાળી ઉપર એ માવાના પ્રવાહીનું એકસરખું પાતળું પડ જામી જાય છે. તેને હરવા દીધા પછી તેને દીવાલ ઉપર કે સ્લેટ જેવી સપાટી ઉપર ચોંટાડી દેવાય છે. એ પડ સુકાઈ જાય એટલે એનો ખરબચડો કાગળ બને છે. એ ખરબચડા કાગળને ઘસીને લીસો તથા સુંવાળો બનાવવામાં આવે છે. આ રીતે ગૃહઉદ્યોગ તરીકે હાથકાગળ પણ બનાવી શકાય છે.

કાગળના ઉપયોગ પ્રમાણે તેના જુદા જુદા પ્રકાર હોય છે. મોટે ભાગે છાપવા માટેના તથા લખવા માટેના કાગળ સફેદ હોય છે.

રમકડાં માટેના, ઘન્જવાવટા તથા તોરણ વગેરે શણગાર માટેના કાગળ રંગીન હોય છે. તે ઉપરાંત, પૂઠાં માટેના કાગળો જરૂર પ્રમાણે જાડા કે પાતળા, લીસા કે ખરબચડા, કઠણ કે વળે તેવા બનાવવામાં આવે છે.

આમ કાગળ દેખાય છે તો નજીવો, પણ આપણા જીવનમાં તેના ઉપયોગ તથા અસરની દૃષ્ટિએ એ મહત્ત્વનો ભાગ ભજવે છે.

મનોયત્ન : ૪૨

નીચેના વિષયો પર નિબંધ લખો—

૧. પગપાળા મુસાફરી
૨. હોળીનો તહેવાર
૩. મારું મનગમતું પંખી
૪. હોડીમાં મુસાફરી
૫. આપણો મદારી
૬. ઘોડાગાડી ને સાઇકલનો અકસ્માત
૭. દશેરાનો તહેવાર
૮. એક મેળાનું વર્ણન
૯. કાચની બનાવટ
૧૦. વર્ષાઋતુનું વર્ણન
૧૧. આદિવાસીઓના ગામમાં
૧૨. તમને આવેલું એક સ્વપ્ન
૧૩. દરિયાકિનારે સહેલ
૧૪. પાવાગઢનો પ્રવાસ
૧૫. ખેડૂતનું જીવન
૧૬. એક ઘોબીની આત્મકથા
૧૭. એક વડની આત્મકથા
૧૮. દાડિયાની આત્મકથા
૧૯. સિપાઈની આત્મકથા
૨૦. રેલવે–એંજિનની આત્મકથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૩

સારલેખન

કોઈ વાર્તા આપણે વાંચી હોય તેને મિત્રો આગળ ટૂંકમાં કહેવાનો કોઇ વાર પ્રસંગ આવે છે, તો કેટલીક વાર કોઇ મોટા માણસનું ભાષણ સાંભળ્યું હોય તેનો સારાંશ કહેવાની કે લખવાની ફરજ માથે આવી પડે છે. આવે સમયે આપણને જો મુખ્ય મુદ્દાઓ ઉપર ધ્યાન રાખવાની ટેવ ન હોય તો આપણને મૂંઝવણ ઊભી થાય છે. આવે વખતે ઘણા જણ મુખ્ય મુદ્દા પર ભાર મૂકવાને બદલે નજીવા મુદ્દાનું વર્ણન કરવામાં વખત લે છે, અને તેથી તેઓ કહેવાની હકીકત સાર રૂપે રજૂ કરી શકતા નથી. આથી ઊલટું, મુખ્ય મુદ્દા પર લક્ષ આપી સાંભળનારા કે વાંચનારા બહુ સહેલાઈથી સારનું કથન કે લેખન કરી શકે છે. આમ સાર ખેંચવાની પણ કળા છે.

સાર ખેંચવાનો મહાવરો વિદ્યાર્થીઓને માટે ખૂબ જ જરૂરી છે. એનાથી પદ્ધતિસરનું અને સમજપૂર્વક વાચન કરવાની ટેવ પડે છે. પરિણામે મુદ્દાસર, ટૂંકું અને સચોટ લખાણ લખવાની કળા પર કાબૂ આવે છે. આ દૃષ્ટિએ સારલેખન એ ભાષાશિક્ષણનું અગત્યનું અંગ છે.

સારલેખન વિષે સૂચનાઓ

(૧) આપેલા લખાણનું સમજપૂર્વક એક બે વખત વાચન કરવું.

(૨) વાંચતાં વાંચતાં મુખ્ય મુદ્દાઓ શોધી કાઢી તેની નોંધ કરવી.

(૩) મુખ્ય મુદ્દાઓ સ્પષ્ટ કરવાને માટે વપરાયેલી ઝીણી ઝીણી વીગતો છોડી દેવી. લાંબાં લાંબાં વર્ણનો, દૃષ્ટાંતો, આડકથાઓ છોડી દેવાં.

(૪) મુખ્ય મુદ્દાઓને આધારે પોતાની ભાષામાં ટૂંકું અને સ્વતંત્ર પણ સુસ્પષ્ટ લખાણ કરવું.

(૫) સારલેખનમાં કોઈ મુખ્ય મુદ્દો રહી ન જાય તે ધ્યાનમાં રાખવું.

નીચે સારલેખનમાં કેમ કરવું તેના નમૂના આપ્યા છે. મુદ્દાઓ શોધવા માટે કયા પ્રશ્નો પૂછ્યા છે અને મુદ્દાઓને સાંકળી લઈને સારલેખન કેવી રીતે કર્યું છે તે જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬]

કાશ્મીરનું સૌન્દર્ય એક વાર જોયું તો તે ભુલાય એવું નથી. એવી ન ભુલાય એવી કાશ્મીરની બીજી વસ્તુ તે ત્યાંની કડકડતી ઠંડી. એક વાર એ ઠંડી અનુભવી તો જિંદગીમાં કદી ભુલાય નહિ. ઠંડીનું જોર વધે કે ત્યાંના લોકો પટ્ટુના લાંબા ડગલા પહેરે છે. બાંય તો એવી રાખે કે તે આંગળાંને ઢાંકીને પણ છેક નીચે લબડતી રહે! હાથ બહાર રાખ્યો કે ઠંડીમાં જૂઠો થયો સમજવો. આથી ત્યાં છોકરાઓ ઠંડીમાં હાથ બહાર કાઢતા જ નથી. કંઈ ખાવાનું વેચાતું લે તો તે બાંયના છેડા પર જ લે, અને તેને બાંય વડે જ પકડે. કાશ્મીરના લોકોને આ ઠંડીની કંઈક ટેવ પણ ખરી, પણ બહારના મુસાફરોને તો એ ઠંડી વીંછીની માફક ડંખ મારે છે. આથી મુસાફરો નેતરની ટોપલીમાં એક ગરમ સગડી મૂકે છે, અને તેને ગળે બાંધે છે; પછી તેની ઉપર હાથ શેકે છે.

પ્રશ્નો

૧. કાશ્મીરની કઈ વસ્તુ યાદ રહી જાય તેવી છે?
૨. રક્ષણ માટે લોકો શું કરે છે?
૩. છોકરાઓ કેમ બાંયમાંથી હાથ કાઢતા નથી? તેઓ વસ્તુઓ કેવી રીતે લે છે?
૪. મુસાફરો ઠૂંઠું મેળવવા શું કરે છે?

મુદ્દાઓ

૧. કાશ્મીરનું સૌન્દર્ય તથા કડકડતી ઠંડી.
૨. રક્ષણ માટે પટ્ટુના લાંબા ડગલા.
૩. બાંયમાંથી હાથ કાઢે તો જૂઠો થઈ જાય. છોકરાઓ બાંયના છેડા પર ખાવાનું લે છે.
૪. મુસાફરો ઠંડીથી બચવા નેતરની ટોપલીમાં સગડી મૂકી ગળે બાંધી રાખે છે.

સાર

કાશ્મીરના સૌન્દર્ય ઉપરાંત તેની ઠંડી યાદ રહી જાય તેવી છે. કડકડતી ઠંડીથી બચવા લોકો પટ્ટુના લાંબા લાંબા ડગલા પહેરે છે. ઠંડીમાં હાથ બહાર કાઢે તો જૂઠો જ થઈ જાય, તેથી ત્યાંના છોકરાઓ તો બાંયની બહાર હાથ પણ કાઢતા નથી અને ખાવાનું બાંયના છેડા પર જ લે છે. ત્યાંના લોકો ઠંડીથી તો થોડા ટેવાયેલા હોય છે, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસાફરો તો આ ઠંડીથી બચવા પોતાને ગળે નેતરની ટોપલીમાં એક સગડી રાખે છે અને તેનાથી હૂંફ મેળવે છે.

[૨]

પુસ્તકાલયોમાં અને ન્યાયની કોર્ટો પાસે અવાજ ન કરવાનાં પાટિયાં ચોડેલાં હોય છે. ત્યાં અવાજ ન કરવો જોઈએ. પરંતુ એ સિવાય પણ સભામાં હોઈએ એટલી વાર બોલીને કે બીજી રીતે અવાજ ન કરવો જોઈએ. કોઈ પણ સભામાં ત્યાં વ્યાખ્યાન ચાલતું હોય કે પછી સંગીત ચાલતું હોય, પણ ત્યાં અંદર અંદર વાતો કરી અવાજ કરવો એ આખી સભાનું અપમાન કરવા બરાબર છે. તેજ પ્રમાણે થૂંકવાની મનાઈનાં પણ પાટિયાં મારેલાં હોય છે. તે સિવાય પણ ગમે ત્યાં થૂંકવાની મનાઈ સમજવી જોઈએ. થૂંકવાથી ક્ષય જેવા ભયંકર રોગો પ્રસરે છે. પણ તે ઉપરાંત થૂંકવું એ ગંદી ક્રિયા છે, તેથી ગંદવાડો થાય છે. આપણા દેશમાં લોકોને જાહેરમાં થૂંકવાની ટેવ પડી ગઈ છે. પાન ચાવીને તથા તમાકુ ખાઈને લોકો જ્યાં ત્યાં થૂંકે છે, તેથી મનાઈનાં પાટિયાં ચોડવાં પડે છે. નહિતર આવાં પાટિયાંની જરૂર ન હોવી જોઈએ. ન થૂંકવાની ટેવ માણસમાં સ્વાભાવિક રીતે જ આવી જવી જોઈએ. થૂંકવાની જરૂર જ પડે તો કોઈને દેખાય નહિ, અને કોઈને છાંટા ન ઊડે એવી રીતે એક બાજુ જઈને થૂંકી આવવું જોઈએ.

પ્રશ્નો	મુદ્દાઓ
૧. અવાજ ન કરવો એનાં પાટિયાં ક્યાં ક્યાં હોય છે ?	૧. પુસ્તકાલયો તથા કોર્ટો પાસે.
૨. બીજે ક્યાં અવાજ ન કરવો જોઈએ ? શા માટે ?	૨. સભામાં અવાજ કરવો એ સભાનું અપમાન કહેવાય.
૩. થૂંકવાની મનાઈનાં પાટિયાં શા માટે હોય છે ?	૩. થૂંકવાથી ક્ષય જેવા કેટલાક ચેપી રોગો ને ગંદકી ફેલાય છે.
૪. થૂંકવું હોય તો કેવી રીતે થૂંકવું ?	૪. કોઈને દેખાય નહિ – છાંટા ન ઊડે એવી રીતે થૂંકવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાર

પુસ્તકાલયો અને કોર્ટો પાસે અવાજ કરવો નહિ એવાં પાટિયાં હોય છે. આ સ્થળો ઉપરાંત સભામાં વાત કરી અવાજ કરવો ન જોઈએ. તેમ કરીએ તો સભાનું અપમાન ગણાય. આ રીતનાં જ થૂંકવાની મનાઈનાં પણ પાટિયાં હોય છે. થૂંકવાથી સમાજમાં ગંદકી અને ક્ષય જેવા રોગો ફેલાય છે. માણસે ન થૂંકવાની ટેવ કેળવવી જોઈએ. જો થૂંકવાની જરૂર જ પડે તો કોઈને છાંટા ન ઊડે એવી રીતે બાજુ પર થૂંકવું જોઈએ.

મનોયત્ન : ૪૩

નીચેના ફકરાઓનું સારલેખન કરો—

[૧]

જાપાનમાં બાળકને ઘણી સંભાળથી ઉછેરવામાં આવે છે. તેને તેઓ કદી ગુસ્સે કરતા નથી. એમનામાં એવી માન્યતા છે કે જે બાળક બહુ રમે છે અને હસે છે તે દીર્ઘાયુષી થાય છે. તેઓ હસતે ચહેરે જમે છે, રમે છે અને આનંદથી ઊછરે છે. આવા આનંદી સ્વભાવથી તેઓ હૃષ્ટપુષ્ટ દેખાય છે.

જાપાનની પ્રજા શિન્ટો તેમજ બૌદ્ધ ધર્મને માને છે. તેઓ રાજાને દેવ સમાન ગણે છે. રાજાનું મરણ થાય ત્યારે તેમની પાછળ સેમુરાઈ કુટુંબનો મોટામાં મોટો માણસ પોતાનો જીવ આપે છે. આ ક્રિયાને હારા-કિરી કહે છે. એનો અર્થ એ છે કે તે પોતાના પેટમાં તરવાર મારે છે, અને જીવ ગયા પહેલાં તરવાર પાછી ખેંચી લઈ ગળામાં મારે છે. આમ કરવાથી તે રાજાની સાથે સ્વર્ગે જાય છે એમ માને છે.

જાપાનની સ્થાનિક સ્વરાજની પદ્ધતિ દાખલો લેવા લાયક છે. દીવા-બત્તી અને રસ્તા સાફ રાખવાનું કામ લોકો કરી લે છે. પોતાનું આંગણું સાફ રાખવું અને રાત્રે તે પ્રકાશિત રાખવું એ દરેક કુટુંબની ફરજ છે. દુનિયામાં જાપાનના લોકો જેવા બીજા કોઈ વધારે સુઘડ અને સ્વચ્છ નથી.

[૨]

ઋષિમુનિઓ પાસે મોટા મોટા રાજકુમારોથી માંડીને ગરીબ બ્રાહ્મણોના છોકરાઓ જતા. આવા જ આશ્રમમાં સાંદીપનિ ઋષિની પાસે શ્રીકૃષ્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભણેલા, અને તેમની સાથે ગરીબ સુદામા પણ ભણેલા. અહીં રાજકુમારો અને બીજા તવંગર લોકોના પુત્રો પોતાનો ઊંચો દરજ્જો ભૂલી જતા, અને પોતાની સાથે આશ્રમમાં ભણતાં ગરીબ બાળકો સાથે મિત્રભાવે રહેતા. ગુરુ અને ગુરુપત્ની માટે જોઈતી સામગ્રી મેળવવા રાજકુમાર શ્રીકૃષ્ણ અને ગરીબ સુદામા બંને સાથે જંગલોમાં રખડતા. તેઓ લાકડાં વીણી લાવતા, જરૂર પડે લાકડાં કાપતા ને ફાડતા, ઝાડનાં ફળફળાદિ તોડતા અને પાણી પણ ભરતા. આ શિષ્યો અને ગુરુઓ વચ્ચે તેમજ શિષ્ય અને શિષ્ય વચ્ચે ગાઢ પ્રીતિ બંધાતી. આવી કેળવણી લેનાર યુવકમાંથી અહંકાર, મદ વગેરે દુર્ગુણો દૂર થતા. ખુલ્લામાં રહેવાથી તેમનાં શરીર ખડતલ થતાં, અને રોજ કુદરતની લીલાનું અવલોકન કરવાથી તેમનામાં કુદરત અને કુદરતના રચનાર પરમેશ્વર તરફ પ્રેમ અને ભક્તિભાવ ઉત્પન્ન થતા.

[૩]

તમારું ધોતિયું ભલે બારીક મલમલ જેવું ન હોય અને જાડું મિલનું કે ખાદીનું હોય, પણ દરરોજ ધોવાઈ સ્વચ્છ રહેતું હોય, શરીર પર મર્યાદાસર પહેરેલું હોય, પાટલી ચોપીને વાળેલી હોય, તો જયરપથર પહેરેલા, લબડતા હીરકોરી ધોતિયા કરતાં પણ બેમૂલ સમજજો. ચાઈના સિલ્કને બદલે જાડી ખાદી કે જીનનો ડગલો તમે પહેરતા હો, અરે ! તેના ખભા પર કે પીઠ પર બેકાદ બે થીંગડાં પણ ભલેને હોય, પણ દર બુધવારે અને રવિવારે તમારે હાથે પૈસાના સાબુ વડે કાળજીથી ધોતા હો, થીંગડાં બંધબેસતાં દીધાં હોય, અને શરીર પર બરાબર સુઘડતાથી સજીને પહેરતા હો, તો ખચીત માનજો કે કોઈ શ્રીમંતને પણ તમારા ડગલાની અદેખાઈ આવે. ધોબીનાં ધોયેલાં કપડાં અને દરજીનાં દીધેલાં થીંગડાં કરતાં તમારા હાથનાં ધોયેલાં ને થીંગડાં દીધેલાં કપડાં વધારે મીઠાં લાગશે, કારણ કે એ તમારી કાળજી અને સ્વાશ્રયથી દીપી રહેલાં હશે.

[૪]

મુસાફરી આગળ વધી. હવે ઉપર આભ અને નીચે પાણી સિવાય કંઈ જ દેખાવા લાગ્યું નહિ. કોલંબસના સાથીઓ અધીરા થઈ ગયા, અને કોલંબસે મોટી મોટી વાતો કરી એમને ફસાવ્યા એવો આક્ષેપ કરવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોલંબસ બાહોશ વહાણવટી હતો, અને તેથી આવા માણસોને કેમ કબજે રાખવા તેની કળામાં પાવરધો હતો. તેણે એ બધાને સમજાવી, પટાવી, ધમકાવીને કબજે પણ રાખ્યા. પરંતુ એ કયાં સુધી ચાલે? બલાસીઓ દિવસો જતાં એટલા બધા કંટાળી ગયા કે કોલંબસને દરિયામાં ફેંકી દેવાના વિચાર સુધ્ધાં પર આવ્યા. પણ કોલંબસ વિના મૂળ વતનમાં પાછા ફરાય એમ પણ ન હતું. વળી કોલંબસે ત્રણ દિવસ ધીરજ ધરવા કહ્યું. જો ત્રણ દિવસમાં જમીન ન દેખાય તો પાછા ફરીશું એવું વચન આપ્યું. વહાણ આગળ વધતું રહ્યું, અને ઈશ્વરકૃપાથી જમીન પાસે હોવાનાં સ્પષ્ટ ચિહ્નો દેખાવા લાગ્યાં. પાણી માપવાની દોરી જમીનને તળિયે અડી; પક્ષીઓનાં ટોળેટોળાં નજરે પડ્યાં. વળી એક કોતરકામ-વાળું લાકડું હાથ આવ્યું. જમીનની આશા પડી, એટલે આંખનું મટકું માર્યા વિના બધા લાંબી નજરે તૂતક પર બેસી રહ્યા.

[૫]

ખરા પરોપકારી માણસને હું પરોપકાર કરું છું એવું લક્ષમાં પણ હોતું નથી. પરોપકાર કરવામાં આપણે કોઈની ઉપર મહેરબાની કરીએ છીએ એવું સમજવું નહિ, કેમકે પરોપકાર કરવો એ તો આપણી એક ફરજ છે. દુનિયામાં એવી કોઈ પણ વસ્તુ નથી કે જેના પર હક કરીને માણસ કહી શકે કે આ વસ્તુ મારી જ છે. પ્રભુ પાસેથી કે પ્રભુએ સર્જેલા વિશ્વ પાસેથી આપણે બધી વસ્તુ પામીએ છીએ. એ મળેલી વસ્તુ જો આપણે કોઈને આપીએ તો તેમાં આપણે કંઈ પાડ કરતા નથી. અગાઉના લોકોએ પૈસા કમાવાના રસ્તા શોધી મૂક્યા છે, તેથી જ આપણે ખેતી, હુન્નર કે વેપાર કરી પૈસા સહેલાઈથી કમાઈ એ છીએ. બીજાઓએ ભાષા તથા લખવા-વાંચવાનાં સાધનો તૈયાર કરી રાખ્યાં છે, તેથી જ આપણને વિદ્યા પ્રાપ્ત કરવી સહેલી પડે છે. આથી આપણે એ મનમાં બરાબર ઠસાવવું જોઈએ કે આપણી જાત અને આપણો પૈસો આપણને પ્રભુની સૃષ્ટિ થકી મળ્યાં છે, એટલે એનો જગતના કલ્યાણ માટે ઉપયોગ કરવો એ આપણો ધર્મ છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૪

વિચારવિસ્તાર

કેટલીક વાર લેખકો કે વિચારકો પોતાને જે કહેવાનું હોય છે તે લંબાણપૂર્વક વિસ્તારીને ન કહેતાં, બહુ થોડા શબ્દોમાં કે સૂત્ર રૂપે કહે છે. એ સૂત્રમાં કહેલો વિચાર, રહસ્ય કે સિદ્ધાંત બીજાઓને સમજાવવા માટે, આ સૂત્રના અર્થને વિસ્તારપૂર્વક સમજાવવો પડે છે. એ સૂત્રને સમજાવવા માટે દાખલાઓ કે દલીલોનો ઉપયોગ પણ કરવામાં આવે છે. આ રીતે સૂત્રાત્મક લખાણને સ્પષ્ટ રીતે સમજાવવા માટે જે લખાણ કરીએ તેને વિચારવિસ્તાર કહે છે.

સૂત્રનો કે સૂત્ર સમાન કાવ્યપંક્તિનો વિચારવિસ્તાર કેમ કરવો તે નીચે બતાવ્યું છે.

નીચે જણાવેલી સૂચનાઓ વિચારવિસ્તાર કરનારને ઉપયોગી થઈ પડશે.

(૧) વાક્યમાં રહેલા મુખ્ય વિચારને શોધી કાઢી તેના અર્થને સ્પષ્ટ રીતે સમજાવવો જોઈએ.

(૨) વાક્યમાં જે વિચારને સૂત્ર રૂપે ટૂંકાણમાં જણાવ્યો હોય છે, તેને લંબાણથી સમજાવવાનો હોય છે.

(૩) દાખલાઓ કે સરખામણી વગેરેનો ઉપયોગ કરી વિચારોની યોગ્ય છણાવટ કરવી જોઈએ.

(૪) નીચે વિચારવિસ્તાર કેમ કરવો તે દાખલાઓ આપી બતાવ્યું છે. વિચારવિસ્તારમાં વધારા પડતું લખાણ ન થાય તે જોવું.

[૧]

સદ્‌વિદ્યા આગળ ધન કશું, વિદ્યાહીન જન તે પશુ.

[શામળ ભટ્ટ]

લોકોમાં જેટલી આબરૂ પૈસાદારની ગણાય છે તેટલી વિદ્વાન પણ ગરીબ એવા માણસની ગણાતી નથી. આ દૃષ્ટિ ખોટી છે, કેમકે ધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોરાઈ જાય છે પણ વિદ્યા ચોરાતી નથી. ધન વપરાતાં ધન ખૂટી જાય છે, પણ વિદ્યા જેમ વપરાય તેમ વધે છે. વળી ધનવાન માણસ અજ્ઞાન હોય તો તે પશુના જેવું અસંસ્કારી વર્તન કરે છે, પણ વિદ્યાવાળો વિદ્યાને કારણે સંસ્કારી વર્તન કરે છે. આમ સાચી વિદ્યા આગળ ધનની કશી કિંમત નથી, અને તેથી વિદ્યા વગરનાને પશુ જેવો કહ્યો છે.

[૨]

નમતાથી લોકો રીઝે, નમતાને બહુ માન;
સાગરને નદીઓ ભજે, છોડી ઊંચાં સ્થાન.

નમ્રતા કે વિનય એ મોટો સદ્‌ગુણ છે. જે બીજાને નમતો જાય છે તે સૌને પ્રિય થઈ પડે છે. જે માણસ અભિમાની હોય તે અન્યને અકારો થાય છે. અભિમાની માણસ એકલો, અટૂલો, ડુંગર ઉપર ઊભેલા માણસ જેવો હોય છે. પરંતુ વિનયી માણસ બધા સાથે હળીમળી જાય છે, અને તેને તેની નમ્રતાને માટે લોકો માન પણ આપે છે. નદી ડુંગરોમાંથી નીકળે છે તેથી તેનું સ્થાન દરિયા કરતાં ઊંચું હોય છે, છતાં તે નમ્ર થઈને સાગરને જઈને મળે છે. સાગર મહાન હોવા છતાં સૌથી નીચે સ્થાને બેઠો છે, તેથી નદી પણ તેને માન આપીને તેને મળવા દોડે છે.

મનોયત્ન : ૪૪

નીચે આપેલાં સૂત્રોમાં કે કડીમાં રહેલા વિચારને વિસ્તારપૂર્વક લખો—

૧. વિના સહકાર નહિ ઉદ્ધાર.
૨. ઝાઝા હાથ રળિયામણા.
૩. બાપ તેવા બેટા, વડ તેવા ટેટા.
૪. પારકી આશ સદા નિરાશ.
૫. કહેવત છે કે સંપ ત્યાં જંપ.
૬. તે જ મોટો જાણવો જે નિત પરઉપકારી છે.
૭. આડો બોદે તે પડે અને કરે તેવું ભોગવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. પાપનો ઘડો ફૂટ્યા વિના રહેતો નથી.

૯. દૂધનો દાઝેલો છાશ ફૂંકી ફૂંકીને પીએ.

૧૦. ભીખની હાંલ્લી સીંકે ન ચડે.

૧૧. તલવારના ઘા રુઝાય છે, વાણીના ઘા રુઝાતા નથી.

૧૨. હંસની ચાલ ચાલવા જતાં કાગડો પોતાની ચાલ ભૂલે છે.

૧૩. લેવી નાના પાસથી પણ, ચાતુરીની વારતા;
પતે કજિયો ઘેરમેળે, કાજી પાસે ના જતા.

૧૪. જે ઊગ્યું તે આથમે, ફૂલ્યું તે કરમાય;
એહ નિયમ અવિનાશનો, જે જાયું તે જાય.

૧૫. સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણ,
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.

૧૬. હિત કહ્યું સુણે ન કંઈ તે, બધિર સરખો જાણવો;
થાય સ્વાધીન ક્રોધને તે, આંધળા સમ માનવો.

૧૭. ગરીબ કોને જોઈ તેનો, અનાદર કરવો નહિ;
કોઈ કાળે આપણી પણ, રે! દશા તેવી સહી.

૧૮. વદવું વચન વિચારથી, અણવિચારથી એક;
કહેવું નહિ દલપત કહે, છૂટી જીભે છેક.

૧૯. સપૂત તે કહેવાય, જે સ્વજનને સુખ આપે;
સપૂત તે કહેવાય, જે દીનનાં દુઃખડાં કાપે.

૨૦. સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં.

૨૧. સુખ-સમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી;
સુખદુઃખ સદા ટકતાં નથી, એ નીતિ ઉર ઉતારવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૫

રૂઢ પ્રયોગો અને કહેવતો

ભાષામાં પ્રત્યેક શબ્દનો સામાન્ય અર્થ એટલે કે વાચ્યાર્થ હોય છે. દા. ત. ઘડો હાથમાંથી પડીને ફૂટી ગયો. અહીં ઘડો એટલે પાણીનું વાસણ ફૂટી ગયું એવો અર્થ છે. નીચેના વાક્યમાં એજ શબ્દો રૂઢ પ્રયોગ તરીકે વપરાયા છે. દા. ત. તેના પાપનો ઘડો ફૂટી ગયો. અહીં તેનું પાપ બહાર પડી ગયું એવો અર્થ વાક્યના સંબંધે થાય છે. આમ 'ઘડો ફૂટી જવો' એ શબ્દસમૂહનો અર્થ ખુલ્લું થવું કે બહાર પડી જવું એવો રૂઢિથી માન્ય થયેલો છે. નીચે કેટલાક રૂઢ પ્રયોગો તેના અર્થ સહિત આપ્યા છે.

અભ્યાસ

૧. આ બાબતથી મેં હાથ ધોઈ નાખ્યા છે. મને હવે પૂછીશ નહિ. [મારે એ બાબત સાથે હવે લેવાદેવા નથી.]

૨. પોતાના કાકા સાથે લડીને તેણે પોતાના પગ પર કુહાડો માર્યો છે. [પોતાના હિતને નુકસાન કર્યું છે.]

૩. સાચો ક્ષત્રિય કદી પીઠ બતાવતો નથી.
[રણમાંથી કદી નાસી જતો નથી.]

૪. આજકાલ એનો ચઢતો સિતારો છે. [એનું નસીબ જોર કરે છે.]

૫. અપમાનથી લાગી આવ્યું પણ તે ગમ ખાઈ ગયો.
[ગુસ્સો કે દુઃખ દબાવી રાખ્યું.]

૬. એ તો બંને એકના એક છે. કાંઈ ડાંગે માર્યાં પાણી છૂટાં પડે ?
[અંતરનો સંબંધ ગાઢ હોય ત્યાં ભેદ પાડી શકાતો નથી.]

૭. ચાલતાં વા સાથે લડે એવો એ છે.
[ગમે તેની સાથે ઝઘડી પડે એવો છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. શત્રુને **ઊગતો ડામવો જોઈએ**
[શરૂઆતથી શત્રુની શક્તિ હણી નાખવી જોઈએ.]

૯. આ બાબતનો **ઘડો લાડવો કર્યે જ છૂટકો.**
[ગમે તે નિકાલ કર્યે જ છૂટકો.]

૧૦. બહારવટિયાઓ **આથું હાથમાં લઈને ફરે છે.**
[જીવ સટોસટનું કામ કરે છે.]

૧૧. હવે **તલવારે મ્યાન કરવાનો** સમય આવી ગયો છે.
[સુલેહશાંતિ સ્થાપવાનો.]

૧૨. આ ધંધામાં તેને **ગાંઠનું ગોપીચંદન કરવું પડ્યું.**
[નફો તો ન મળ્યો, પણ ઊલટી ખોટ ગઈ.]

૧૩. આ તો **ચોર કોટવાળને દંડે તેવું થયું.**
[ગુનેગાર નિર્દોષને ગળે પડે તેવું.]

૧૪. મિથ્યાભિમાની લોકો **પોતાનાં બણગાં ફૂંકતાં** થાકતા નથી.
[પોતાની મોટાઈનાં વખાણ કરતાં.]

૧૫. કેટલાકનો સ્વભાવ **દૂધમાંથી પોરા કાઢવાનો** હોય છે.
[ઝીણી ઝીણી બાબતમાં ચૂંથણાં કરવાનો.]

૧૬. તું એને એકલાને જ કેમ દોષ દે છે? **બે હાથ વિના તાળી પડે જ નહિ.** [બંનેના થોડા ઘણા વાંક વિના લડાઈ થાય નહિ.]

૧૭. બાપરે ઈબ્રાહીમ લોદીનું **પાણી જોતજોતામાં ઉતારી નાખ્યું.**
[ગર્વ તોડી નાખી હાર આપી.]

૧૮. **જાગતો ઊંઘે તેને કોણ ઉઠાડી શકે?**
[જાણી જોઈને કામ ન કરે તેની પાસે કોણ કરાવી શકે?]

૧૯. તું અત્યારે ક્યાંથી આવ્યો? આ તો **ગ્રહણ વખતે સાપ કાઢ્યો!**
[કવખતે કામ કાઢ્યું.]

૨૦. બાળકને મોટા માણસનું કામ સોંપવું એ **સોય પાસે સાપ મરાવવા** જેવું છે. [લાયકાત વગરનાને કામ સોંપવા જેવું છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧. ખુશામતખોરો **જેની ઘંટીએ બેસે તેનાં ગીત ગાય છે.**
[જેનાથી લાભ થાય તેનાં વખાણ કરે છે.]

૨૨. તે દુષ્ટને છેવટે **હાથનાં કર્યાં હૈયે વાગ્યાં.**
[પારકાનું બૂરું કરવા જતાં પોતાનું બૂરું થયું.]

૨૩. મૂર્ખને શિખામણ દેવી એ **ભેંસ આગળ ભાગવત જેવું છે.**
[અક્કલ વગરના પાસે જ્ઞાનની વાત કરવા જેવું.]

૨૪. સ્વાર્થી લોકો **પારકા છોકરાને જતી કરવા** નીકળે છે.
[પોતાનો સ્વાર્થ સંભાળી, બીજાનું ભલું કરવાનો ડોળ કરી તેને નુકસાનના ખાડામાં ઉતારે છે.]

૨૫. તમે જીતશો એમ માનવામાં **તમે બાંડ ખાઓ છો.**
[તમે અભિમાનથી ખોટી આશા સેવો છો.]

૨૬. થોડી આવકમાં **તેનાં બંને પાસાંનો મેળ મળતો નથી.**
[તેની આવક કરતાં તેનું ખરચ વધી જાય છે.]

૨૭. એ ભલા માણસ પાસે વારંવાર મદદ માગીને **મીઠા ઝાડનાં મૂળ ના ઉખેડો.** [એની ભલાઈનો દુરુપયોગ ના કરો.]

૨૮. ડાહ્યા માણસો **પાણી પહેલાં પાળ બાંધે** છે. [અગમચેતી રાખીને ભવિષ્યમાં આવતી મુશ્કેલીની તૈયારી કરી રાખે છે.]

થોડીક કહેવતો

આપણે ઘણી વાર આપણી ભાષામાં રૂઢ થઈ ગયેલી કહેવતો સાંભળીએ છીએ. એ કહેવતો ટૂંકી હોવા છતાં, એના મૂળમાં અહોળો અનુભવ અને ડહાપણ રહેલાં હોય છે. ડાહ્યા માણસોએ પોતાના અનુભવનો સાર એવી સરસ રીતે એમાં સૂત્ર રૂપે મૂક્યો હોય છે કે તે સૈકાંઓ સુધી પ્રચારમાં રહે છે. દલીલ વખતે કે સામાન્ય વ્યવહારમાં કોઈ સિદ્ધાંતને આપણે અસરકારક રીતે રજૂ કરવો હોય, ત્યારે આપણને એ કહેવતો ખૂબ કામ લાગે છે. નીચે એવી એક કહેવતનો અર્થ સમજાવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધૂરો ઘડો છલકાય ઘણો.

ઘડો જ્યારે આખો ભરેલો હોય છે ત્યારે આમતેમ ખસેડતાં કે માથે મૂકીને લઈ જતાં તે છલકાતો નથી. પરંતુ એજ ઘડામાં પાણી જો અધૂરું હોય તો તેને ખસેડતાં તેમાંનું પાણી હાલી ઊઠે છે, અને વધારે હાલતાં છલકાઈ જાય છે. એજ રીતે જેનું જ્ઞાન કે અનુભવ પૂર્ણ નથી, તે વાતવાતમાં જ્ઞાનનો મોટો ડોળ કરે છે અને મિથ્યાભિમાનનું પ્રદર્શન કરે છે. એથી ઊલટું, ભરેલો ઘડો જેમ છલકાતો નથી, તેમ જ્ઞાની નમ્ર હોય છે.

નીચે કેટલીક સુંદર કહેવતો આપી છે. તે શિક્ષકે વિદ્યાર્થીઓને વિસ્તારપૂર્વક સમજાવવી.

૧. ઉતાવળે આંબા ન પાકે.

૨. હિંમતે મરદા તો મદદે ખુદા.

૩. એક મરણિયો સોને ભારી.

૪. ગરજ સરી એટલે વૈદ વેરી.

૫. અતિ લોભ તે પાપનું મૂળ.

૬. ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.

૭. આંધળામાં કાણો રાજા.

૮. બે હાથ વિના તાળી ન પડે.

૯. ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર.

૧૦. નામ મોટાં, ને દર્શન ખોટાં.

૧૧. આપ ભલા તો જગ ભલા.

૧૨. ટીપે ટીપે સરોવર ભરાય.

૧૩. નવી નવરંગી નવ દહાડા.

૧૪. એક પંથ દો કાજ.

૧૫. જેવો દેશ તેવો વેશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. કરણી તેવી ભરણી.
૧૭. જેને રામ રાખે, તેને કોણ ચાખે ? (મારે ?)
૧૮. બોલે તેનાં બોર વેચાય.
૧૯. ભસતા કૂતરા કરડે નહિ અને ગાજ્યા મેહ વરસે નહિ
૨૦. મન ચંગા તો કથરોટમાં ગંગા.
૨૧. દીવા તળે અંધારું.
૨૨. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે, ત્યારે મોં ધોવા ન જવું.
૨૩. ઘરનાં છોકરાં ધંટી ચાટે, અને ઉપાધ્યાયને આટો.
૨૪. દૂધનો દાઝેલો છાશ ફૂંકીને પીએ.
૨૫. ડુંગર દૂરથી રળિયામણા.
૨૬. સુથારનું મન બાવળિયે.
૨૭. સો દહાડા સાસુના, તો એક દહાડો વહુનો.
૨૮. લાગ્યું તો તીર, નહિ તો તુક્કો.
૨૯. ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો.
૩૦. નગારામાં પિપૂડીનો અવાજ.
૩૧ પેટ કરાવે વેઠ.
૩૨. પાણી પહેલાં પાળ બાંધો.
૩૩. જેવું હૈયે તેવું હોઠે.
૩૪. મુખમેં રામ, બગલમેં છૂરી.
૩૫. આભ ફાટે ત્યાં થીંગડું ક્યાં દેવાય ?
૩૬. પાણીમાં રહેવું ને મગર સાથે વેર.
૩૭. દગો કોઈનો સગો નહિ.
૩૮. સબસે બડી ચૂપ.
૩૯. જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ · નાણાવટ · સૂરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar